### જાવકપૂર્તિ કેન્દ્રીય વસેકનું ખાતું

ઉધાર જમા

| તારીખ | વિગત | નો. પા. | રકમ (₹) | તારીખ | વિગત | નો. પા. | રકમ (₹) |
|---|---|---|---|---|---|---|---|
| 30-4-19 | પરચૂરણ દેવાદારો ખાતે (વેચાણમાલપરત નોંધ મુજબ) | | 1746 | 30-4-19 | પરચૂરણ દેવાદારો ખાતે (વેચાણનોંધ મુજબ) | | 4284 |

### જાવકપૂર્તિ રાજ્ય વસેકનું ખાતું

ઉધાર જમા

| તારીખ | વિગત | નો. પા. | રકમ (₹) | તારીખ | વિગત | નો. પા. | રકમ (₹) |
|---|---|---|---|---|---|---|---|
| 30-4-19 | પરચૂરણ દેવાદારો ખાતે (વેચાણમાલપરત નોંધ મુજબ) | | 1746 | 30-4-19 | પરચૂરણ દેવાદારો ખાતે (વેચાણનોંધ મુજબ) | | 4284 |

### જાવકપૂર્તિ સંકલિત વસેકનું ખાતું

ઉધાર જમા

| તારીખ | વિગત | નો. પા. | રકમ (₹) | તારીખ | વિગત | નો. પા. | રકમ (₹) |
|---|---|---|---|---|---|---|---|
| | | | | 30-4-19 | પરચૂરણ દેવાદારો ખાતે (વેચાણનોંધ મુજબ) | | 4995 |

### રેલવેનૂરનું ખાતું (ખરીદ અંગે)

ઉધાર જમા

| તારીખ | વિગત | નો. પા. | રકમ (₹) | તારીખ | વિગત | નો. પા. | રકમ (₹) |
|---|---|---|---|---|---|---|---|
| 30-4-19 | પરચૂરણ લેણદારો ખાતે (ખરીદનોંધ મુજબ) | | 2000 | 30-4-19 | પરચૂરણ લેણદારો ખાતે (ખરીદમાલપરત નોંધ મુજબ) | | 120 |

### રેલવેનૂરનું ખાતું (વેચાણ અંગે)

ઉધાર જમા

| તારીખ | વિગત | નો. પા. | રકમ (₹) | તારીખ | વિગત | નો. પા. | રકમ (₹) |
|---|---|---|---|---|---|---|---|
| 30-4-19 | પરચૂરણ દેવાદારો ખાતે (વેચાણમાલપરત નોંધ મુજબ) | | 300 | 30-4-19 | પરચૂરણ દેવાદારો ખાતે (વેચાણનોંધ મુજબ) | | 1700 |

### મજૂરીનું ખાતું (ખરીદી અંગે)

ઉધાર જમા

| તારીખ | વિગત | નો. પા. | રકમ (₹) | તારીખ | વિગત | નો. પા. | રકમ (₹) |
|---|---|---|---|---|---|---|---|
| 30-4-19 | પરચૂરણ લેણદારો ખાતે (ખરીદનોંધ મુજબ) | | 150 | 30-4-19 | પરચૂરણ લેણદારો ખાતે (ખરીદમાલપરત નોંધ મુજબ) | | 30 |

### મજૂરીનું ખાતું (વેચાણ અંગે)

ઉધાર જમા

| તારીખ | વિગત | નો. પા. | રકમ (₹) | તારીખ | વિગત | નો. પા. | રકમ (₹) |
|---|---|---|---|---|---|---|---|
| 30-4-19 | પરચૂરણ દેવાદારો ખાતે (વેચાણ માલપરત નોંધ મુજબ) | | 100 | 30-4-19 | પરચૂરણ દેવાદારો ખાતે (વેચાણનોંધ મુજબ) | | 450 |

**નોંધ :** અહીં વસેક, રેલવેનૂર અને મજૂરી ખર્ચનાં બે અલગ અલગ ખાતા બનાવેલ છે. કારણ કે ખરીદનોંધમાં દર્શાવેલ ખર્ચાઓ એ ધંધાના ખરીદીને લગતા ખર્ચાઓ છે. તેથી તેની રકમ જે-તે ખર્ચ ખાતે ઉધાર થાય છે અને ખરીદમાલપરત નોંધમાં ખર્ચની રકમ જે-તે ખર્ચ ખાતે જમા થશે. જ્યારે વેચાણનોંધમાં દર્શાવેલ ખર્ચાઓ એ ધંધાના ખર્ચા નથી; પરંતુ આ રકમ ધંધાના માલિક (વેપારી) માટે ચૂકવવાપાત્ર રકમ એટલે કે જવાબદારી છે. અને તેથી આવા ખર્ચની રકમ જે-તે ખર્ચ ખાતે જમા કરેલ છે. આવા ખર્ચની રકમ ગ્રાહક પાસેથી વસૂલ કરી અન્ય વ્યક્તિને ચૂકવવાની હોય છે. દા.ત., વસેક સરકારને, રેલવેનૂર રેલવેને, મજૂરી જેણે કામ કર્યું છે તેને. વેચાણમાલ પરતના સંજોગોમાં આવા ખર્ચની રકમ જે-તે ખર્ચ ખાતે ઉધાર થાય છે.

**રોકડમેળની ખતવણી :** પેટાનોંધનો એક અગત્યનો પ્રકાર રોકડમેળ છે. વેપારી પોતાની જરૂરિયાત મુજબ સાદો રોકડમેળ અથવા બે ખાનાંવાળો રોકડમેળ અથવા ત્રણ ખાનાંવાળો રોકડમેળ અને પેટા રોકડમેળ રાખે છે. અહીં આપણે ત્રણ ખાનાંવાળા રોકડમેળનું ઉદાહરણ લઈને તેની ખતવણીની પ્રક્રિયા સમજીએ.

**ઉદાહરણ 8 :** નીચે આપેલ વ્યવહારોના આધારે શેઠના સ્ટેશનરી માર્ટનો ત્રણ ખાનાંવાળો અઠવાડિક રોકડમેળ તૈયાર કરી તેની ખાતાવહીમાં ખતવણી કરો.

2016

માર્ચ 1 શરૂઆતની રોકડસિલક ₹ 18,600, બૅન્કસિલક ₹ 62,000

2 પગાર ₹ 6000 ચૂકવ્યો. વીજળીબિલ ₹ 1200 ચૂકવ્યું.

4 દુકાનખર્ચ માટે બૅન્કમાંથી ₹ 10,000 ઉપાડ્યા.

5 શાહ બ્રધર્સને ₹ 8200ના દેવા પેટે ₹ 8000નો ચેક આપી ખાતું ચૂકતે કર્યું.

6 કેમલિન કંપની પાસેથી ₹ 2500 કમિશન પેટે રોકડા મળ્યા.

7 ડિસોઝા પાસેથી ₹ 2550ના લેણા પેટે ચૂકતે હિસાબે ₹ 2500નો ચેક મળ્યો જે બૅન્કમાં ભર્યો.

7 ઘરખર્ચ માટે ધંધામાંથી ₹ 5000 ઉપાડ્યા.

### શેઠના સ્ટેશનરી માર્ટનો ત્રણ ખાનાંવાળો રોકડમેળ

**ઉધાર** **જમા**

| તારીખ | વિગત (આય) | પ હોં. નં. | ખા. પા. | આપેલ વટાવ (₹) | રોકડ રકમ (₹) | બૅન્ક રકમ (₹) | તારીખ | વિગત (વ્યય) | વા ઉ. નં. | ખા. પા. | મળેલ વટાવ (₹) | રોકડ રકમ (₹) | બૅન્ક રકમ (₹) |
|---|---|---|---|---|---|---|---|---|---|---|---|---|---|
| 2016 | | | | | | | 2016 | | | | | | |
| માર્ચ 1 | બાકી આગળ લાવ્યા | | | – | 18,600 | 62,000 | માર્ચ 2 | પગાર ખાતે | | | – | 6000 | – |
| | | | | | | | 2 | વીજળી ખર્ચ ખાતે | | | – | 1200 | – |
| 4 | બૅન્ક ખાતે | | જ.ખ. | – | 10,000 | – | 4 | રોકડ ખાતે | | જ.ખ. | – | – | 10,000 |
| 6 | કમિશન ખાતે | | | – | 2500 | – | 5 | શાહ બ્રધર્સ ખાતે | | | 200 | – | 8000 |
| 7 | ડિસોઝા ખાતે | | | 50 | – | 2500 | 7 | ઉપાડ ખાતે | | | – | 5000 | – |
| | | | | | | | 7 | બાકી આગળ લઈ ગયા. | | | – | 18,900 | 46,500 |
| | | | | 50 | 31,100 | 64,500 | | | | | 200 | 31,100 | 64,500 |

## શેઠના સ્ટેશનરી માર્ટની ખાતાવહી

### પગારનું ખાતું

ઉધાર જમા

| તારીખ | વિગત | નો. પા. | રકમ (₹) | તારીખ | વિગત | નો. પા. | રકમ (₹) |
|---|---|---|---|---|---|---|---|
| 2-3-16 | રોકડ ખાતે | | 6000 | | | | |

### વીજળી ખર્ચનું ખાતું

ઉધાર જમા

| તારીખ | વિગત | નો. પા. | રકમ (₹) | તારીખ | વિગત | નો. પા. | રકમ (₹) |
|---|---|---|---|---|---|---|---|
| 2-3-16 | રોકડ ખાતે | | 1200 | | | | |

### શાહ બ્રધર્સનું ખાતું

ઉધાર જમા

| તારીખ | વિગત | નો. પા. | રકમ (₹) | તારીખ | વિગત | નો. પા. | રકમ (₹) |
|---|---|---|---|---|---|---|---|
| 5-3-16 | બૅન્ક ખાતે | | 8000 | 1-3-16 | બાકી આગળ લાવ્યા | | 8200 |
| 5-3-16 | વટાવ ખાતે | | 200 | | | | |
| | | | 8200 | | | | 8200 |

### કમિશનનું ખાતું

ઉધાર જમા

| તારીખ | વિગત | નો. પા. | રકમ (₹) | તારીખ | વિગત | નો. પા. | રકમ (₹) |
|---|---|---|---|---|---|---|---|
| | | | | 6-3-16 | રોકડ ખાતે | | 2500 |

### ડિસોઝાનું ખાતું

ઉધાર જમા

| તારીખ | વિગત | નો. પા. | રકમ (₹) | તારીખ | વિગત | નો. પા. | રકમ (₹) |
|---|---|---|---|---|---|---|---|
| 1-3-16 | બાકી આગળ લાવ્યા | | 2550 | 7-3-16 | બૅન્ક ખાતે | | 2500 |
| | | | | 7-3-16 | વટાવ ખાતે | | 50 |
| | | | 2550 | | | | 2550 |

### ઉપાડનું ખાતું

ઉધાર જમા

| તારીખ | વિગત | નો. પા. | રકમ (₹) | તારીખ | વિગત | નો. પા. | રકમ (₹) |
|---|---|---|---|---|---|---|---|
| 7-3-16 | રોકડ ખાતે | | 5000 | | | | |

### આપેલ વટાવનું ખાતું

ઉધાર જમા

| તારીખ | વિગત | નો. પા. | રકમ (₹) | તારીખ | વિગત | નો. પા. | રકમ (₹) |
|---|---|---|---|---|---|---|---|
| 7-3-16 | કુલ આપેલ વટાવ (રોકડમેળ મુજબ) | | 50 | | | | |

### મળેલ વટાવનું ખાતું

ઉધાર જમા

| તારીખ | વિગત | નો. પા. | રકમ (₹) | તારીખ | વિગત | નો. પા. | રકમ (₹) |
|---|---|---|---|---|---|---|---|
| | | | | 7-3-16 | કુલ મળેલ વટાવ (રોકડમેળ મુજબ) | | 200 |

**નોંધ :** (1) જ્યારે ત્રણ ખાનાંવાળો રોકડમેળ બનાવવામાં આવે ત્યારે ખાતાવહીમાં રોકડ ખાતું અને બૅન્ક ખાતું અલગ તૈયાર કરવામાં આવતું નથી. અહીં રોકડમેળમાં રોકડનું ખાનું રોકડ ખાતાની અને બૅન્કનું ખાનું બૅન્ક ખાતાની ગરજ સારે છે.

(2) વટાવનાં ખાતા વ્યવહારોના આધારે આપેલ વટાવ ખાતું અને મળેલ વટાવ ખાતું એમ બે અલગ ખાતા તૈયાર કરવામાં આવે છે. આપેલ વટાવના ખાતામાં રોકડમેળની આય (ઉધાર) બાજુના વટાવનાં ખાનાની રકમનો સરવાળો દર્શાવવામાં આવે છે. જ્યારે મળેલ વટાવના ખાતામાં રોકડમેળની વ્યય (જમા) બાજુના વટાવનાં ખાનાની રકમોનો સરવાળો દર્શાવવામાં આવે છે.

સાદો રોકડમેળ અને બે ખાનાંવાળા રોકડમેળની ખતવણી ત્રણ ખાનાંવાળા રોકડમેળની જેમ જ ખાતાવહીમાં જરૂરી ખાતાઓ તૈયાર કરી કરવામાં આવે છે.

**પેટા રોકડમેળ અને તેની ખતવણી :** મોટા વેપારીઓ (અમુક ધંધામાં) નાના અને પરચૂરણ ખર્ચાઓની ચુકવણી માટે પેટા રોકડમેળ રાખે છે. પેટા રોકડમેળની ખતવણી પ્રક્રિયા સમજવા આપણે નીચેનું ઉદાહરણ જોઈશું.

**ઉદાહરણ 9 :** નીચે આપેલ વ્યવહારોને આધારે પાવન બ્રધર્સનો અઠવાડિક પેટા રોકડમેળ તૈયાર કરો અને તેની ખાતાવહીમાં જરૂરી ખાતાઓ તૈયાર કરી ખતવણી કરો.

2016

જૂન 1 પેટા કૅશિયર ટીના પાસે સિલક ₹ 3000 હતી.

1 ચીફ એકાઉન્ટન્ટે ટીનાને ₹ 2000 આપ્યા.

2 મજૂરી ₹ 600 ચૂકવી. સ્ટેશનરી પેટે ₹ 450 ચૂકવ્યા.

3 લારીભાડાના ₹ 400 ચૂકવ્યા.

4 પોસ્ટ ઑફિસમાંથી ₹ 250ની ટપાલટિકિટો ખરીદી.

5 ઑફિસના કર્મચારી કિરીટભાઈને ₹ 1200 આપ્યા.

જવાબ :

## પાવન બ્રધર્સનો પેટા રોકડમેળ

| આવક (₹) | તારીખ | વિગત | વા. નં. | કુલ ખર્ચ (₹) | ખર્ચનું વર્ગીકરણ મજૂરી (₹) | સ્ટેશનરી (₹) | લારી-ભાડું (₹) | પોસ્ટેજ ખર્ચ (₹) | ખા. પા. (₹) | વ્યક્તિ ખાતે (₹) |
|---|---|---|---|---|---|---|---|---|---|---|
| | 2016 | | | | | | | | | |
| 3000 | જૂન 1 | બાકી આગળ લાવ્યા | | | | | | | | |
| 2000 | 1 | ચીફ એકાઉન્ટન્ટ પાસેથી મળ્યા | | | | | | | | |
| | 2 | મજૂરી ખાતે | | 600 | 600 | – | – | – | | – |
| | 2 | સ્ટેશનરી ખાતે | | 450 | – | 450 | – | – | | – |
| | 3 | લારીભાડા ખાતે | | 400 | – | – | 400 | – | | – |
| | 4 | પોસ્ટેજ ખર્ચ ખાતે | | 250 | – | – | – | 250 | | – |
| | 5 | કિરીટભાઈ ખાતે | | 1200 | – | – | – | – | | 1200 |
| | | | | 2900 | 600 | 450 | 400 | 250 | | 1200 |
| | 5 | બાકી આ. લઈ ગયા | | 2100 | | | | | | |
| 5000 | | | | 5000 | | | | | | |

### પાવનની ખાતાવહી
### મજૂરીનું ખાતું

ઉધાર જમા

| તારીખ | વિગત | નો. પા. | રકમ (₹) | તારીખ | વિગત | નો. પા. | રકમ (₹) |
|---|---|---|---|---|---|---|---|
| 2-6-16 | રોકડ ખાતે (પેટા રોકડમેળ મુજબ) | | 600 | | | | |

### સ્ટેશનરીનું ખાતું

ઉધાર જમા

| તારીખ | વિગત | નો. પા. | રકમ (₹) | તારીખ | વિગત | નો. પા. | રકમ (₹) |
|---|---|---|---|---|---|---|---|
| 2-6-16 | રોકડ ખાતે (પેટા રોકડમેળ મુજબ) | | 450 | | | | |

### લારીભાડા ખાતું

ઉધાર જમા

| તારીખ | વિગત | નો. પા. | રકમ (₹) | તારીખ | વિગત | નો. પા. | રકમ (₹) |
|---|---|---|---|---|---|---|---|
| 3-6-16 | રોકડ ખાતે (પેટારોકડમેળ મુજબ) | | 400 | | | | |

### પોસ્ટેજ ખર્ચનું ખાતું

ઉધાર	જમા

| તારીખ | વિગત | નો. પા. | રકમ (₹) | તારીખ | વિગત | નો. પા. | રકમ (₹) |
|---|---|---|---|---|---|---|---|
| 4-6-16 | રોકડ ખાતે (પેટારોકડમેળ મુજબ) | | 250 | | | | |

### કિરીટભાઈનું ખાતું

ઉધાર	જમા

| તારીખ | વિગત | નો. પા. | રકમ (₹) | તારીખ | વિગત | નો. પા. | રકમ (₹) |
|---|---|---|---|---|---|---|---|
| 5-6-16 | રોકડ ખાતે (પેટારોકડમેળ મુજબ) | | 1200 | | | | |

**નોંધ :** પેટા રોકડમેળમાં ખર્ચના વર્ગીકરણ પ્રમાણે દરેક ખર્ચનાં ખાતાઓ તૈયાર કરી તેમાં ખતવણી કરવામાં આવે છે. જો કોઈ વ્યવહાર વ્યક્તિ સાથે સંકળાયેલ હોય તો તેના ખાતે પણ ખતવણી કરવાની રહે છે. જેમકે, ઉપરના ઉદાહરણમાં કિરીટભાઈ ખાતે ખતવણી કરેલ છે.

**10. ખાતાવહીનું વર્ગીકરણ (ખાતાવહીનું વિભાગીકરણ) (Classification of Ledger) (Sub division of Ledger)**

ખાતાવહીમાં તૈયાર કરવામાં આવતાં ખાતાની સંખ્યાનો આધાર ધંધાના આર્થિક વ્યવહારોના પ્રમાણ ઉપર રહેલો છે. જો ખાતાઓની સંખ્યા પ્રમાણસર હોય તો ખાતાવહીનો ચોપડો બહુ દળદાર બનતો નથી; પરંતુ જો ખાતાઓની સંખ્યા વધુ હોય તો ખાતાવહીનો ચોપડો દળદાર એટલે કે ખૂબ મોટો બને છે. જો ખાતાવહીનો ચોપડો એક જ હોય તો ખતવણીનું કામ એક કરતાં વધુ વ્યક્તિઓ વચ્ચે વહેંચી શકાતું નથી.

આ તબક્કે બધાં ખાતાને કોઈ આધાર નક્કી કરી જુદા જુદા વિભાગોમાં વર્ગીકૃત કરી દેવામાં આવે છે. ખાતાવહીનાં ખાતાઓને વિભાગવાર વર્ગીકૃત કરી એક કરતાં વધુ ખાતાવહી રાખવામાં આવે તો તેને **ખાતાવહીનું વર્ગીકરણ** અથવા **ખાતાવહીનું વિભાગીકરણ** કહેવામાં આવે છે. તેને **ખાતાવહીના પેટાવિભાગો** અથવા **પેટા ખાતાવહી** પણ કહે છે. આ રીતે ખાતાવહીમાં એક કરતાં વધુ ચોપડાઓ રાખવામાં આવતા હોવાથી હેરફેર સરળ બને છે અને કાર્યની વહેંચણી સરળતાથી કરી શકાય છે. કમ્પ્યૂટરના આ યુગમાં પેટા ખાતાવહીનું મહત્ત્વ તો રહે જ છે.

ખાતાવહીનું વિભાગીકરણ જુદી જુદી રીતે થઈ શકે છે. નીચે આપવામાં આવેલ વિભાગીકરણ પ્રમાણે ધંધાના લેણાં, દેવાં અને અન્ય ખાતાઓને કેન્દ્રમાં રાખીને કરવામાં આવેલ હોવાથી મોટા ભાગના ધંધાકીય એકમો આ વર્ગીકરણ અપનાવતા હોય છે : (1) વ્યક્તિઓની ખાતાવહી (2) સામાન્ય ખાતાવહી

**(1) વ્યક્તિઓની ખાતાવહી (Ledger of individuals) :** હિસાબો રાખવાનો એક હેતુ એ પણ હોય છે કે કોઈ પણ સમયે ધંધાની લેણાં અને દેવાની પરિસ્થિતિ ઝડપથી અને સરળતાથી મેળવી શકાય. જે વેપારીઓ પાસેથી માલની શાખ પર ખરીદી કરવામાં આવી હોય તેવા લેણદારોનાં ખાતા અને જે વેપારીઓને શાખ પર માલનું વેચાણ કરવામાં આવ્યું હોય તેવા દેવાદારોનાં ખાતા, આ બંને વ્યક્તિઓનાં ખાતા છે.

ધંધાના માલ અંગેના લેણદારોનાં ખાતાઓની ખાતાવહી અલગ રાખવામાં આવે છે તેને **લેણદારોની ખાતાવહી (ખરીદ ખાતાવહી)** કહેવાય છે.

તે જ રીતે, ધંધાના માલ અંગેના દેવાદારોનાં ખાતાઓની ખાતાવહી અલગ રાખવામાં આવે તેને **દેવાદારોની ખાતાવહી (વેચાણ ખાતાવહી)** કહેવાય છે.


આ ઉપરાંત લેણદારો અને દેવાદારોની ખાતાવહીને ધંધાની જરૂરિયાત પ્રમાણે નીચે દર્શાવ્યા મુજબ વધુ પેટા વિભાગોમાં વહેંચી શકાય છે :

(a) મૂળાક્ષર પ્રમાણે (Alphabetically) (b) વિસ્તાર પ્રમાણે (Areawise)

**(a) મૂળાક્ષર પ્રમાણે (Alphabetically) :** અહીં વ્યક્તિનાં નામના આધારે ખાતાવહીને વિભાજિત કરી શકાય. જેમકે, 'A'થી 'N' અને 'O'થી 'Z'નાં નામ પ્રમાણેનાં વ્યક્તિનાં ખાતા અથવા 'ક'થી 'પ' અને 'ફ'થી 'જ્ઞ' સુધીના વ્યક્તિનાં ખાતા.

**(b) વિસ્તાર પ્રમાણે (Areawise) :** આ મુજબનાં વર્ગીકરણમાં વેપારીના વેચાણના વિસ્તારને ધ્યાનમાં રાખીને ખાતાવહીનું વિભાજન થઈ શકે છે. જેમકે, ગુજરાત રાજ્યની વ્યક્તિઓનાં ખાતા, રાજસ્થાન રાજ્યની વ્યક્તિઓનાં ખાતા વગેરે.

**(2) સામાન્ય ખાતાવહી (General ledger) :** ધંધાનાં કુલ ખાતાઓ પૈકી માલ અંગેનાં લેણદાર અને દેવાદારનાં ખાતાઓ સિવાયનાં અન્ય વ્યક્તિઓનાં ખાતા અને બાકીનાં બધાં ખાતાઓ માટે જે અલગ ખાતાવહી રાખવામાં આવે છે, તેને સામાન્ય ખાતાવહી તરીકે ઓળખવામાં આવે છે. ખાતાવહીનું વિભાજન નીચે દર્શાવેલ ચાર્ટ મુજબ સમજી શકાય.




## 11. ખાતાની બાકી (Balancing an Account)

હિસાબો લખવાની પ્રક્રિયા એ સમગ્ર વર્ષ દરમિયાન ચાલતી સતત પ્રક્રિયા છે. વેપારી વર્ષ દરમિયાન જુદાં જુદાં ખાતાની પરિસ્થિતિ જાણવા કે કોઈ માહિતી મેળવવા ખાતાવહીમાં બનાવેલ ખાતાઓ જોઈ જરૂરી વિગતો મેળવી શકે છે. નિયત મુદતના અંતે ખાતાનું તારણ મેળવવાની પ્રક્રિયાને **ખાતાની બાકી શોધવાની પ્રક્રિયા** તરીકે ઓળખવામાં આવે છે. ખાતાનાં તારણ માટે કોઈ પણ ખાતાની ઉધાર બાજુની રકમો અને જમા બાજુની રકમોનો તફાવત શોધવામાં આવે છે, જેને જે-તે **ખાતાની બાકી** કહેવામાં આવે છે. ખાતાની બાકી શોધવાની પ્રક્રિયા નીચેની વિગતો અને જુદાં જુદાં ઉદાહરણો દ્વારા સમજીએ.

(1) બાકી શોધવા માટે ખાતાની ઉધાર બાજુની રકમનો સરવાળો તથા જમા બાજુની રકમનો સરવાળો કરી તે બંને વચ્ચેનો તફાવત શોધવામાં આવે છે. આ તફાવતની રકમને તે ખાતાની બાકી તરીકે ઓળખવામાં આવે છે. દા.ત., રોકડ ખાતામાં ઉધાર બાજુનો સરવાળો ₹ 85,000 હોય અને જમા બાજુનો સરવાળો ₹ 78,000 હોય તો બંને રકમનો તફાવત ₹ 7000 (85,000 – 78,000) થાય તે રોકડ ખાતાની બાકી ગણાશે.

(2) ખાતાનો જે બાજુનો સરવાળો વધુ હોય તે રકમ ખાતામાં બંને બાજુ દર્શાવવામાં આવે છે. ત્યારબાદ તફાવત શોધાય છે.

(3) ઉપર મુજબ ખાતાની બાકી શોધતાં જે બાજુનો સરવાળો વધુ થયો હોય તેની વિરુદ્ધની બાજુએ તફાવતની રકમ દર્શાવી તેને બાકી આગળ લઈ ગયા તરીકે લખવામાં આવે છે. જો ઉધાર બાજુનો સરવાળો વધુ હોય તો જમા બાજુએ શોધેલ તફાવતની રકમને ઉધાર બાકી તેમજ તે ખાતાની આખરની બાકી તરીકે ગણવામાં આવે છે. આ જ રીતે જો જમા બાજુનો સરવાળો વધુ હોય તો ઉધાર બાજુએ શોધેલ તફાવતની રકમને જમા બાકી તેમજ તે ખાતાની આખરની બાકી કહેવામાં આવે છે.

(4) ખાતામાં શોધેલ તફાવતની આ રકમને ખાતામાં છેવટની વિગત તરીકે દર્શાવવામાં આવે છે તેમજ તેની સામે છેવટની તારીખ લખવામાં આવે છે.

(5) ઉપર મુજબ શોધેલ ખાતાની બાકી નવા હિસાબી સમય માટે શરૂઆતની બાકી ગણાશે. આ શરૂઆતની બાકી પાછલા હિસાબી વર્ષમાં શોધેલ આખરની બાકીની વિરુદ્ધ બાજુએ ખાતાની પ્રથમ વિગત તરીકે દર્શાવાય છે. તારીખના ખાનામાં નવા સમયના મહિનાની પહેલી તારીખ લખાશે. વિગતના ખાનામાં 'બાકી આગળ લાવ્યા' તેમ લખાશે. જ્યારે રકમનાં ખાનાંમાં પાછલા વર્ષની આખરની બાકીની રકમ લખાશે. પ્રકરણ 2માં ત્રણ પ્રકારનાં ખાતાઓ અને તેમના નિયમોનો

અભ્યાસ કર્યો – જેમાં વ્યક્તિનાં ખાતાં, માલમિલકતનાં ખાતાં અને ઊપજ-ખર્ચનાં ખાતાં. વ્યક્તિનાં ખાતાઓ અને માલમિલકતનાં ખાતાંઓની વર્ષના અંતે બાકી હોઈ શકે જે વર્ષની અંતે બાકી આગળ લઈ ગયા તરીકે દર્શાવાય છે અને પછીના વર્ષની શરૂઆતમાં બાકી આગળ લાવ્યા તરીકે દર્શાવાય છે. ઊપજ-ખર્ચનાં ખાતા વર્ષને અંતે બંધ કરીને વેપાર ખાતે અથવા નફાનુકસાન ખાતે લઈ જવામાં આવે છે.

ઉપરની વિગતો સમજવા નીચેના નમૂના તરીકે આપેલ સંજય ટ્રેડર્સનું ખાતું જોઈએ :

**સંજય ટ્રેડર્સનું ખાતું**

ઉધાર — જમા

| તારીખ | વિગત | નો. પા. | રકમ (₹) | તારીખ | વિગત | નો. પા. | રકમ (₹) |
|---|---|---|---|---|---|---|---|
| 2016 | | | | 2016 | | | |
| માર્ચ 2 | વેચાણ ખાતે | | 18,000 | માર્ચ 8 | રોકડ ખાતે | | 5000 |
| 16 | વેચાણ ખાતે | | 21,000 | 18 | બૅન્ક ખાતે | | 16,000 |
| 24 | વેચાણ ખાતે | | 30,000 | 26 | બૅન્ક ખાતે | | 12,000 |
| | | | | 27 | રોકડ ખાતે | | 8000 |
| | | | | 31 | બાકી આગળ લઈ ગયા | | 28,000 |
| | | | 69,000 | | | | 69,000 |
| 2016 | | | | | | | |
| એપ્રિલ 1 | બાકી આગળ લાવ્યા | | 28,000 | | | | |

અહીં ઉધાર બાજુનો સરવાળો ₹ 69,000 છે, જ્યારે જમા બાજુનો સરવાળો ₹ 41,000 (₹ 5000 + ₹ 16,000 + ₹ 12,000 + ₹ 8000) છે. જેથી તફાવતની રકમ ₹ 69,000 – ₹ 41,000 = ₹ 28,000 થશે.

આ તફાવતની રકમને આ ખાતાની ઉધાર બાકી (આખરની બાકી) ગણાશે. જેને બાકી આગળ લઈ ગયા તરીકે દર્શાવાશે અને તારીખના ખાનામાં જે-તે મહિનાની આખરની તારીખ લખાશે. (31 માર્ચ, 2016)

આ બાકી નમૂનામાં દર્શાવેલ છે, તે રીતે નવા વર્ષમાં આખરની બાકીની વિરુદ્ધ બાજુ એટલે કે ઉધાર બાજુ મહિનાની 1 તારીખે બાકી આગળ લાવ્યા (શરૂઆતની બાકી) તરીકે દર્શાવાશે.

**(I) કોઈ ખાતામાં ફક્ત એક જ બાજુ વ્યવહારો નોંધાયેલા હોય ત્યારે :** જો કોઈ ખાતામાં તેની એક જ બાજુ પર વ્યવહારો નોંધાયેલ હોય અને બીજી બાજુ પર કોઈ વ્યવહાર નોંધાયેલો ન હોય ત્યારે પણ ઉપર આપેલ નમૂનાની રીત પ્રમાણે બાકી શોધવામાં આવે છે. દા.ત.,

**પગારનું ખાતું**

ઉધાર — જમા

| તારીખ | વિગત | નો. પા. | રકમ (₹) | તારીખ | વિગત | નો. પા. | રકમ (₹) |
|---|---|---|---|---|---|---|---|
| 2016 | | | | 2016 | | | |
| જૂન 2 | બૅન્ક ખાતે | | 25,000 | જૂન 30 | બાકી આગળ લઈ ગયા | | 30,000 |
| 4 | રોકડ ખાતે | | 3000 | | | | |
| 5 | રોકડ ખાતે | | 2000 | | | | |
| | | | 30,000 | | | | 30,000 |
| 2016 | | | | | | | |
| જુલાઈ 1 | બાકી આગળ લાવ્યા | | 30,000 | | | | |

**નોંધ :** અહીં ઉધાર બાજુની રકમનો સરવાળો ₹ 30,000 છે. જ્યારે જમા બાજુની રકમનો સરવાળો શૂન્ય છે. તેથી તફાવતની રકમ ₹ 30,000 – શૂન્ય = ₹ 30,000 ઉધાર બાકી ગણાશે. પગારનું ખાતું એક જ મહિનાનું છે તેથી તેની બાકી દર્શાવેલ છે. વર્ષના અંતે આ પ્રકારનાં ખાતાં બંધ થઈને નફા-નુકસાન ખાતે ફેરબદલ થાય છે.

**(II) કોઈ પણ ખાતામાં બાકીની દૃષ્ટિએ નીચે મુજબ ત્રણ પરિસ્થિતિઓ પૈકી એક પરિસ્થિતિ હોઈ શકે છે :**

**(i) ઉધાર બાકી :** કોઈ ખાતામાં તેની ઉધાર બાજુની રકમોનો સરવાળો તેની જમા બાજુની રકમોના સરવાળા કરતાં વધુ હોય તો તફાવતની રકમ જમા બાજુ લખાય છે અને તફાવત તરીકે મળતી બાકીને ઉધાર બાકી તરીકે ઓળખવામાં આવે છે.

**(ii) જમા બાકી :** જે ખાતામાં તેની જમા બાજુની રકમોનો સરવાળો તેની ઉધાર બાજુની રકમોના સરવાળા કરતાં વધુ હોય તો તફાવતની રકમ ઉધાર બાજુ લખાય છે અને તફાવત તરીકે મળતી બાકીને તે ખાતાની જમા બાકી તરીકે ગણવામાં આવે છે.

**(iii) સરભર ખાતું :** જ્યારે કોઈ ખાતામાં બંને બાજુની રકમોનો સરવાળો એકસરખો થાય ત્યારે રકમોનો કોઈ તફાવત રહેતો નથી. તેથી ખાતાની કોઈ બાકી મળશે નહિ. આ પ્રકારના ખાતાને સરભર ખાતું કહેવામાં આવે છે.

નીચે આપેલ ઉદાહરણ દ્વારા ઉપરની બાબતો સમજીએ :

**ઉદાહરણ 10 :** નીચે આપેલ ખાતાઓ શૈલજાની ખાતાવહીમાંથી લેવામાં આવેલ છે. દરેક ખાતાની બાકી ઉધાર બાકી છે કે જમા બાકી તે જણાવો.

**શૈલજાની ખાતાવહી**

**મૂડી ખાતું**

ઉધાર | જમા

| તારીખ | વિગત | નો. પા. | રકમ (₹) | તારીખ | વિગત | નો. પા. | રકમ (₹) |
|---|---|---|---|---|---|---|---|
| 2016 | | | | 2016 | | | |
| જુલાઈ 31 | બાકી આગળ લઈ ગયા | | 4,70,000 | જુલાઈ 1 | રોકડ ખાતે | | 50,000 |
| | | | | 1 | મકાન ખાતે | | 4,20,000 |
| | | | 4,70,000 | | | | 4,70,000 |

**મકાનનું ખાતું**

ઉધાર | જમા

| તારીખ | વિગત | નો. પા. | રકમ (₹) | તારીખ | વિગત | નો. પા. | રકમ (₹) |
|---|---|---|---|---|---|---|---|
| 2016 | | | | 2016 | | | |
| જુલાઈ 1 | મૂડી ખાતે | | 4,20,000 | જુલાઈ 31 | બાકી આગળ લઈ ગયા | | 4,20,000 |
| | | | 4,20,000 | | | | 4,20,000 |

**ફર્નિચરનું ખાતું**

ઉધાર | જમા

| તારીખ | વિગત | નો. પા. | રકમ (₹) | તારીખ | વિગત | નો. પા. | રકમ (₹) |
|---|---|---|---|---|---|---|---|
| 2016 | | | | 2016 | | | |
| જુલાઈ 2 | રોનક ફર્નિચર માર્ટ ખાતે | | 40,000 | જુલાઈ 31 | બાકી આગળ લઈ ગયા | | 40,000 |
| | | | 40,000 | | | | 40,000 |

**ખરીદ ખાતું**

ઉધાર | જમા

| તારીખ | વિગત | નો. પા. | રકમ (₹) | તારીખ | વિગત | નો. પા. | રકમ (₹) |
|---|---|---|---|---|---|---|---|
| 2016 | | | | 2016 | | | |
| જુલાઈ 3 | રાજેશ ખાતે | | 85,000 | જુલાઈ 31 | બાકી આગળ લઈ ગયા | | 85,000 |
| | | | 85,000 | | | | 85,000 |

## વેચાણ ખાતું

ઉધાર　　　　　　　　　　　　　　　　　　　　　　　　　　　　　　　　　જમા

| તારીખ | વિગત | નો. પા. | રકમ (₹) | તારીખ | વિગત | નો. પા. | રકમ (₹) |
|---|---|---|---|---|---|---|---|
| 2016 | | | | 2016 | | | |
| જુલાઈ 31 | બાકી આગળ લઈ ગયા | | 1,20,000 | જુલાઈ 7 | જૈનીશ ખાતે | | 1,20,000 |
| | | | 1,20,000 | | | | 1,20,000 |

## જૈનીશનું ખાતું

ઉધાર　　　　　　　　　　　　　　　　　　　　　　　　　　　　　　　　　જમા

| તારીખ | વિગત | નો. પા. | રકમ (₹) | તારીખ | વિગત | નો. પા. | રકમ (₹) |
|---|---|---|---|---|---|---|---|
| 2016 | | | | 2016 | | | |
| જુલાઈ 7 | વેચાણ ખાતે | | 1,20,000 | જુલાઈ 8 | બૅન્ક ખાતે | | 80,000 |
| | | | | 31 | બાકી આગળ લઈ ગયા | | 40,000 |
| | | | 1,20,000 | | | | 1,20,000 |

## રાજેશનું ખાતું

ઉધાર　　　　　　　　　　　　　　　　　　　　　　　　　　　　　　　　　જમા

| તારીખ | વિગત | નો. પા. | રકમ (₹) | તારીખ | વિગત | નો. પા. | રકમ (₹) |
|---|---|---|---|---|---|---|---|
| 2016 | | | | 2016 | | | |
| જુલાઈ 6 | રોકડ ખાતે | | 15,000 | જુલાઈ 3 | ખરીદ ખાતે | | 85,000 |
| 16 | બૅન્ક ખાતે | | 20,000 | | | | |
| 31 | બાકી આગળ લઈ ગયા | | 50,000 | | | | |
| | | | 85,000 | | | | 85,000 |

## પગારનું ખાતું

ઉધાર　　　　　　　　　　　　　　　　　　　　　　　　　　　　　　　　　જમા

| તારીખ | વિગત | નો. પા. | રકમ (₹) | તારીખ | વિગત | નો. પા. | રકમ (₹) |
|---|---|---|---|---|---|---|---|
| 2016 | | | | 2016 | | | |
| જુલાઈ 30 | બૅન્ક ખાતે | | 12,000 | જુલાઈ 31 | બાકી આગળ લઈ ગયા | | 12,000 |
| | | | 12,000 | | | | 12,000 |

## મળેલ કમિશનનું ખાતું

ઉધાર　　　　　　　　　　　　　　　　　　　　　　　　　　　　　　　　　જમા

| તારીખ | વિગત | નો. પા. | રકમ (₹) | તારીખ | વિગત | નો. પા. | રકમ (₹) |
|---|---|---|---|---|---|---|---|
| 2016 | | | | 2016 | | | |
| જુલાઈ 31 | બાકી આગળ લઈ ગયા | | 8200 | જુલાઈ 25 | રોકડ ખાતે | | 8200 |
| | | | 8200 | | | | 8200 |

### રોકડ ખાતું

ઉધાર જમા

| તારીખ | વિગત | નો. પા. | રકમ (₹) | તારીખ | વિગત | નો. પા. | રકમ (₹) |
|---|---|---|---|---|---|---|---|
| 2016 | | | | 2016 | | | |
| જુલાઈ 1 | મૂડી ખાતે | | 50,000 | જુલાઈ 2 | બૅન્ક ખાતે | | 5000 |
| 25 | મળેલ કમિશન ખાતે | | 8200 | 6 | રાજેશ ખાતે | | 15,000 |
| | | | | 31 | બાકી આગળ લઈ ગયા | | 38,200 |
| | | | 58,200 | | | | 58,200 |

### બૅન્ક ખાતું

ઉધાર જમા

| તારીખ | વિગત | નો. પા. | રકમ (₹) | તારીખ | વિગત | નો. પા. | રકમ (₹) |
|---|---|---|---|---|---|---|---|
| 2016 | | | | 2016 | | | |
| જુલાઈ 2 | રોકડ ખાતે | | 5000 | જુલાઈ 16 | રાજેશ ખાતે | | 20,000 |
| 8 | જૈનીશ ખાતે | | 80,000 | 30 | પગાર ખાતે | | 12,000 |
| | | | | 30 | રોનક ફર્નિચર માર્ટ ખાતે | | 40,000 |
| | | | | 31 | બાકી આગળ લઈ ગયા | | 13,000 |
| | | | 85,000 | | | | 85,000 |

### રોનક ફર્નિચર માર્ટ ખાતું

ઉધાર જમા

| તારીખ | વિગત | નો. પા. | રકમ (₹) | તારીખ | વિગત | નો. પા. | રકમ (₹) |
|---|---|---|---|---|---|---|---|
| 2016 | | | | 2016 | | | |
| જુલાઈ 30 | બૅન્ક ખાતે | | 40,000 | જુલાઈ 2 | ફર્નિચર ખાતે | | 40,000 |
| | | | 40,000 | | | | 40,000 |

**મૂડી ખાતું :** આ ખાતામાં જમા બાજુની રકમોનો સરવાળો ₹ 4,70,000 છે, જ્યારે ઉધાર બાજુની રકમોનો સરવાળો શૂન્ય છે, તેથી તફાવતની રકમ ₹ 4,70,000 થશે, જેની બાકી **જમા બાકી** કહેવાશે.

**મકાનનું ખાતું :** આ ખાતામાં ઉધાર બાજુની રકમોનો સરવાળો ₹ 4,20,000 છે, જ્યારે જમા બાજુની રકમોનો સરવાળો શૂન્ય છે, તેથી તફાવતની રકમ ₹ 4,20,000 થશે, જેની બાકી **ઉધાર બાકી** કહેવાશે.

આમ, જે ખાતામાં ઉધાર બાજુની રકમોનો સરવાળો જમા બાજુની રકમોના સરવાળા કરતાં વધુ થાય તેવા ખાતામાં તફાવતની રકમ જમા બાજુ લખાશે અને તે તફાવતની રકમને 'ઉધાર બાકી' તરીકે કહેવાશે.

ઉપરના ઉદાહરણમાં ફર્નિચર ખાતામાં, ખરીદ ખાતામાં, જૈનીશના ખાતામાં, પગારના ખાતામાં, રોકડના ખાતામાં અને બૅન્કના ખાતામાં ઉધાર બાજુની રકમોનો સરવાળો જમા બાજુની રકમોના સરવાળા કરતાં વધુ થાય છે, તેથી આ ખાતાઓમાં મળતી તફાવતની રકમ જમા બાજુ દર્શાવવામાં આવે છે, જેને 'ઉધાર બાકી' કહેવાશે.

જે ખાતામાં જમા બાજુની રકમોનો સરવાળો ઉધાર બાજુની રકમોના સરવાળા કરતાં વધુ થાય તેવા ખાતામાં તફાવતની રકમ ઉધાર બાજુ લખાશે અને તે તફાવતની રકમને 'જમા બાકી' તરીકે કહેવાશે. ઉપરના ઉદાહરણમાં મૂડી ખાતા ઉપરાંત વેચાણનાં ખાતામાં, રાજેશના ખાતામાં તેમજ મળેલ કમિશનના ખાતામાં મળતી તફાવતની રકમને **'જમા બાકી'** કહેવાશે.

જ્યારે રોનક ફર્નિચર માર્ટના ખાતામાં બંને બાજુનો સરવાળો એકસરખો થાય છે, તેથી કોઈ તફાવત રહેતો નથી, તેથી આ ખાતાને **'સરભર ખાતું'** કહેવામાં આવે છે.

હવે આપણે ઉપરના ઉદાહરણમાં સામેલ બધાં જ ખાતાઓનું તેની બાકીઓ પ્રમાણે એક પત્રક તૈયાર કરીએ. ત્યાર બાદ ઉધાર બાકી અને જમા બાકીની રકમોનો સરવાળો કરીએ.

**ખાતાઓની બાકીઓના આધારે તૈયાર કરેલું પત્રક**

| ખાતાનું નામ | ઉધાર બાકી (₹) | જમા બાકી (₹) |
|---|---|---|
| મૂડી ખાતું | – | 4,70,000 |
| મકાનનું ખાતું | 4,20,000 | – |
| ફર્નિચરનું ખાતું | 40,000 | – |
| ખરીદ ખાતું | 85,000 | – |
| વેચાણ ખાતું | – | 1,20,000 |
| જૈનીશનું ખાતું | 40,000 | – |
| રાજેશનું ખાતું | – | 50,000 |
| પગારનું ખાતું | 12,000 | – |
| મળેલ કમિશનનું ખાતું | – | 8200 |
| રોકડ ખાતું | 38,200 | – |
| બૅન્ક ખાતું | 13,000 | – |
| રોનક ફર્નિચર માર્ટનું ખાતું | – | – |
| **કુલ રકમ** | **6,48,200** | **6,48,200** |

રોનક ફર્નિચર માર્ટનું ખાતું સરભર થઈ જાય છે, તેથી તેની કોઈ બાકી રહેશે નહિ.

અહીં ઉપર તૈયાર કરેલા પત્રકમાં ઉધાર બાકીની રકમોનો સરવાળો તથા જમા બાકીની રકમોનો સરવાળો એકસરખો મળે છે. આ પ્રકારના પત્રકને કાચું સરવૈયું કહેવામાં આવે છે. જેનો વિગતવાર અભ્યાસ હવે પછીના પ્રકરણમાં કરીશું.

આ પ્રકરણમાં આપણને જાણવા મળ્યું કે ખાતાની બાકીઓ ઉધાર બાકી કે જમા બાકી હોય છે. દ્વિનોંધી નામાપદ્ધતિના ઉધાર અને જમાના નિયમો અને વ્યવહારોના આધારે મોટા ભાગનાં ખાતાઓની બાકી, ઉધાર બાકી કે જમા બાકી એ નિશ્ચિત હોય છે.

## સ્વાધ્યાય

**1. દરેક પ્રશ્ન માટે યોગ્ય વિકલ્પ પસંદ કરો :**

(1) કોને ચોપડાઓનો રાજા ગણવામાં આવે છે ?

(અ) આમનોંધના ચોપડાને (બ) ખાસ આમનોંધના ચોપડાને

(ક) ખાતાવહીના ચોપડાને (ડ) વ્યવહારોની નોંધના ચોપડાને

(2) કયા ચોપડાને મૂળ ચોપડો કહેવામાં આવે છે ?

(અ) આમનોંધના (બ) ખાતાવહીના

(ક) ખાસ આમનોંધના (ડ) રોકડમેળના

(3) ખાતાવહીના કયા પ્રકારના ચોપડામાં જરૂરિયાત ઊભી થતાં વધારાનાં પાનાં ઉમેરી શકાતાં નથી ?

(અ) કાર્ડ સ્વરૂપે (બ) કમ્પ્યૂટર હિસાબોમાં

(ક) છૂટાં પાનાં સ્વરૂપે (ડ) બાંધેલો ચોપડો

(4) કયા પ્રકારના ખાતાને સરભર ખાતું કહેવામાં આવે છે ?
   (અ) ખાતાની ઉધાર બાજુની રકમનો સરવાળો વધુ હોય ત્યારે
   (બ) ખાતાની બંને બાજુની રકમનો સરવાળો સરખો હોય ત્યારે
   (ક) ખાતાની જમા બાજુની રકમનો સરવાળો વધુ હોય ત્યારે
   (ડ) ખાતામાં કોઈ વ્યવહાર જ ના હોય ત્યારે

(5) સામાન્ય રીતે મિલકતની બાકી કેવી હોય છે ?
   (અ) જમા બાકી (બ) ઉધાર બાકી
   (ક) ઉધાર અથવા જમા હોઈ શકે (ડ) ખાતું સરભર થાય

(6) પાઘડી એ કેવી મિલકત છે અને તેની બાકી કેવી હોય છે ?
   (અ) દૃશ્ય મિલકત, ઉધાર બાકી (બ) અવાસ્તવિક મિલકત, જમા બાકી
   (ક) દૃશ્ય મિલકત, જમા બાકી (ડ) અદૃશ્ય મિલકત, ઉધાર બાકી

(7) ખાતામાં આખરની બાકીને વિગતના ખાનામાં કેવી રીતે દર્શાવાય છે ?
   (અ) બાકી આગળ લઈ ગયા (બ) બાકી આગળ લાવ્યા
   (ક) બાકીઓનો તફાવત (ડ) રકમોનો તફાવત

**2. નીચેના પ્રશ્નોના એક કે બે વાક્યમાં જવાબ લખો :**

(1) ખાતાવહી એટલે શું ?
(2) ખાતાને કેટલી બાજુ હોય છે ? કઈ કઈ ?
(3) ખાતાવહીની અનુક્રમણિકા એટલે શું ?
(4) ખાતાની ઉધાર બાકી કે જમા બાકી ક્યારે આવે ?
(5) સરભર ખાતું એટલે શું ?
(6) ખાતામાં કયાં ખાનાંઓ દોરવામાં આવે છે ?
(7) ખતવણી કે ખતવવું એટલે શું ?
(8) ખાતાવહીનાં કયાં સ્વરૂપો પ્રચલિત છે ?
(9) ખાતાવહીનું વિભાજન એટલે શું ?
(10) વ્યક્તિઓની ખાતાવહી કયા પ્રકારના વિભાગોમાં દર્શાવાય છે ?
(11) સામાન્ય રીતે સામાન્ય ખાતાવહીમાં કયા પ્રકારનાં ખાતાઓ બનાવવામાં આવે છે ?

**3. નીચેના પ્રશ્નોના જવાબ સવિસ્તાર સમજાવો (આપો) :**

(1) ખાતું એટલે શું ? તેની સમજૂતી આપો.
(2) ખાતાનો નમૂનો તૈયાર કરી તેના દરેક ખાનાંની સમજૂતી આપો.
(3) ખાતાવહી એટલે શું ? તેની જરૂરિયાત વિશે માહિતી આપો.
(4) ખાતાવહીની ઉપયોગિતા (મહત્ત્વ) સમજાવો.
(5) ''ખાતાવહી એ નામાનો મુખ્ય ચોપડો છે.'' અથવા ''ખાતાવહી એ ચોપડાઓનો રાજા છે.'' – વિગતવાર સમજાવો.
(6) ખાતાવહીનાં જુદાં જુદાં સ્વરૂપો (પ્રકારો) વિશે વિસ્તૃત માહિતી આપો.
(7) ખતવણી એટલે શું ? સાદી આમનોંધના ઉદાહરણ દ્વારા ખતવણીની પ્રક્રિયા સમજાવો.
(8) સંયુક્ત આમનોંધના ઉદાહરણ દ્વારા ખતવણીની પ્રક્રિયા સમજાવો.
(9) ખાતાવહીના વિભાજન(વિભાગીકરણ)નો અર્થ આપી આ વિભાજન સવિસ્તાર સમજાવો.
(10) ખાતાની બાકી શોધવાની પ્રક્રિયા ઉદાહરણ દ્વારા સમજાવો.

**4. સૈદ્ધાંતિક પ્રશ્નો :**

નીચે આપેલ ખાતાની બાકી ઉધાર બાકી હોય કે જમા બાકી તે દર્શાવો :

(1) ખરીદ ખાતું
(2) વેચાણ ખાતું
(3) વેચાણમાલપરત ખાતું
(4) દેવાદાર (ગ્રાહક)નું ખાતું
(5) મૂડી ખાતું
(6) પગારનું ખાતું
(7) મળેલ ભાડાનું ખાતું
(8) મકાનનું ખાતું
(9) ઉપાડનું ખાતું
(10) ઘાલખાધનું ખાતું
(11) આગથી બળી ગયેલ માલનું ખાતું
(12) ચોરીથી થયેલ નુકસાનનું ખાતું
(13) જાહેરાત ખર્ચનું ખાતું
(14) પ્રોવિડન્ટ ફંડમાં ફાળાનું ખાતું

**5. નીચે આપેલ વ્યવહારો પરથી શ્રી કટારાના ચોપડામાં આમનોંધ લખી ખાતાવહીમાં જરૂરી ખાતા ખોલી ખતવણી કરો :**

(1) ₹ 3,30,000 ધંધામાં લાવ્યા જેમાંથી ₹ 2,30,000 બૅન્કમાં ભર્યા.
(2) રોકડ ખરીદી ₹ 85,000
(3) અજમલ ફર્નિચર માર્ટમાંથી ₹ 11,500નું ફર્નિચર ઑફિસ માટે ખરીદ્યું.
(4) કનુભાઈને દેવા પેટે ₹ 8000નો ચેક આપ્યો.
(5) રાજુભાઈ પાસેથી ₹ 7800નાં લેણાં પેટે ₹ 7500નો ચેક ચૂકતે હિસાબે મળ્યો.
(6) રોકડ વેચાણ ₹ 15,000
(7) રમેશભાઈને કરેલ ઉધાર વેચાણ ₹ 75,000
(8) પગાર ચૂકવ્યો ₹ 6200

**6. નીચે આપેલ વ્યવહારોની પંચાલ સ્ટોર્સના ચોપડે આમનોંધ તૈયાર કરી ખાતાવહીમાં જરૂરી ખાતા ખોલી ખતવણી કરો :**

2016

| | | |
|---|---|---|
| એપ્રિલ | 1 | ₹ 40,000 રોકડા તથા ₹ 20,000નું ફર્નિચર ધંધામાં લાવ્યા. |
| | 2 | ₹ 36,000નો માલ 10 % વેપારીવટાવે ધવલ સ્ટોર્સને વેચ્યો. તે પેટે ધવલ સ્ટોર્સે ₹ 15,000 રોકડા ચૂકવ્યા. |
| | 3 | ₹ 18,000 બૅન્કમાં ભર્યા. |
| | 4 | ધારા ટ્રેડર્સ પાસેથી ₹ 20,000નો માલ 12 % વેપારીવટાવે ખરીદ્યો. જે પેટે ₹ 8000નો ચેક આપ્યો. |
| | 5 | ઑફિસ ખર્ચ ચૂકવવા માટે બૅન્કમાંથી ₹ 5000 તથા ઘરખર્ચ માટે ₹ 4000 બૅન્કમાંથી ઉપાડ્યા. |
| | 7 | ઑફિસ ખર્ચ ₹ 2200 ચૂકવ્યો. |
| | 8 | જયેશભાઈને ₹ 4830ના દેવા પેટે ₹ 4800 ચૂકતે હિસાબે રોકડા ચૂકવ્યા. |
| | 9 | ગોડાઉનમાં આગ લાગવાથી ₹ 3200નો માલ બળી ગયો. વીમા કંપનીએ ₹ 2600નો દાવો મંજૂર રાખ્યો. |
| | 10 | અનિલ ટ્રેડર્સ પાસેથી ₹ 6600નો માલ ખરીદ્યો, જે પેટે ₹ 2600 રોકડા ચૂકવ્યા. |
| | 12 | દુકાન ભાડું ₹ 4800 તથા ઘરભાડું ₹ 6000 ધંધામાંથી ચૂકવ્યું. |
| | 13 | અનિલ ટ્રેડર્સને ₹ 4000 ચેકથી ચૂકવ્યા. |

**7. નીચેના વ્યવહારો પરથી અમજદ ગારમેન્ટ્સના ધંધાની પેટાનોંધો તૈયાર કરો અને ખાતાવહીમાં જરૂરી ખાતે ખતવણી કરો :**

2016

| | | |
|---|---|---|
| ઑગસ્ટ | 1 | ₹ 48,000નો માલ 10 % વેપારીવટાવે ઝુબેન ટ્રેડર્સ પાસેથી ખરીદ્યો. |
| | 2 | ₹ 42,000નો માલ 5 % વેપારીવટાવે મહઝર પાસેથી ખરીદ્યો. |

3 મહેશ સ્ટોર્સ પાસેથી ₹ 20,000નો માલ 5 % વેપારીવટાવે ખરીદ્યો.

4 અશરફ ફર્નિચર માર્ટમાંથી ₹ 12,000નું ફર્નિચર ખરીદ્યું.

7 રાજાભાઈને ₹ 24,000નો માલ 20 % નફો ચઢાવી 10 % વેપારીવટાવે વેચ્યો.

8 સલમાનને ₹ 36,000નો માલ 5 % વેપારીવટાવે વેચ્યો.

9 દિનેશભાઈને ₹ 4000નો માલ પરત કર્યો.

10 ચીનુભાઈને ₹ 12,000નો માલ 10 % વેપારીવટાવે વેચ્યો.

14 રાજાભાઈએ ₹ 6200નો માલ પાછો મોકલ્યો.

15 સલીમને ₹ 3500નો માલ પરત કર્યો.

16 મિતુલે ₹ 1600નો માલ પાછો મોકલ્યો.

**8. નીચે આપેલ વ્યવહારોને આધારે જાનકી સ્ટોર્સની પેટાનોંધો તૈયાર કરી જરૂરી ખાતે ખતવણી કરો :**

2016

જૂન 1 ₹ 9000નો માલ 10 % નફો ચઢાવીને શકીલ ટ્રેડર્સને વેચ્યો. જાવક ભરતિયા નંબર 251.

2 નરગીસ પાસેથી ₹ 9600નો માલ 10 % વેપારીવટાવે ખરીદ્યો. આવક ભરતિયા નંબર 636.

3 નીતિન સ્ટોર્સને ₹ 5600નો માલ 15 % નફો ચઢાવીને વેચવામાં આવ્યો. જાવક ભરતિયા નંબર 252.

4 પરેશ પાસેથી ₹ 6000નો માલ 5 % વેપારીવટાવે ખરીદ્યો. આવક ભરતિયા નંબર 525.

5 વિશ્વાસ પાસેથી ₹ 750નો માલ પરત મળ્યો. જમા ચિઠ્ઠી નંબર 81.

7 ભરતને ₹ 900નો માલ પરત કર્યો. ઉધાર ચિઠ્ઠી નંબર 221.

8 નીતિને ₹ 1100નો માલ નમૂના મુજબનો નહિ હોવાથી પાછો મોકલ્યો. જમા ચિઠ્ઠી નંબર 82.

9 ₹ 920નો માલ નરગીસને નુકસાનીવાળો હોવાથી પરત કર્યો. ઉધાર ચિઠ્ઠી નંબર 222.

10 અશ્વિન ફર્નિચર માર્ટમાંથી ₹ 2400ના એક એવા 3 નંગ કબાટ ખરીદ્યા. ઉધાર બિલ નં. 67.

14 અશ્વિન ફર્નિચર માર્ટમાંથી ખરીદેલ કબાટો પૈકી એક કબાટ નુકસાનીવાળું હોવાથી પરત કર્યું. ઉધાર ચિઠ્ઠી નંબર 223.

**9. નીચે મંગલમ્ સાડી સેન્ટરની માલની ખરીદીને લગતી વિગતો આપેલ છે. તેના આધારે તેની ખાનાંવાળી ખરીદનોંધ માલની વસ્તુઓ પ્રમાણે તૈયાર કરી તેની ખતવણી કરો :**

2016

સપ્ટે. 1 લાડલી ફૅશન સ્ટોર પાસેથી કોટન સાડી નંગ 40 દર ₹ 450 લેખે તથા સિલ્ક સાડી નંગ 20 દર ₹ 600 લેખે 10 % વેપારીવટાવે ખરીદી. આવક ભરતિયા નંબર 23.

2 પૂનમ સાડી સેન્ટર પાસેથી સિલ્ક સાડી નંગ 25 દર ₹ 750 તથા બાંધણી નંગ 10 દર ₹ 1000 લેખે 10 % વેપારીવટાવે ખરીદી. આવક ભરતિયા નંગ 204.

3 રાજવી સ્ટોર્સમાંથી કોટન સાડી નંગ 20 દર ₹ 400 લેખે, સિલ્ક સાડી નંગ 30 દર ₹ 800 તથા બાંધણી નંગ 15 દર ₹ 1200 લેખે 20 % વેપારીવટાવે ખરીદી. આવક ભરતિયા નં. 321.

**10. નીચે આપેલ માહિતીના આધારે જ્હૉન ફૅશનની ખાનાંવાળી (ખર્ચ પ્રમાણેની) ખરીદનોંધ તૈયાર કરી તેની ખતવણી કરો :**

2018

જુલાઈ 1 પેસ્તનજી પાસેથી ₹ 14,000નો માલ 10 % વેપારીવટાવે ખરીદ્યો. વેપારીએ મજૂરી ₹ 240 અને રેલવેનૂર ₹ 200 સહિતનું ભરતિયું મોકલેલ છે.

2 રૂસ્તમજી પાસેથી ₹ 12,800નો માલ 5 % વેપારીવટાવે ખરીદ્યો. ભરતિયામાં ₹ 220 રેલવેનૂરના અને ₹ 100 લારીભાડાના દર્શાવેલ છે.

3 ટોમી ટ્રેડર્સ પાસેથી ₹ 10,000નો માલ 5 % વેપારીવટાવે ખરીદ્યો. વેપારીએ મોકલેલ ભરતિયામાં ₹ 200 મજૂરી અને ₹ 80 લારીભાડાના દર્શાવેલ છે.

**11. નીચેના વ્યવહારો પરથી અમદાવાદના અમર ટ્રેડિંગના ચોપડે 12 % વસેકની અસરો સાથેની વિવિધ પેટાનોંધો તૈયાર કરી તેની આમનોંધો લખી તેની ખતવણી પણ કરો. નીચેના વ્યવહારોની રકમમાં વસેકનો સમાવેશ થયેલ નથી. લાગુ પડતા વસેકની રકમ ઉમેરીને પેટાનોંધો તૈયાર કરી તેની આમનોંધો લખી તેની ખતવણી કરો :**

2019

મે 1 ₹ 90,000 નો માલ જામનગરના જતીન ટ્રેડર્સ પાસેથી 10 % વેપારી વટાવે ખરીદ્યો. રેલવેનૂરના ₹ 3000 થયા. ભરતિયા નંબર 321.

3 ₹ 80,000નો માલ પૂણે (મહારાષ્ટ્ર)ના વિનોદ ટ્રેડર્સ પાસેથી ખરીદ્યો. રેલવેનૂરના ₹ 3200 અને મજૂરીના ₹ 600 થયા. ભરતિયા નંબર 322.

5 ₹ 72,000નો માલ રાજકોટના રાજીવ ટ્રેડિંગ કંપનીને 10 % વેપારીવટાવે વેચ્યો. રેલવેનૂરના ₹ 500 અને મજૂરીના ₹ 300 થયા. ભરતિયા નંબર 471.

7 ₹ 50,000નો માલ ઉદયપુર (રાજસ્થાન) ઉદય ટ્રેડિંગ કંપનીને 10 % વેપારીવટાવે વેચ્યો. રેલવેનૂરના ₹ 600 અને મજૂરીના ₹ 300 થયા. ભરતિયા નંબર 472.

12 રાજકોટના રાજીવ ટ્રેડિંગ કંપનીએ 50 % માલ પરત કર્યો. તેમને રેલવેનૂરના ₹ 200 અને મજૂરીના ₹ 150 મજરે આપ્યા. જમાચિઠ્ઠી નંબર 16.

18 પૂણે (મહારાષ્ટ્ર)ના વિનોદ ટ્રેડર્સને ₹ 20,000નો માલ પરત કર્યો. રેલવેનૂરના ₹ 1000 અને મજૂરીના ₹ 200 મજરે મળશે. ઉધારચિઠ્ઠી નંબર 31.

**12. મહાશંકર સ્ટોર્સની માહિતી નીચે આપેલ છે, તેના આધારે ત્રણ ખાનાંવાળો રોકડમેળ તૈયાર કરી ખતવણી કરો :**

2016

ઑક્ટો. 1 રોકડસિલક ₹ 30,000, બૅન્કસિલક ₹ 42,000

3 ધંધા માટે બૅન્કમાંથી ₹ 12,000 ઉપાડ્યા.

4 રોકડ ખરીદી ₹ 5500, રોકડ વેચાણ ₹ 16,000

5 ઑફિસ સ્ટેશનરીની ખરીદી પેટે ₹ 1200નો ચેક આપ્યો.

8 શિવશંકરને ₹ 4515ના દેવા પેટે ₹ 4500નો ચેક ચૂકતે હિસાબે આપ્યો.

9 દેવશંકર પાસેથી ₹ 16,200નાં લેણાં પેટે ₹ 6000 રોકડા અને ₹ 10,000નો ચેક ચૂકતે હિસાબે મળ્યા.

10 વર્તમાનપત્રમાં જાહેરાત માટે 'ઉમાશંકર ન્યૂઝ એજન્સી'ને ₹ 2100નો ચેક આપ્યો.

11 દુકાનનું લાઇટ બિલ ₹ 2200 અને ઘરનું લાઇટ બિલ ₹ 1200 ધંધામાંથી ચૂકવ્યા.

12 પ્રેમશંકરે ₹ 8680નું ખાતું ₹ 8600 રોકડા ચૂકવી ચૂકતે કર્યું.

**13. નીચેની વિગતો પરથી અનુપ સ્ટોર્સના ચોપડામાં પેટા રોકડમેળ તૈયાર કરી તેની ખતવણી કરો :**

2016

જુલાઈ 1 રોકડસિલક ₹ 2800

2 કૅશિયર ઈશાન પાસેથી ₹ 5000 મળ્યા.

3 મજૂરી ₹ 250 અને લારીભાડા પેટે ₹ 120 ચૂકવ્યા.

4 સ્ટેશનરી ખરીદી માટે ₹ 320 ચૂકવ્યા.

5 પોસ્ટ મોકલવાના ખર્ચ પેટે ₹ 150 ચૂકવ્યા.

7 માલની ખરીદીનું લારીભાડું ₹ 130 ચૂકવ્યું.

8 ઑફિસનો મોબાઇલ રિચાર્જ કરવા માટે ₹ 250 ચૂકવ્યા.

10 ઑફિસના કામ માટે ઝેરોક્સના ₹ 80 ચૂકવ્યા.

11 પૂર્વીને ₹ 1200 અને હીયાને ₹ 800 ચૂકવ્યા.

**14. નીચે આપેલ વ્યવહારોના આધારે ધર્મેન્દ્રના ચોપડામાં આમનોંધ લખી ખાતાવહીમાં ખતવણી કરો. દરેક ખાતાની બાકી શોધી નક્કી કરો કે કયા ખાતાની કઈ બાકી છે :**

2016

જુલાઈ 1 ₹ 80,000 રોકડા અને ₹ 20,000નું ફર્નિચર લાવી ધંધો શરૂ કર્યો.

2 બૅન્કમાં ₹ 30,000 ભરી ખાતું ખોલાવ્યું.

3 મહેન્દ્ર પાસેથી ₹ 12,000નો માલ 6 % વેપારીવટાવે ખરીદ્યો અને તે પેટે ₹ 4000 રોકડા ચૂકવ્યા.

5 નરેન્દ્રને ₹ 7500નો માલ 10 % વેપારીવટાવે વેચ્યો. નરેન્દ્રએ ₹ 2000 ચૂકવ્યા.

6 દુકાનના બોર્ડ માટે ₹ 3000 અને વર્તમાનપત્રમાં જાહેરાત પેટે ₹ 4000 રોકડા ચૂકવ્યા.

7 જિંદગીનું વીમા-પ્રીમિયમ ₹ 6000 અને પુત્રની સ્કૂલની ફી પેટે ₹ 2200 દુકાનમાંથી ચૂકવ્યા.

8 મહેન્દ્રને ₹ 7200નો ચેક આપી ખાતું ચૂકતે કર્યું.

10 નરેન્દ્ર પાસેથી ₹ 4700નો ચેક ચૂકતેને હિસાબે મળ્યો.

11 સુરેન્દ્ર હાર્ડવેર પાસેથી ₹ 5000નું ફર્નિચર ખરીદ્યું. જે પેટે ₹ 3000નો ચેક અને ₹ 2000 રોકડા આપ્યા.

**15. નીચે આપેલ વ્યવહારો પરથી બાદશાહની આમનોંધ તૈયાર કરો. તેના આધારે ખાતાવહીમાં ખતવણી કરી દરેક ખાતાની બાકી શોધો અને ખાતાની બાકી ઉધાર છે કે જમા તે બાકીની રકમ સાથે દર્શાવો :**

2016

નવે. 1 ₹ 75,000 રોકડા અને ₹ 15,000નો માલ ધંધામાં લાવ્યા.

2 ₹ 40,000 બૅન્કમાં ભર્યા.

3 આંટી પાસેથી ₹ 15,000નો માલ 10 % વેપારીવટાવે ખરીદી ₹ 3000 રોકડા આપ્યા.

5 ગોવિંદને ₹ 20,000નો માલ 30 % નફો ચઢાવીને 10 % વેપારીવટાવે વેચ્યો. ગોવિંદએ ₹ 5000નો ચેક આપ્યો જે બૅન્કમાં ભર્યો.

7 પગારના ₹ 4500 તથા લારીભાડાના ₹ 450 ચૂકવ્યા.

8 આગના વીમાનું પ્રીમિયમ ₹ 2000 ચેકથી ચૂકવ્યું.

10 વર્તમાનપત્રમાં જાહેરાત માટે ₹ 3500 શાહ એજન્સીને ચેકથી ચૂકવ્યા.

12 ચકન પાસેથી ₹ 24,000નો માલ 10 % વેપારીવટાવે ખરીદી ચકનને ₹ 9600 રોકડા ચૂકવ્યા.

14 આંટીને ₹ 10,000નો ચેક અને બાકીની રકમ રોકડમાં ચૂકવી.

15 ગોવિંદે ₹ 18,400નો ચેક મોકલી આપ્યો. જે બૅન્કમાં ભર્યો.

16 પુત્રી ઉર્જાની સ્કૂલની ફી ₹ 4000 ધંધામાંથી ચૂકવી.

**16. નીચે આપેલ વ્યવહારોના મોહનના ત્રણ ખાનાંવાળા રોકડમેળમાં નોંધી તેની જરૂરી ખાતે ખતવણી કરો. દરેક ખાતાની બાકી શોધી આ બાકી કઈ અને કેટલી છે તે દર્શાવો :**

2016

ઑગસ્ટ 1 શરૂઆતની રોકડસિલક ₹ 24,000 તથા બૅન્કસિલક ₹ 20,000

2 બૅન્કમાં ₹ 14,000 રોકડા ભર્યા.

3 સુરેશભાઈને ₹ 20,000નો માલ વેચ્યો. જે પેટે ₹ 8000 રોકડા તથા બાકીની રકમનો ચેક મળ્યો જે બૅન્કમાં ભર્યો.

5 દુકાનનું ભાડું ₹ 1500 ચેક દ્વારા અને પગારના ₹ 2500 રોકડેથી ચૂકવ્યા.

7 દિનેશભાઈ પાસેથી ₹ 8700નો માલ ખરીદ્યો, જે પેટે ₹ 700 ચૂકવ્યા.

9 વીજળી બિલ ₹ 1870 અને ટેલિફોન બિલ ₹ 530 ચેકથી ચૂકવ્યા.

11 કાનજીને ₹ 9000નો માલ 10 % વેપારીવટાવે વેચ્યો. જે પેટે ₹ 1900 રોકડા મળ્યા.

13 જયંતીએ ₹ 5000ની સામે ₹ 4800 આપી ખાતું ચૂકતે કર્યું.

16 દિનેશભાઈને ₹ 7600નો ચેક આપી ખાતું ચૂકતે કર્યું.

17 શીતલના લગ્નપ્રસંગે ₹ 1800ની ભેટ માટે રોકડા ધંધામાંથી ચૂકવ્યા.

20 પંડ્યા બ્રધર્સને ₹ 11,000નો માલ વેચ્યો અને 2 % રોકડવટાવ મુજબ તેણે પૂરેપૂરી રકમ ચૂકવી આપી.

22 કાનજીએ ₹ 6200ની સામે ₹ 6000નો ચેક આપી ખાતું ચૂકતે કર્યું.

24 કમિશનનો ચેક ₹ 1600 મળ્યો જે બૅન્કમાં ભર્યો.

◆

# 10

# કાચું સરવૈયું (Trial Balance)


1. પ્રસ્તાવના
2. સાચો અને વાજબી ખ્યાલ
3. કાચું સરવૈયું એટલે શું ?
4. ગાણિતિક દૃષ્ટિએ સાચું કાચું સરવૈયું પણ નિયમોની દૃષ્ટિએ ખોટું કાચું સરવૈયું
5. ગાણિતિક દૃષ્ટિએ અને ખાતાના નિયમોની દૃષ્ટિએ ખોટું કાચું સરવૈયું – સ્વાધ્યાય


## 1. પ્રસ્તાવના (Introduction)

આપણે પ્રકરણ 1માં અભ્યાસ કર્યા પ્રમાણે હિસાબી પદ્ધતિ એ વિજ્ઞાન અને કળા છે. હિસાબી પદ્ધતિ વિજ્ઞાન હોવાથી તેના પોતાના નિયમો - સિદ્ધાંતો - પ્રણાલિકાઓ છે. હિસાબો તૈયાર કરતી વખતે આ તમામ બાબતોને ધ્યાનમાં રાખવામાં આવે છે. અગાઉ અભ્યાસ કર્યા પ્રમાણે આ હિસાબોનો ઉપયોગ ધંધા ઉપરાંત જુદા જુદા પક્ષકારો દ્વારા કરવામાં આવે છે. તેથી તૈયાર થયેલા હિસાબોને પ્રમાણિત કરવામાં આવે છે. હિસાબો સાચી અને વાજબી આર્થિક સ્થિતિ દર્શાવે છે તે અંગેનું પ્રમાણપત્ર કંપનીના સ્વરૂપમાં અપેક્ષિત હોય છે. બિનકૉર્પોરેટ સ્વરૂપમાં **સાચું અને વાજબી** ચિત્ર ગર્ભિત રીતે અપેક્ષિત છે.

## 2. સાચો અને વાજબી ખ્યાલ (True and Fair View)

ધંધાના હિસાબો સાચા અને વાજબી છે તે અંગેની જાણકારી બે બાબતોના આધારે નક્કી થાય છે :

(1) હિસાબો ગણિતની દૃષ્ટિએ સાચા છે

(2) હિસાબો નિયમોના આધારે તૈયાર કરવામાં આવ્યા છે.

હિસાબો તૈયાર કરવાની પદ્ધતિ એ દ્વિનોંધી નામા પદ્ધતિ છે, જેમાં વ્યવહારની બે અસરો થતી હોય છે, ઉધાર અને જમા. તેથી બધા વ્યવહારોનો ઉધાર બાજુનો સરવાળો એ જમા બાજુના સરવાળા જેટલો હોય છે અથવા જમા બાજુનો સરવાળો એ ઉધાર બાજુના સરવાળા જેટલો હોય છે. જો ઉધાર અને જમા બાજુના સરવાળા સરખા ન હોય તો હિસાબો ગણિતની દૃષ્ટિએ સાચા નથી.

હિસાબી પદ્ધતિ એ વિજ્ઞાન છે, તેથી વ્યવહારો નોંધવા માટે ખાતાનાં ત્રણ પ્રકાર દર્શાવવામાં આવ્યા છે – વ્યક્તિનાં ખાતા, માલમિલકતનાં ખાતા અને ઊપજ-ખર્ચનાં ખાતા – તેમના નિયમોના આધારે જ વ્યવહારો લખવામાં આવ્યા હોય તો હિસાબો સાચી પરિસ્થિતિ દર્શાવે છે.

હિસાબો ગણિતની દૃષ્ટિએ સાચા છે તે કેવી રીતે જાણી શકાય ? તે બાબતનો આ પ્રકરણમાં અભ્યાસ કરીશું.

હિસાબો ગણિતની દૃષ્ટિએ સાચા છે તે વિગતો દર્શાવતું પત્રક કાચું સરવૈયું છે. હિસાબો લખવાની શરૂઆત વ્યવહારથી થાય છે. ક્રમ પ્રમાણે પ્રથમ વ્યવહાર ઓળખાય છે, તેની આમનોંધ કે પેટાનોંધમાં નોંધ કરવામાં આવે છે. ખાતાવહીમાં ખતવણી કરવામાં આવે છે. ખાતાવહીમાં તમામ ખાતાઓની બાકીઓ શોધાતી હોય છે. આ બાકીઓ ઉધાર અને જમા હોય છે. આ બાકીઓને જે પત્રકમાં દર્શાવવામાં આવે છે તેને કાચું સરવૈયું કહેવામાં આવે છે. આ પત્રક કે કાચા સરવૈયામાં દર્શાવેલ ઉધાર બાકીઓનો સરવાળો અને જમા બાકીઓનો સરવાળો સરખો હોવો જોઈએ – આ પરિસ્થિતિ હિસાબો પ્રાથમિક દૃષ્ટિએ ગાણિતિક રીતે સાચા છે, તેવું દર્શાવે છે. ટૂંકમાં, ધંધાના હિસાબો ગણિતની દૃષ્ટિએ સાચા હોય અને નામાના (હિસાબી પદ્ધતિના) નિયમો પ્રમાણે લખાઈને ભૂલરહિત તૈયાર થયા હોય તેવા હિસાબો સાચા અને વ્યાજબી છે તેમ કહેવામાં આવે છે. જે ધંધાની સાચી અને વ્યાજબી પરિસ્થિતિ દર્શાવે છે.

## 3. કાચું સરવૈયું એટલે શું ? (What is Trial Balance ?)

''કાચું સરવૈયું એ એવું પત્રક છે, જે ખાતાવહીમાં દર્શાવેલ ઉધાર બાકીઓ અને જમા બાકીઓ ગણિતની દૃષ્ટિએ સાચી છે, તે દર્શાવે છે.'' અહીં ઉધાર બાકીઓનો સરવાળો અને જમા બાકીઓનો સરવાળો સરખો હોવો જોઈએ, તો જ કાચું સરવૈયું ગાણિતિક દૃષ્ટિએ સાચું છે તેમ કહેવાય.

કાચું સરવૈયું જે-તે દિવસનું તૈયાર કરવામાં આવે છે. દા.ત., શ્રી રમણલાલનું તા. 31-3-2015ના રોજનું કાચું સરવૈયું. ઉપર મુજબનું શીર્ષક કાચું સરવૈયું તૈયાર કરતાં પહેલાં આપવામાં આવે છે. આ કાચા સરવૈયામાં દર્શાવાતી બાકીઓ જે-તે હિસાબી સમયના અંતનું જે-તે ખાતાનું તારણરૂપ સ્વરૂપ છે.

**(1) કાચા સરવૈયાનાં લક્ષણો (Charateristics of trial balance) :**

**(i) પત્રક છે (It is a statement) :** કાચું સરવૈયું પત્રકના સ્વરૂપમાં હોય છે. તે ખાતા તરીકે ગણવામાં આવતું નથી.

**(ii) નિર્ધારિત સમય (Specific period) :** કાચા સરવૈયાનો સમયગાળો નિર્ધારિત હોય છે. સામાન્ય રીતે કાચું સરવૈયું 1 વર્ષ એટલે કે બાર માસ માટે હિસાબી વર્ષનાં અંતે તૈયાર કરવામાં આવે છે. 12 માસથી ઓછા સમયનું કાચું સરવૈયું પણ તૈયાર કરી શકાય છે.

**(iii) ખાતાઓની ગાણિતિક ચોકસાઈ (Mathematical accuracy of accounts) :** ખાતાવહીમાં દર્શાવેલ તમામ ઉધાર બાકીઓ અને જમા બાકીઓ અહીં દર્શાવવામાં આવે છે. આ બંને બાકીઓના સરવાળા અંગેની ચોકસાઈ કાચા સરવૈયા દ્વારા નક્કી થતી હોય છે.

**(iv) દ્વિનોંધી નામા પદ્ધતિ (Double entry system) :** જ્યાં દ્વિનોંધી નામા પદ્ધતિનો ઉપયોગ થતો હોય ત્યાં કાચું સરવૈયું તૈયાર કરવામાં આવે છે.

**(v) વાર્ષિક હિસાબો પહેલાંનો તબક્કો (Pre-stage of final accounts) :** ધંધાના વાર્ષિક હિસાબો પહેલાં કાચું સરવૈયું તૈયાર કરવામાં આવે છે. વાર્ષિક હિસાબો તૈયાર થતાં પહેલાં શક્ય તેટલી ભૂલો શોધવામાં આવે છે, જેથી કરીને હિસાબો સાચું અને વાજબી ચિત્ર રજૂ કરે.

**(2) કાચા સરવૈયાના હેતુઓ (Objectives of trial balance) :**

**(i) ગાણિતિક ચોકસાઈ (Arithmetical accuracy) :** ખાતાવહીનાં ખાતાઓની ગાણિતિક ચોકસાઈ કાચા સરવૈયા દ્વારા કરવામાં આવે છે. ઉધાર બાકીઓ અને જમા બાકીઓનો સરવાળો સરખો છે, તે તપાસવામાં આવે છે.

**(ii) ભૂલો શોધવી અને સુધારવી (Locate error and their rectification) :** કાચા સરવૈયા દ્વારા ઉધાર અને જમા બાકીઓના સરવાળા સરખા ન થાય તો ભૂલો શોધવામાં આવે છે.

**(iii) વાર્ષિક હિસાબોમાં સરળતા (Easy preparation of final accounts) :** કાચું સરવૈયું વાર્ષિક હિસાબો તૈયાર કરતાં પહેલાંનું પગથિયું છે. શક્ય તમામ ભૂલો આ તબક્કે શોધવામાં આવે છે. જેથી કરીને વાર્ષિક હિસાબોની ભૂલો ન્યૂનતમ રહે છે અથવા ભૂલો રહેતી નથી. જેથી વાર્ષિક હિસાબો સરળતાથી ઝડપી ધોરણે તૈયાર થઈ શકે છે.

**(iv) ખાતાઓની બાકીઓ (Balances of accounts) :** હિસાબોમાં જેટલાં પણ ખાતાઓ હોય તે દરેક ખાતાઓની બાકીઓ કાચા સરવૈયામાં દર્શાવવામાં આવે છે. તેથી કોઈ પણ ખાતાની બાકી કાચા સરવૈયાં પરથી ઉપલબ્ધ થાય છે.

કાચું સરવૈયું આમ હિસાબી પદ્ધતિનું ખૂબ જ અગત્યનું અંગ છે. કાચું સરવૈયું બંને બાજુના સરવાળા સરખા દર્શાવે તો ગાણિતિક સિવાયની જ ભૂલો શોધવાની બાકી રહે છે.

**(3) કાચું સરવૈયું તૈયાર કરવાની રીતો (Methods of preparation of a trial balance) :**

**(i) સરવાળા પદ્ધતિ (Total method) :** આ પદ્ધતિમાં દરેક ખાતાની ઉધાર બાજુ અને જમા બાજુનો સરવાળો કરવામાં આવે છે. ઉધાર બાજુના સરવાળાને અને જમા બાજુના સરવાળાને દર્શાવવામાં આવે છે. દા.ત., રમેશને ઉધાર માલ વેચ્યો ₹ 20,000. રમેશ પાસેથી ₹ 18,000 રોકડા મળ્યા. વેચાણ વખતે રમેશ ખાતે ઉધાર ₹ 20,000 થશે અને તેમણે ચૂકવ્યા ત્યારે તેમના ખાતે ₹ 18,000 જમા દર્શાવવામાં આવશે. આ જ રકમો કાચા સરવૈયામાં ઉધાર બાજુના સરવાળા તરીકે ₹ 20,000 અને જમા બાજુના સરવાળા તરીકે ₹ 18,000 દર્શાવવામાં આવશે. સામાન્ય રીતે આ પદ્ધતિ ઓછી પ્રચલિત છે.

આ રીતનાં કાચાં સરવૈયાંનો નમૂનો નીચે પ્રમાણે છે :

**શ્રી રમણલાલનું તા. 31-3-2015નાં રોજનું કાચું સરવૈયું**

| ખાતાનું નામ | ખા.પા. | ખાતાની ઉધાર બાજુનો સરવાળો (₹) | ખાતાની જમા બાજુનો સરવાળો (₹) |
|---|---|---|---|
| ✓ | | ✓ | |
| ✓ | | ✓ | |
| ✓ | | ✓ | |
| ✓ | | | ✓ |
| ✓ | | | ✓ |
| ✓ | | | ✓ |
| | | ✓ | ✓ |

**ઉદાહરણ 1 :** શ્રી ધર્મના હિસાબી ચોપડા પરથી તા. 31-3-2015નાં રોજનાં વિવિધ ખાતાનાં ઉધાર બાજુ અને જમા બાજુના સરવાળા આપ્યા છે, તે પરથી કાચું સરવૈયું તૈયાર કરો :

| ખાતાનું નામ | ખા.પા. | ખાતાની ઉધાર બાજુનો સરવાળો (₹) | ખાતાની જમા બાજુનો સરવાળો (₹) |
|---|---|---|---|
| મૂડી ખાતું | | – | 90,000 |
| ઉપાડ ખાતું | | 20,000 | – |
| પરમનું ખાતું | | 3000 | 9500 |
| કરમનું ખાતું | | 4000 | 6000 |
| અસ્મિતાનું ખાતું | | 8000 | 2000 |
| ખુશ્બુનું ખાતું | | 10,000 | 3000 |
| શેઠ ઍન્ડ બ્રધસનું ખાતું | | 9000 | 2000 |
| રોકડ ખાતું | | 57,000 | 49,500 |
| બૅન્ક ખાતું | | 30,000 | 8000 |
| ફર્નિચર ખાતું | | 20,000 | – |
| ખરીદ ખાતું | | 25,000 | – |
| વેચાણ ખાતું | | – | 28,000 |
| પગાર ખાતું | | 5000 | – |
| મજૂરી ખાતું | | 6000 | – |
| સ્ટેશનરી ખાતું | | 1000 | – |
| વટાવ ખાતું | | 2000 | – |
| ખરીદપરત ખાતું | | – | 2000 |

**શ્રી ધર્મનું તા. 31-3-2015નાં રોજનું કાચું સરવૈયું**

| ખાતાનું નામ | ખા.પા. | ખાતાની ઉધાર બાજુનો સરવાળો (₹) | ખાતાની જમા બાજુનો સરવાળો (₹) |
|---|---|---|---|
| મૂડી ખાતું | | – | 90,000 |
| ઉપાડ ખાતું | | 20,000 | – |
| પરમનું ખાતું | | 3000 | 9500 |
| કરમનું ખાતું | | 4000 | 6000 |
| અસ્મિતાનું ખાતું | | 8000 | 2000 |
| ખુશ્બુનું ખાતું | | 10,000 | 3000 |
| શેઠ ઍન્ડ બ્રધસનું ખાતું | | 9000 | 2000 |
| રોકડ ખાતું | | 57,000 | 49,500 |
| બૅન્ક ખાતું | | 30,000 | 8000 |
| ફર્નિચર ખાતું | | 20,000 | – |
| ખરીદ ખાતું | | 25,000 | – |
| વેચાણ ખાતું | | – | 28,000 |
| પગાર ખાતું | | 5000 | – |
| મજૂરી ખાતું | | 6000 | – |
| સ્ટેશનરી ખાતું | | 1000 | – |
| વટાવ ખાતું | | 2000 | – |
| ખરીદપરત ખાતું | | – | 2000 |
| | | **2,00,000** | **2,00,000** |

**(ii) બાકીની પદ્ધતિ (Balance method) :** આ પદ્ધતિમાં ઉધાર બાજુના સરવાળા અને જમા બાજુના સરવાળાના તફાવતને કાચા સરવૈયામાં દર્શાવવામાં આવે છે. ખાતાની ઉધાર બાજુનો સરવાળો વધારે હોય ત્યારે તફાવત ખાતાની જમા બાજુએ આવે છે, પણ તે ઉધાર બાકી ગણાય છે. ખાતાની જમા બાજુનો સરવાળો વધારે હોય ત્યારે તફાવત ખાતાની ઉધાર બાજુએ આવે છે, પણ તે જમા બાકી ગણાય છે. વ્યવહારમાં આ પદ્ધતિ પ્રચલિત છે. આ રીતના આધારે વાર્ષિક હિસાબો તૈયાર કરવામાં આવે છે.

દા.ત., ઉપરના પાન નંબર 228નાં ઉદાહરણમાં રમેશનું ખાતું ઉધાર બાજુ ₹ 20,000 અને જમા બાજુ ₹ 18,000 દર્શાવે છે. આ પદ્ધતિમાં તફાવતની રકમ ₹ 2000 ઉધાર બાકી તરીકે દર્શાવાશે.

ઉધાર **રમેશનું ખાતું** જમા

| વિગત | રકમ (₹) | વિગત | રકમ (₹) |
|---|---|---|---|
| વેચાણ ખાતે | 20,000 | રોકડ ખાતે | 18,000 |
| | | બાકી આગળ લઈ ગયા | 2000 |
| | **20,000** | | **20,000** |

આમ કાચા સરવૈયા ₹ 20,000 ઉધાર બાજુ અને ₹ 18,000 જમા બાજુ દર્શાવાનાં બદલે ઉધાર બાજુ ₹ 2000 ચોખ્ખી રકમ બતાવવામાં આવશે.

કાચું સરવૈયું પત્રકનાં સ્વરૂપે અથવા ખાતાના સ્વરૂપે તૈયાર કરી શકાય છે. (ઉધાર બાકીઓ અને જમા બાકીઓના સ્વરૂપે) ઉદાહરણ 2 પત્રક પ્રમાણેનું કાચું સરવૈયું બતાવે છે. જેમાં પ્રથમ ખાનું ખાતાનું નામ, બીજું ખાતાવહી પાના નંબર, ત્રીજું ઉધાર બાકી રકમ અને ચોથું જમા બાકી રકમ દર્શાવે છે.

ઉદાહરણ 3 ખાતા સ્વરૂપે તૈયાર કરવામાં આવેલ છે. જેમાં પ્રથમ ખાનું ઉધાર બાકી દર્શાવતા ખાતાનું નામ અને બીજું ખાનું ઉધાર બાકી વાળા ખાતાની રકમ માટેનું છે. ત્રીજું ખાનું જમા બાકી દર્શાવતા ખાતાનું નામ અને ચોથું ખાનું જમા બાકી વાળા ખાતાની રકમ માટેનું છે.

**ઉદાહરણ 2 :** નીચેની બાકીઓ ઈન્દરના હિસાબી ચોપડાઓમાંથી લેવામાં આવી છે. તેના પરથી તા. 31-3-2015નાં રોજનું કાચું સરવૈયું તૈયાર કરો.

| ખાતાનું નામ | રકમ (₹) | ખાતાનું નામ | રકમ (₹) |
|---|---|---|---|
| મૂડી ખાતું | 2,10,400 | 10 % સરકારી જામીનગીરીઓ | 25,000 |
| ઉપાડ ખાતું | 10,000 | શરૂઆતનો સ્ટૉક | 75,000 |
| દેવાદારો | 43,750 | ખરીદ ખાતું | 73,250 |
| લેણદારો | 35,600 | વેચાણ ખાતું | 1,06,000 |
| રોકડ | 88,050 | ખરીદમાલપરત ખાતું | 9250 |
| ફર્નિચર | 25,000 | વેચાણમાલપરત ખાતું | 6250 |
| બૅન્કસિલક | 39,900 | અંગત વપરાશ માટે લીધેલ માલ | 5000 |
| મળેલ કમિશન | 1500 | બૅન્ક લોન | 25,000 |
| બૅન્ક કમિશન | 350 | આપેલ વટાવ | 5000 |
| વીજળી ખર્ચ | 6200 | મળેલ વટાવ | 1500 |
| મજૂરી | 1500 | ગાડાભાડું | 1000 |
| પગાર | 5000 | આગથી થયેલ નુકસાન | 3000 |
| આગથી બળી ગયેલ માલ | 15,000 | ટેલિફોન ખર્ચ | 1000 |

**ઉધાર બાકી અને જમા બાકી અંગે સમજૂતી**

| બાકીઓ | વ્યક્તિ ખાતા | માલ-મિલકત ખાતા | ઊપજ-ખર્ચ ખાતા |
|---|---|---|---|
| **ઉધાર બાકીઓ :** | ઉપાડ ખાતું<br>દેવાદારો | રોકડ<br>ફર્નિચર<br>બૅન્કસિલક<br>10 % ની સરકારી જામીનગીરીઓ<br>શરૂઆતનો સ્ટૉક<br>ખરીદ ખાતું<br>વેચાણમાલ પરત ખાતું | બૅન્ક કમિશન<br>વીજળી ખર્ચ<br>મજૂરી<br>પગાર<br>આપેલ વટાવ<br>ગાડાભાડું<br>આગથી થયેલ નુકસાન<br>ટેલિફોન ખર્ચ |

| બાકીઓ | વ્યક્તિ ખાતા | માલ-મિલકત ખાતા | ઊપજ-ખર્ચ ખાતા |
|---|---|---|---|
| **જમા બાકીઓ :** | મૂડી ખાતું<br>લેણદારો<br>બૅન્ક લોન | આગથી બળી ગયેલ માલ<br>વેચાણ ખાતું<br>ખરીદમાલ પરત ખાતું<br>અંગત વપરાશ માટે લીધેલ માલ | મળેલ કમિશન<br>મળેલ વટાવ |

**ઈન્દરનું તા. 31-3-2015ના રોજનું કાચું સરવૈયું**

| ખાતાનું નામ | ખા.પા. | ખાતાની ઉધાર બાકી (₹) | ખાતાની જમા બાકી (₹) |
|---|---|---|---|
| મૂડી ખાતું | | – | 2,10,400 |
| ઉપાડ ખાતું | | 10,000 | – |
| દેવાદારો | | 43,750 | – |
| લેણદારો | | – | 35,600 |
| રોકડ | | 88,050 | – |
| ફર્નિચર | | 25,000 | – |
| બૅન્ક | | 39,900 | – |
| મળેલ કમિશન | | – | 1500 |
| બૅન્ક કમિશન | | 350 | – |
| વીજળી ખર્ચ | | 6200 | – |
| મજૂરી | | 1500 | – |
| પગાર | | 5000 | – |
| આગથી બળી ગયેલ માલ | | – | 15,000 |
| 10 ટકાની સરકારી જામીનગીરી | | 25,000 | – |
| શરૂઆતનો સ્ટૉક | | 75,000 | – |
| ખરીદ ખાતું | | 73,250 | – |
| વેચાણ ખાતું | | – | 1,06,000 |
| ખરીદમાલપરત ખાતું | | – | 9250 |
| વેચાણમાલપરત ખાતું | | 6250 | – |
| અંગત વપરાશ માટે લીધેલ માલ | | – | 5000 |
| બૅન્ક લોન | | – | 25,000 |
| આપેલ વટાવ | | 5000 | – |
| મળેલ વટાવ | | – | 1500 |
| ગાડાભાડું | | 1000 | – |
| આગથી થયેલ નુકસાન | | 3000 | – |
| ટેલિફોન ખર્ચ | | 1000 | – |
| **કુલ સરવાળો** | | **4,09,250** | **4,09,250** |

**નોંધ :** ઉપરનું કાચું સરવૈયું પત્રક સ્વરૂપે તૈયાર થયેલ છે.

ઉપરના ઉદાહરણમાં ખાતાનાં સ્વરૂપે કાચું સરવૈયું નીચે પ્રમાણે તૈયાર કરી શકાય :

**ઈન્દરનું તા. 31-3-2015નાં રોજનું કાચું સરવૈયું**

| ઉધાર બાકી | રકમ (₹) | જમા બાકી | રકમ (₹) |
|---|---|---|---|
| ઉપાડ ખાતું | 10,000 | મૂડી | 2,10,400 |
| દેવાદારો | 43,750 | લેણદારો | 35,600 |
| રોકડ | 88,050 | મળેલ કમિશન | 1500 |
| ફર્નિચર | 25,000 | આગથી બળી ગયેલ માલ | 15,000 |
| બૅન્ક | 39,900 | વેચાણ ખાતું | 1,06,000 |
| બૅન્ક કમિશન | 350 | ખરીદમાલપરત ખાતું | 9250 |
| વીજળી ખર્ચ | 6200 | અંગત વપરાશ માટે લીધેલ માલ | 5000 |
| મજૂરી | 1500 | બૅન્ક લોન | 25,000 |
| પગાર | 5000 | મળેલ વટાવ | 1500 |
| 10 ટકાની સરકારી જામીનગીરી | 25,000 | | |
| શરૂઆતનો સ્ટૉક | 75,000 | | |
| ખરીદ ખાતું | 73,250 | | |
| વેચાણમાલપરત ખાતું | 6250 | | |
| આપેલ વટાવ | 5000 | | |
| ગાડાભાડું | 1000 | | |
| આગથી થયેલ નુકસાન | 3000 | | |
| ટેલિફોન ખર્ચ | 1000 | | |
| | **4,09,250** | | **4,09,250** |

**ઉદાહરણ 3 :** શ્રી અમિતના ચોપડેથી તા. 31-3-2016નાં રોજ નીચેની બાકીઓ લેવામાં આવી છે. આ બાકીઓ પરથી શ્રી અમિતનું કાચું સરવૈયું તૈયાર કરો.

| ખાતાનું નામ | રકમ (₹) | ખાતાનું નામ | રકમ (₹) |
|---|---|---|---|
| માલિકની મૂડી | 48,000 | ઉપાડ | 2000 |
| બૅન્ક સિલક | 14,000 | રોકડસિલક | 4800 |
| મુસાફરી ખર્ચ | 480 | પગાર | 800 |
| દેવાદારો | 14,040 | મળેલ વ્યાજ | 200 |
| ભાડું | 600 | વેચાણમાલપરત | 2200 |
| ખરીદમાલપરત | 1400 | વેચાણ | 36,800 |
| ખરીદી | 28,000 | પ્રોવિડન્ટ ફંડમાં ફાળો | 320 |
| પ્રોવિડન્ટ ફંડ | 1000 | લીધેલ લોન | 9200 |
| યંત્રો | 7200 | માલનો સ્ટૉક | 34,000 |
| લેણદારો | 8640 | જાહેરાત ખર્ચ | 480 |
| સ્ટેશનરી ખર્ચ | 400 | ફર્નિચર | 9800 |
| મળેલ વટાવ | 280 | આપેલ વટાવ | 400 |
| દેવી હૂંડી | 3000 | લેણીહૂંડી | 6000 |
| મળેલ કમિશન | 4000 | ઘાલખાધ | 1000 |
| મિત્ર પાસેથી લોન | 6000 | ખર્ચા ચૂકવવાનાં બાકી | 8000 |

ઉપરની બાકીઓમાં કઈ ઉધાર બાકી છે અને કઈ જમા બાકી છે તે નક્કી કરો. આ ઉધાર કે જમા બાકી કયાં ખાતાનાં પ્રકારને લાગુ પડે છે તે પણ નક્કી કરો.

**ઉધાર બાકી અને જમા બાકી અંગે સમજૂતી**

| બાકીઓ | વ્યક્તિ ખાતા | માલ-મિલકત ખાતા | ઊપજ-ખર્ચ ખાતા |
|---|---|---|---|
| **ઉધાર બાકીઓ :** | ઉપાડ<br>લેણીહૂંડી<br>બૅન્કસિલક<br>દેવાદારો | ખરીદી<br>યંત્રો<br>રોકડસિલક<br>વેચાણમાલપરત<br>માલનો સ્ટૉક<br>ફર્નિચર | મુસાફરી ખર્ચ<br>ભાડું<br>સ્ટેશનરી ખર્ચ<br>પ્રોવિડન્ટ ફંડમાં ફાળો<br>જાહેરાત ખર્ચ<br>આપેલ વટાવ<br>ઘાલખાધ<br>પગાર |
| **જમા બાકીઓ :** | માલિકની મૂડી<br>પ્રોવિડન્ટ ફંડ<br>લેણદારો<br>દેવીહૂંડી<br>લીધેલ લોન<br>મિત્ર પાસેથી લીધેલ લોન<br>ખર્ચા ચૂકવવાનાં બાકી | ખરીદમાલપરત<br>વેચાણ | મળેલ વટાવ<br>મળેલ કમિશન<br>મળેલ વ્યાજ |

**શ્રી અમિતનું તા. 31-3-2016ના રોજનું કાચું સરવૈયું**

| ઉધાર બાકી | રકમ (₹) | જમા બાકી | રકમ (₹) |
|---|---|---|---|
| બૅન્કસિલક | 14,000 | માલિકની મૂડી | 48,000 |
| મુસાફરી ખર્ચ | 480 | ખરીદમાલપરત | 1400 |
| દેવાદારો | 14,040 | પ્રોવિડન્ટ ફંડ | 1000 |
| ભાડું | 600 | લેણદારો | 8640 |
| ખરીદી | 28,000 | મળેલ વટાવ | 280 |
| યંત્રો | 7200 | દેવીહૂંડી | 3000 |
| સ્ટેશનરી ખર્ચ | 400 | મળેલ કમિશન | 4000 |
| ઉપાડ | 2000 | મિત્ર પાસેથી લોન | 6000 |
| રોકડસિલક | 4800 | મળેલ વ્યાજ | 200 |
| પગાર | 800 | વેચાણ | 36,800 |
| વેચાણમાલપરત | 2200 | લીધેલ લોન | 9200 |
| પ્રોવિડન્ટ ફંડમાં ફાળો | 320 | ખર્ચા ચૂકવવાના બાકી | 8000 |
| માલનો સ્ટૉક | 34,000 | | |
| જાહેરાત ખર્ચ | 480 | | |
| ફર્નિચર | 9800 | | |
| આપેલ વટાવ | 400 | | |
| લેણીહૂંડી | 6000 | | |
| ઘાલખાધ | 1000 | | |
| | **1,26,520** | | **1,26,520** |

## 4. ગાણિતિક દૃષ્ટિએ સાચું કાચું સરવૈયું પણ ખાતાના નિયમોની દૃષ્ટિએ ખોટું કાચું સરવૈયું

ઘણી વખત વ્યવહારમાં એવું બને છે કે કાચા સરવૈયાની ઉધાર બાજુ અને જમા બાજુનો સરવાળો સરખો હોય છે, પણ ઉધાર બાજુની વિગત જમા બાજુ અને જમા બાજુની વિગત ઉધાર બાજુ દર્શાવેલ હોય છે. તેથી આ કાચા સરવૈયા પરથી તૈયાર કરવામાં આવેલ હિસાબો સાચી અને વાજબી સ્થિતિ રજૂ કરતા નથી, તેથી કાચા સરવૈયાને સુધારવાની જરૂરિયાત ઊભી થાય. આ અંગેનું ઉદાહરણ નીચે પ્રમાણે છે.

**ઉદાહરણ 4 :** હિમાનીનું તા. 31-3-2016ના રોજનું કાચું સરવૈયું નીચે પ્રમાણે આપવામાં આવેલ છે. ખાતાના નિયમોની દૃષ્ટિએ આ કાચું સરવૈયું સાચું છે કે નહિ તે નક્કી કરો. જો ભૂલો હોય તો સુધારેલ કાચું સરવૈયું બનાવો.

**હિમાનીનું તા. 31-3-2016નાં રોજનું કાચું સરવૈયું**

| ઉધાર બાકી | રકમ (₹) | જમા બાકી | રકમ (₹) |
|---|---|---|---|
| વેપારીઓ (લેણદારો) | 10,000 | મૂડી | 25,000 |
| દેવીહૂંડીઓ | 9000 | પગાર | 5000 |
| વ્યાજ મળ્યું | 6000 | બૅન્ક ઓવરડ્રાફ્ટ | 10,000 |
| મળેલ વટાવ | 750 | ગ્રાહકો (દેવાદારો) | 20,000 |
| યંત્ર | 10,500 | આપેલ વટાવ | 250 |
| માલનો સ્ટૉક | 15,000 | વેચાણ | 30,000 |
| ખરીદી | 35,000 | વેચાણપરત | 4250 |
| મજૂરી | 4500 | ચૂકવેલ ભાડું | 9000 |
| ખરીદ પરત | 3750 | | |
| કમિશન મળ્યું | 7000 | | |
| ડિવિડન્ડ મળ્યું | 2000 | | |
| | **1,03,500** | | **1,03,500** |

| ઉધાર બાજુએ દર્શાવેલ જમા બાકીઓ | રકમ (₹) | જમા બાજુએ દર્શાવેલ ઉધાર બાકીઓ | રકમ (₹) |
|---|---|---|---|
| વેપારીઓ (લેણદારો) | 10,000 | પગાર | 5000 |
| દેવીહૂંડી | 9000 | ગ્રાહકો (દેવાદારો) | 20,000 |
| વ્યાજ મળ્યું | 6000 | આપેલ વટાવ | 250 |
| મળેલ વટાવ | 750 | વેચાણપરત | 4250 |
| ખરીદપરત | 3750 | ચૂકવેલ ભાડું | 9000 |
| કમિશન મળ્યું | 7000 | | |
| ડિવિડન્ડ મળ્યું | 2000 | | |
| | **38,500** | | **38,500** |

**નોંધ :** બંને બાજુએ ખોટી લખાયેલ બાકીઓનો સરવાળો ₹ 38,500 થાય છે. તેથી ગણિતની દૃષ્ટિએ કાચું સરવૈયું સાચું છે, પણ નિયમોની દૃષ્ટિએ આ કાચું સરવૈયું માન્ય ગણાય નહિ. સુધારેલ કાચું સરવૈયું પાછળ દર્શાવેલ પ્રમાણે બનશે.

**હિમાનીનું તા. 31-3-2016નાં રોજનું સુધારેલ કાચું સરવૈયું**

| ઉધાર બાકી | રકમ (₹) | જમા બાકી | રકમ (₹) |
|---|---|---|---|
| પગાર | 5000 | વેપારીઓ (લેણદારો) | 10,000 |
| ગ્રાહકો (દેવાદારો) | 20,000 | દેવીહૂંડી | 9000 |
| આપેલ વટાવ | 250 | વ્યાજ મળ્યું | 6000 |
| વેચાણપરત | 4250 | મળેલ વટાવ | 750 |
| ચૂકવેલ ભાડું | 9000 | ખરીદપરત | 3750 |
| યંત્ર | 10,500 | કમિશન મળ્યું | 7000 |
| માલનો સ્ટૉક | 15,000 | ડિવિડન્ડ મળ્યું | 2000 |
| ખરીદી | 35,000 | મૂડી | 25,000 |
| મજૂરી | 4500 | બૅન્ક ઓવરડ્રાફ્ટ | 10,000 |
| | | વેચાણ | 30,000 |
| | **1,03,500** | | **1,03,500** |

**5. ગાણિતિક દૃષ્ટિએ અને ખાતાના નિયમોની દૃષ્ટિએ ખોટું કાચું સરવૈયું**

ઘણી વખત હિસાબનીશની ભૂલનાં કારણે અથવા અનુભવના અભાવને કારણે કાચા સરવૈયાની બંને બાજુના સરવાળા સરખા થતાં નથી. આવા સંજોગોમાં ભૂલો શોધી અને સુધારેલ કાચું સરવૈયું તૈયાર કરવાનું હોય છે. આ અંગેનું ઉદાહરણ નીચે આપેલ છે.

**ઉદાહરણ 5 :** શ્રી અતુલના તા. 31-3-2016ના રોજના કાચા સરવૈયાના બંને બાજુના સરવાળા સરખા થતા નથી. ભૂલો શોધી સુધારેલ કાચું સરવૈયું તૈયાર કરો.

**શ્રી અતુલનું તા. 31-3-2016ના રોજનું કાચું સરવૈયું**

| ઉધાર બાકી | રકમ (₹) | જમા બાકી | રકમ (₹) |
|---|---|---|---|
| શરૂઆતનો સ્ટૉક | 22,500 | વેચાણ | 3,75,000 |
| ઘાલખાધ અનામત | 2400 | રોકાણો | 15,000 |
| રોકાણોનું વ્યાજ | 900 | વેચાણમાલપરત | 25,500 |
| ખરીદી | 2,25,000 | મૂડી | 42,000 |
| પગાર | 25,500 | લેણીહૂંડી | 19,500 |
| જાવકમાલ ગાડાભાડું | 7350 | દેવાદારો | 75,000 |
| ખરીદમાલ પરત | 13,050 | મળેલ ભાડું | 1050 |
| મોટરકાર | 24,000 | લોન પર વ્યાજ | 1080 |
| મજૂરી | 6750 | મળેલ વટાવ | 2250 |
| તાર-ટપાલ | 600 | આવકમાલ ગાડાભાડું | 10,500 |
| ઉપાડ | 6000 | | |
| રોકડસિલક | 1500 | | |
| દેવીહૂંડી | 9750 | | |
| બૅન્ક ઓવરડ્રાફ્ટ | 12,000 | | |
| પરચૂરણ ખર્ચ | 13,050 | | |
| લેણદારો | 45,000 | | |
| ઘાલખાધ | 1950 | | |
| વીમા-પ્રીમિયમ | 6120 | | |
| બૅન્ક લોન | 36,000 | | |
| જાહેરાત ખર્ચ | 7500 | | |
| જમીન મકાન | 45,000 | | |
| | **5,11,920** | | **5,66,880** |

જમા બાજુનો સરવાળો ₹ 5,66,880 અને ઉધાર બાજુનો સરવાળો ₹ 5,11,920 છે. જમા બાજુનો સરવાળો ₹ 54,960 વધુ છે. ખોટી નોંધાયેલ વિગતોનો તફાવત ₹ 54,960 ÷ 2 = ₹ 27,480 આવે તો તમે શોધેલી વિગતોનો તફાવત સાચું કાચું સરવૈયું બતાવશે.

| ઉધાર બાજુએ દર્શાવેલ જમા બાકીઓ | રકમ (₹) | જમા બાજુએ દર્શાવેલ ઉધાર બાકીઓ | રકમ (₹) |
|---|---|---|---|
| ઘાલખાધ અનામત | 2400 | રોકાણો | 15,000 |
| રોકાણોનું વ્યાજ | 900 | વેચાણમાલપરત | 25,500 |
| ખરીદમાલપરત | 13,050 | લેણીહૂંડી | 19,500 |
| દેવીહૂંડી | 9750 | દેવાદારો | 75,000 |
| બૅન્ક ઓવરડ્રાફ્ટ | 12,000 | લોન પર વ્યાજ | 1080 |
| લેણદારો | 45,000 | આવકમાલ ગાડાભાડું | 10,500 |
| બૅન્ક લોન | 36,000 | | |
| | **1,19,100** | | **1,46,580** |

અહીં જમા બાજુનો સરવાળો ₹ 1,46,580 અને ઉધાર બાજુનો સરવાળો ₹ 1,19,100 છે. તફાવત જમા બાજુએ ₹ 1,46,580 − ₹ 1,19,100 = ₹ 27,480 વધુ છે. તેથી ઉપર આપેલા કાચા સરવૈયામાં જમાબાજુનો સરવાળો જે ₹ 5,66,880 છે, તેમાંથી ₹ 27,480 બાદ કરવા. વધેલ રકમ ₹ 5,39,400 જમા બાજુનો સાચો સરવાળો છે. તેવી જ રીતે ઉધાર બાજુનો સરવાળો ₹ 5,11,920 છે, તેમાં ₹ 27,480 ઉમેરો. કુલ રકમ ₹ 5,39,400 આવશે.

આમ, ઉધાર બાજુનો અને જમા બાજુનો સરવાળો સરખો થતાં કાચું સરવૈયું ગાણિતિક દૃષ્ટિએ અને નિયમોની દૃષ્ટિએ સાચું ચિત્ર રજૂ કરશે.

સુધારેલ કાચું સરવૈયું નીચે પ્રમાણે છે :

**શ્રી અતુલનું તા. 31-3-2016ના રોજનું કાચું સરવૈયું**

| ઉધાર બાકી | રકમ (₹) | જમા બાકી | રકમ (₹) |
|---|---|---|---|
| રોકાણો | 15,000 | ઘાલખાધ અનામત | 2400 |
| વેચાણમાલપરત | 25,500 | રોકાણોનું વ્યાજ | 900 |
| લેણીહૂંડી | 19,500 | ખરીદમાલપરત | 13,050 |
| દેવાદારો | 75,000 | દેવીહૂંડી | 9750 |
| લોનનું વ્યાજ | 1080 | બૅન્ક ઓવરડ્રાફ્ટ | 12,000 |
| આવકમાલ ગાડાભાડું | 10,500 | લેણદારો | 45,000 |
| શરૂઆતનો સ્ટૉક | 22,500 | બૅન્ક લોન | 36,000 |
| ખરીદી | 2,25,000 | વેચાણ | 3,75,000 |
| પગાર | 25,500 | મૂડી | 42,000 |
| જાવકમાલ ગાડાભાડું | 7350 | મળેલ ભાડું | 1050 |
| મોટરકાર | 24,000 | મળેલ વટાવ | 2250 |
| મજૂરી | 6750 | | |
| તાર-ટપાલ | 600 | | |
| ઉપાડ | 6000 | | |
| રોકડસિલક | 1500 | | |
| પરચૂરણ ખર્ચ | 13,050 | | |
| ઘાલખાધ | 1950 | | |
| વીમા-પ્રીમિયમ | 6120 | | |
| જાહેરાત ખર્ચ | 7500 | | |
| જમીન-મકાન | 45,000 | | |
| | **5,39,400** | | **5,39,400** |

## સ્વાધ્યાય

**1. દરેક પ્રશ્ન માટે યોગ્ય વિકલ્પ પસંદ કરો :**

(1) કાચું સરવૈયું કયા તબક્કા પછી તૈયાર કરવામાં આવે છે ?

(અ) આમનોંધ પછી (બ) હવાલા પછી

(ક) ખાતાવહી પછી (ડ) ખાતાવહી પહેલાં

(2) કાચાં સરવૈયાના આધારે કઈ બાબત તૈયાર કરવામાં આવે છે ?

(અ) વાર્ષિક હિસાબો (બ) હવાલાઓ

(ક) ખાતાવહી (ડ) પેટાનોંધો

(3) કાચાં સરવૈયાંમાં કેટલા સમયનાં ખાતા હોય છે ?

(અ) 1 વર્ષનાં (બ) ગમે તેટલા સમયનાં

(ક) છ માસનાં (ડ) ત્રણ માસનાં

(4) કાચું સરવૈયું કઈ કઈ રીતે તૈયાર કરી શકાય ?

(અ) ફક્ત પત્રકનાં સ્વરૂપે (બ) ફક્ત ખાતાનાં સ્વરૂપે

(ક) અન્ય ગમે તે રીતે (ડ) (અ) અથવા (બ)

(5) ગાણિતિક દૃષ્ટિએ કાચું સરવૈયું સાચું એટલે

(અ) ઉધાર બાજુનો વધુ સરવાળો (બ) જમા બાજુનો વધુ સરવાળો

(ક) બંને બાજુનો સરખો સરવાળો (ડ) બંને બાજુનો સરવાળો શૂન્ય

**2. નીચેના પ્રશ્નોના એક વાક્યમાં જવાબ લખો :**

(1) કાચું સરવૈયું ગણિતની દૃષ્ટિએ ક્યારે સાચું કહેવાય ?

(2) કાચા સરવૈયામાં કેટલી બાજુઓ હોય છે ?

(3) કાચા સરવૈયાનાં બંને બાજુના સરવાળા વિશે તમે શું જાણો છો ?

**3. નીચેના પ્રશ્નોના બે કે ત્રણ વાક્યમાં જવાબ આપો :**

(1) કાચું સરવૈયું તૈયાર કરવાની સરવાળા પદ્ધતિ અને બાકીની પદ્ધતિ સમજાવો.

(2) કાચા સરવૈયાનું પત્રક સ્વરૂપ અને ખાતા સ્વરૂપ સમજાવો.

(3) કાચા સરવૈયાનાં બે લક્ષણો સમજાવો.

(4) કાચાં સરવૈયાના બે હેતુઓ સમજાવો.

(5) સાચો અને વાજબી ખ્યાલ ક્યારે બને છે ?

**4. નીચે આપેલ વિગતોના આધારે પ્રવિણ પટેલનું તા. 31-3-2016ના રોજનું કાચું સરવૈયું તૈયાર કરો :**

| ખાતાનું નામ | રકમ (₹) | ખાતાનું નામ | રકમ (₹) |
|---|---|---|---|
| શરૂઆતનો સ્ટૉક | 7440 | બૅન્ક લોન | 1760 |
| મજૂરી | 4000 | આવકમાલ ગાડાભાડું | 1200 |
| વેચાણ | 48,000 | ખરીદી | 30,000 |
| સમારકામ | 800 | જાવકમાલ ગાડાભાડું | 600 |
| વેરો | 600 | દેવાદારો | 8000 |
| જમીન-મકાન | 2400 | રોકડસિલક | 80 |
| પ્લાન્ટ-મશીનરી | 3000 | છૂટાં ઓજારો | 720 |
| વીજળી ખર્ચ | 920 | લેણદારો | 3200 |
| મૂડી | 16,000 | પરચૂરણ આવકો | 240 |
| ઑફિસ પગાર | 1000 | ઑફિસ ફર્નિચર | 240 |
| પેટન્ટ | 400 | પાઘડી | 6000 |
| બૅન્કસિલક | 1800 | | |

5. નીચે આપેલ ખાતાની બાકીઓ પરથી શ્રી બ્રિજમોહનનું તા. 31-3-2016નાં રોજનું કાચું સરવૈયું તૈયાર કરો :

| ખાતાનું નામ | રકમ (₹) | ખાતાનું નામ | રકમ (₹) |
|---|---|---|---|
| શરૂઆતનો સ્ટૉક | 7800 | પ્લાન્ટ યંત્રો | 4500 |
| ગીરોમુક્ત મિલકતો | 15,000 | મજૂરી | 1000 |
| પરચૂરણ દેવાદારો | 6000 | આવકમાલ ગાડાભાડું | 90 |
| કારખાના ખર્ચ | 800 | રૉયલ્ટી | 100 |
| કાચામાલની ખરીદી | 7500 | જાવકમાલ ગાડાભાડું | 100 |
| કારખાનાં ભાડું | 700 | મૂડી | 8000 |
| વટાવ આપ્યો | 400 | વટાવ મળ્યો | 360 |
| પરચૂરણ લેણદારો | 2000 | વીમો | 200 |
| ઘાલખાધ અનામત | 150 | કમિશન મળ્યું | 1500 |
| કમિશન ચૂકવ્યું | 500 | ઘાલખાધ | 150 |
| ઑફિસ ખર્ચા | 750 | પગાર | 1000 |
| મુસાફરી ખર્ચા | 100 | કાનૂની ખર્ચા | 100 |
| બૅન્ક સિલક | 420 | રોકડસિલક | 400 |
| લીધેલ લોન | 3000 | ઑફિસ ભાડું | 400 |
| ચોખ્ખું વેચાણ | 33,000 | | |

6. વલ્લભ દ્વારા નીચે પ્રમાણે કાચું સરવૈયું બનાવવામાં આવેલ છે. જો તેમાં કોઈ ભૂલ હોય તો સુધારેલ કાચું સરવૈયું બનાવો અને તેનાં કારણો આપો.

| ખાતાનું નામ | રકમ (₹) | ખાતાનું નામ | રકમ (₹) |
|---|---|---|---|
| શરૂઆતનો સ્ટૉક | 6000 | મૂડી | 61,000 |
| વેચાણ | 86,000 | વટાવ આપ્યો | 1500 |
| વેચાણપરત | 4000 | કમિશન મળ્યું | 1700 |
| મજૂરી પગાર | 31,000 | સ્થિર મિલકતો | 61,000 |
| લેણીહૂંડી | 8000 | ખરીદી | 46,000 |
| દેવાદારો | 10,000 | ખરીદપરત | 3000 |
| ભાડું | 4000 | આવકમાલ ગાડાભાડું | 1600 |
| રોકડ | 1800 | જાવકમાલ ગાડાભાડું | 1700 |
| લેણદારો | 7900 | દેવીહૂંડી | 13,000 |
| આખર સ્ટૉક | 34,800 | વ્યાજ ચૂકવ્યું | 3000 |
| | **1,93,500** | | **1,93,500** |

7. **શ્રી પરેશકુમારનું તા. 31-3-2016ના રોજનું કાચું સરવૈયું ઉધાર બાકી અને જમા બાકીનાં સરવાળાનો તફાવત દર્શાવે છે. ભૂલો શોધી સુધારેલ કાચું સરવૈયું બનાવો.**

| ખાતાનું નામ | ખા.પા. | ઉધારબાકી (₹) | જમાબાકી (₹) |
|---|---|---|---|
| મૂડી | | 66,000 | – |
| માલનો સ્ટૉક | | 9000 | – |
| ખરીદી | | – | 90,000 |
| વેચાણ | | 96,000 | – |
| માલપરત ઉધાર | | 1200 | – |
| માલપરત જમા | | – | 6000 |
| મજૂરી પગાર | | 11,400 | – |
| જાહેરાત ખર્ચ | | 2580 | – |
| ચૂકવેલ ભાડું | | – | 1800 |
| ઘાલખાધ | | 1200 | – |
| મકાન | | 42,600 | – |
| લેણદારો | | 9000 | – |
| દેવાદારો | | – | 8400 |
| સામાન્ય અનામત | | 5400 | – |
| આવકવેરો | | – | 1800 |
| બૅન્કસિલક | | 2820 | – |
| ડિવિડન્ડ | | – | 5000 |
| કમિશન મળ્યું | | – | 10,000 |
| લેણીહૂંડી | | 15,000 | – |
| | | **2,62,200** | **1,23,000** |

◆

# 11

# બૅન્ક સિલકમેળ (Bank Reconciliation Statement)

1. પ્રસ્તાવના
2. પાસબુક
3. રોકડમેળ
4. બૅન્કસિલક અને બૅન્ક ઓવરડ્રાફ્ટ
5. બૅન્ક સિલકમેળનો અર્થ
6. બૅન્ક સિલકમેળ તૈયાર કરવાના હેતુઓ અને ઉપયોગિતા કે મહત્ત્વ
7. રોકડમેળ અને પાસબુક પ્રમાણેની બૅન્કની બાકીમાં તફાવત આવવાનાં કારણો
8. બૅન્ક સિલકમેળ તૈયાર કરવાની પદ્ધતિઓ અને ઉદાહરણો
9. રોકડમેળ અને પાસબુકની તારીજ પરથી બૅન્ક સિલકમેળ તૈયાર કરવો
10. રોકડમેળની સુધારેલી બાકી પરથી બૅન્ક સિલકમેળ તૈયાર કરવો
– સ્વાધ્યાય

## 1. પ્રસ્તાવના (Introduction)

રોકડ અને બૅન્કના વ્યવહારો નોંધવા માટે બે ખાનાંવાળો કે ત્રણ ખાનાંવાળો રોકડમેળ તૈયાર કરવામાં આવે છે. હાલના સંજોગોમાં બૅન્કની સેવાઓ કોઈ પણ વેપાર-ધંધા માટે ખૂબ જ અગત્યની છે. નાણાં ચૂકવવા માટે કે નાણાં મેળવવા માટે બૅન્ક દ્વારા ચુકવણી કે વસૂલાત પણ ખૂબ જ પ્રચલિત છે. આધુનિક સમયમાં બૅન્ક સાથેના વ્યવહારનું પ્રમાણ ખૂબ જ વધ્યું છે. બૅન્ક સાથે કે બૅન્ક દ્વારા વ્યવહારો માટે કોઈ વેપારી બૅન્કમાં ખાતું ખોલાવે ત્યારે બૅન્ક તેને પાસબુક કે પત્રક (Statement) આપે છે. આ પાસબુકમાં વેપારીએ બૅન્ક સાથે કરેલા વિવિધ પ્રકારના વ્યવહારોની નોંધ બૅન્ક દ્વારા કરવામાં આવે છે. પાસબુક એ બૅન્કના ચોપડે બૅન્કે તૈયાર કરેલ વેપારીના ખાતાનો ઉતારો છે. પાસબુકમાં વિગતો બૅન્ક પોતાના ગ્રાહકને ભરી આપે છે.

જો વેપારીએ પોતાની ખાતાવહીમાં બૅન્ક ખાતું રાખ્યું હોય કે રોકડમેળમાં બૅન્કના વ્યવહારો નોંધવા બૅન્ક ખાનું રાખ્યું હોય ત્યારે તેવા બૅન્ક ખાતા પ્રમાણેની બાકી અમુક ચોક્કસ નિયત સમયે કાઢવામાં આવે છે. દા.ત., દર અઠવાડિયે, પખવાડિયે કે મહિને. સામાન્ય સંજોગોમાં જો બધા જ વ્યવહારો વેપારી અને બૅન્ક એમ બંને પક્ષકારોએ બરાબર અને ભૂલ વગર નોંધ્યા હોય તો વેપારીની ખાતાવહીમાંના બૅન્ક ખાતા પ્રમાણેની બાકી અને પાસબુક પ્રમાણેની બાકી મળી રહેવી જોઈએ.

પરંતુ જો વ્યવહારોની નોંધ કરવામાં બૅન્કે અથવા વેપારીએ કોઈ ભૂલ કે ચૂક કરી હોય અથવા અન્ય કારણોને લીધે બૅન્ક ખાતા પ્રમાણેની બાકી અને પાસબુક પ્રમાણેની બાકીમાં તફાવત આવે તો આ તફાવત કયાં કારણોને લીધે આવ્યો છે તે શોધવું જરૂરી બની જાય છે. આ તફાવતનાં કારણો શોધી બૅન્ક ખાતા પ્રમાણેની બાકી અને પાસબુક પ્રમાણેની બાકી મેળવવા માટે જે પત્રક તૈયાર કરવામાં આવે છે તેને બૅન્કસિલક મેળવણી પત્રક કે બૅન્ક સિલકમેળ તરીકે ઓળખવામાં આવે છે.

બૅન્ક સિલકમેળ એ કોઈ ખાતું નથી; પરંતુ તે ફક્ત એક પત્રક છે. જેનો ઉપયોગ બૅન્ક ખાતાની બાકી અને પાસબુક પ્રમાણેની બાકીમાં પડતા તફાવતને શોધી, સમજાવી તે બંને બાકીઓની મેળવણી કરવાનો છે.

બૅન્ક સિલકમેળ બનાવવા માટે બે બાબતો ખૂબ જ અગત્યની છે. વેપારીના ચોપડે બૅન્ક ખાતું એટલે કે રોકડમેળ અને બૅન્કના ચોપડે વેપારીનું ખાતું એટલે પાસબુક. વેપારીના ચોપડે બૅન્ક ખાતું જુદું બનાવવામાં આવે છે અથવા ખાનાવાળા રોકડમેળમાં બૅન્ક ખાનું રાખીને બનાવાય છે. જેનો અભ્યાસ આપણે રોકડમેળના પ્રકરણમાં કરેલ છે. હવે બૅન્કના ચોપડે વેપારીનું ખાતું એટલે કે પાસબુક વિશે સમજીએ.

## 2. પાસબુક (Passbook)

''પાસબુક એટલે બૅન્કના ચોપડે રહેલ વેપારીના ખાતાનો ઉતારો કે નકલ.'' એટલે કે ''પાસબુક એ બૅન્કે પોતાની ખાતાવહીમાં રાખેલા વેપારીના ખાતામાં બૅન્ક દ્વારા નોંધાયેલા વ્યવહારોની માહિતી આપતી ચોપડી કે પત્રક (નિવેદન).'' જ્યારે કોઈ વેપારી બૅન્કમાં ખાતું ખોલાવે ત્યારે બૅન્ક તે વેપારીને તે ખાતા અંગેની પોતાના ચોપડા મુજબની માહિતી આપવા માટે

જે ચોપડી કે બુક આપે છે તેને પાસબુક કહેવામાં આવે છે. હવે કેટલીક વખત બૅન્ક પાસબુકની ચોપડી આપવાના બદલે નિયત સમયના અંતરે બૅન્ક સ્ટેટમેન્ટ (પત્રક) આપે છે જે પાસબુકની ગરજ સારે છે.

જ્યારે વેપારી બૅન્કમાં રોકડ કે ચેક ભરે કે બૅન્ક વેપારી વતી કોઈ નાણાંની વસૂલાત કરે ત્યારે બૅન્ક તેની નોંધ વેપારી ખાતે જમા આપવા માટે પાસબુકમાં જમા ખાનામાં નોંધ કરી આપે છે. તે જ રીતે જો વેપારી બૅન્કમાંથી નાણાં ઉપાડે, ચેક લખી આપે, બૅન્ક વેપારી વતી નાણાંની ચુકવણી કરે કે ખર્ચ કે કમિશન વસૂલ કરે ત્યારે તેની નોંધ બૅન્ક દ્વારા પાસબુકમાં ઉધાર ખાનામાં કરવામાં આવે છે.

બૅન્ક માટે વેપારીનું ખાતું વ્યક્તિનું ખાતું છે, એટલે તેને વ્યક્તિના ખાતાને લગતા નિયમો લાગુ પડે છે. તેથી ''લેનાર ખાતે ઉધાર'' અને ''આપનાર ખાતે જમા''ના નિયમ પ્રમાણે વેપારીનું ખાતું પાસબુકમાં ઉધાર કે જમા કરે છે. વેપારી બૅન્કમાંથી નાણાં ઉપાડે, કોઈ ખર્ચની કે અન્ય કોઈ ચુકવણી કરે તો વેપારી લેનાર થાય છે. તેથી તે રકમ તેના ખાતે ઉધારાય છે. અને જો વેપારી બૅન્કમાં નાણાં ભરે, અન્ય આવકો બૅન્ક વેપારી વતી વસૂલ કરે ત્યારે વેપારી આપનાર છે. તેથી તે રકમ તેના ખાતે જમા કરાય છે. વર્તમાન સમયમાં બૅન્કો દ્વારા કમ્પ્યૂટરાઇઝ્ડ પાસબુક આપવામાં આવે છે.

**પાસબુકનો નમૂનો**

| તારીખ | વિગત | ચેક નંબર | ઉપાડેલ રકમ (ઉધાર ₹) | જમા કરાવેલ રકમ (જમા ₹) | બાકી (₹) | બૅન્ક અધિકારીની સહી |
|---|---|---|---|---|---|---|
| | | | | | | |

**(i) તારીખ :** આ ખાનામાં જે તારીખે બૅન્ક સાથે વ્યવહાર થયો હોય તે તારીખ નોંધવામાં આવે છે.

**(ii) વિગત :** આ ખાનામાં વ્યવહારની વિગત નોંધવામાં આવે છે. વિગતમાં કયા માધ્યમ દ્વારા બૅન્કસિલક વધી છે કે ઘટી છે તે અંગેની નોંધ કરવામાં આવે છે. દા.ત., જો ચેકથી ચુકવણી કરી હોય તો ચેકનો નંબર નોંધાય છે અને રોકડા બૅન્કમાં ભર્યા હોય તો રોકડ એમ નોંધાય છે. વિગતની બાજુમાં ચેક નંબરનું ખાનું, કયા નંબરનો ચેક વેપારી દ્વારા આપવામાં આવ્યો છે તે દર્શાવે છે. આ ચેક બૅન્ક દ્વારા વેપારીને આપવામાં આવેલ ચેકબુકમાંથી લખવામાં આવેલ હોય છે.

**(iii) ઉપાડેલ રકમ :** અહીં આ ખાનામાં વેપારીએ બૅન્કમાંથી રોકડેથી ઉપાડેલી રકમ તથા ચેક દ્વારા ચૂકવેલ રકમની નોંધ કરવામાં આવે છે. બૅન્ક દ્વારા લેવામાં આવતા વિવિધ પ્રકારના ચાર્જિસ અને બૅન્કે વેપારી વતી ચૂકવેલ ખર્ચાઓ પણ આ ખાનામાં નોંધાય છે.

**(iv) જમા કરાવેલ રકમ :** અહીં આ ખાનામાં વેપારીએ બૅન્કમાં ભરેલ રોકડ કે ચેકની નોંધ કરવામાં આવે છે. બૅન્કે વેપારીને આપવા પાત્ર થતી વ્યાજની રકમ તથા બૅન્કે વેપારી વતી વસૂલ કરી આપેલ આવકો પણ આ ખાનામાં જ નોંધાવામાં આવે છે.

**(v) બાકી :** આ ખાનામાં જે-તે વ્યવહાર નોંધાઈ ગયા પછી બૅન્કમાં કેટલી બાકી વધી છે તે દર્શાવવામાં આવે છે. આ બાકી જમા રકમ અને ઉપાડેલ રકમનો તફાવત દર્શાવે છે.

**(vi) બૅન્ક અધિકારીની સહી :** પાસબુક ભરનાર અધિકારી દરેક વ્યવહાર નોંધ્યા પછી સહી કરે છે. જો પાસબુક, કમ્પ્યૂટર પર તૈયાર કરવામાં આવી હોય તો તેમાં બૅન્ક અધિકારીની સહીનું ખાનું સામાન્ય રીતે રાખવામાં આવતું નથી.

ટૂંકમાં આપણે કહી શકીએ કે બૅન્ક ખાતામાં કે રોકડમેળના બૅન્ક ખાનામાં વેપારી જે વ્યવહારો નોંધે છે તેનાથી ઊલટી કે વિરુદ્ધ નોંધ સામાન્યતઃ પાસબુકમાં કરવામાં આવે છે. દા.ત. જો ₹ 10,000 રોકડા બૅન્કમાં ભરવામાં આવે તો

બૅન્ક ખાતામાં (વેપારીના ચોપડે) : આ રકમ બૅન્ક ખાતે ઉધારવામાં આવશે અને રોકડ ખાતે જમા કરવામાં આવશે.

પાસબુકમાં (બૅન્કના ચોપડે) : આ રકમ રોકડ ખાતે ઉધારવામાં આવશે અને વેપારી ખાતે જમા કરવામાં આવશે.

## 3. રોકડમેળ (Cash Book)

વેપારી બૅન્ક સાથેના બધા જ વ્યવહારો રોકડમેળના બૅન્ક ખાનામાં લખે છે. વેપારી જ્યારે ગ્રાહકો પાસેથી મળેલ ચેક બૅન્કમાં ભરે ત્યારે બૅન્ક લાભ લેનાર બને છે અને બૅન્ક સિલકમાં વધારો થાય છે. તે જ રીતે બૅન્ક વેપારી વતી વ્યાજ

કે ડિવિડન્ડની આવક વસૂલ કરે ત્યારે પણ બૅન્ક સિલકમાં વધારો થાય છે. આમ, જ્યારે બૅન્ક લાભ લેનાર બને છે કે બૅન્ક સિલક વધે ત્યારે વેપારી બૅન્ક ખાતું ઉધારે છે. વેપારી જ્યારે લેણદારોને કે કોઈ ખર્ચની ચુકવણી માટે ચેક આપે કે ચેક લખે ત્યારે બૅન્ક લાભ આપનાર બને છે અને બૅન્ક સિલકમાં ઘટાડો થાય છે, તેથી વેપારી બૅન્ક ખાતું જમા કરે છે. વેપારીની ખાતાવહીમાં તૈયાર કરવામાં આવતા રોકડમેળની ચર્ચા તેને લગતા પ્રકરણમાં કરેલ છે.

## 4. બૅન્ક સિલક અને બૅન્ક ઓવરડ્રાફ્ટ (Bank Balance and Bank Overdraft)

વેપારીના ચોપડે બૅન્કસિલક એટલે રોકડમેળના બૅન્ક ખાનાની આય બાજુના સરવાળાનો વ્યય બાજુના સરવાળા કરતાં વધારો. આમ બૅન્ક સિલક એટલે રોકડમેળના બૅન્ક ખાનાના ઉધાર બાજુના સરવાળા પૈકી જમા બાજુનો સરવાળો બાદ કરતા વધતી રકમ. એટલે કે **રોકડમેળ કે બૅન્ક ખાતા પ્રમાણે ઉધારબાકી એટલે બૅન્કસિલક.**

તે જ રીતે જો બૅન્ક સાથેની સમજૂતી મુજબ બૅન્કમાં રહેલી રકમ કરતા વધારે રકમ ઉપાડવાની સગવડ મળેલ હોય તો તેને બૅન્ક ઓવરડ્રાફ્ટની સગવડ કહેવામાં આવે છે. અહીં જો રોકડમેળના બૅન્ક ખાનાની વ્યય બાજુનો સરવાળો, આય બાજુના સરવાળા કરતાં વધારે હોય તો તફાવતની રકમ બૅન્ક ઓવરડ્રાફ્ટ તરીકે ઓળખાય છે. એટલે કે બૅન્ક ઓવરડ્રાફ્ટ એટલે રોકડમેળના બૅન્ક ખાનામાં જમા બાજુના સરવાળામાંથી ઉધાર બાજુનો સરવાળો બાદ કરતાં વધતી રકમ. એટલે કે **રોકડમેળ કે બૅન્ક ખાતા પ્રમાણેની જમાબાકી એટલે બૅન્ક ઓવરડ્રાફ્ટ.**

આપણે આગળ જોયું કે પાસબુક એ બૅન્કના ચોપડે વેપારીના ખાતાનો ઉતારો છે. એટલે કે જે વ્યવહારો વેપારી દ્વારા બૅન્ક ખાતામાં નોંધાય છે તેનાથી વિરુદ્ધ નોંધ પાસબુકમાં કરવામાં આવે છે. પાસબુક પ્રમાણે બૅન્ક સિલક એટલે પાસબુકમાં રહેલ જમા ખાનાનો સરવાળો ઉધાર ખાનાના સરવાળા કરતા વધુ હોય. એટલે કે **પાસબુક પ્રમાણેની જમાબાકી એ વેપારી માટે બૅન્કસિલક.**

તે જ રીતે જો પાસબુકમાં રહેલ ઉધારખાનાનો સરવાળો જો જમા ખાનાના સરવાળા કરતા વધુ હોય તો તફાવતની રકમ બૅન્ક ઓવરડ્રાફ્ટ તરીકે ઓળખાય છે. એટલે કે **પાસબુક પ્રમાણેની ઉધારબાકી એ વેપારી માટે બૅન્ક ઓવરડ્રાફ્ટ.**

ટૂંકમાં ધંધા અને બૅન્ક વચ્ચેનાં વ્યવહારો – બે વ્યક્તિઓ વચ્ચેનાં વ્યવહારો છે. જેમાં વ્યક્તિ ખાતાનો નિયમ લાગુ પડે છે. 'લાભ લેનાર ખાતે ઉધાર' અને 'લાભ આપનાર ખાતે જમા'. આ નિયમ પ્રમાણે એક વ્યક્તિ માટે લેણું બને છે અને બીજી વ્યક્તિ માટે તે દેવું બને છે. લેણાંની ઉધાર બાકી હોય છે અને દેવાની જમા બાકી હોય છે. બૅન્કસિલક ધંધાનું લેણું છે તેથી ધંધા માટે તે ઉધાર બાકી દર્શાવે છે જ્યારે બૅન્ક માટે તે દેવું છે તેથી બૅન્ક માટે તે જમા બાકી દર્શાવશે. બૅન્ક ઓવરડ્રાફ્ટ ધંધાનું દેવું છે તેથી ધંધા માટે તે જમા બાકી દર્શાવશે જ્યારે બૅન્ક માટે તે લેણું છે તેથી બૅન્ક માટે તે ઉધાર બાકી દર્શાવશે.

| વિગત | ધંધા માટે | બૅન્ક માટે |
|---|---|---|
| બૅન્કસિલક | લેણું છે તેથી ચોપડે ઉધાર બાકી દર્શાવશે. | દેવું છે તેથી ચોપડે જમા બાકી દર્શાવશે. |
| બૅન્ક ઓવરડ્રાફ્ટ | દેવું છે તેથી ચોપડે જમા બાકી દર્શાવશે. | લેણું છે તેથી ચોપડે ઉધાર બાકી દર્શાવશે. |

તેથી બૅન્કસિલક એટલે,

(1) રોકડમેળ કે બૅન્ક ખાતા પ્રમાણે ઉધાર બાકી = પાસબુક પ્રમાણે જમા બાકી

(2) બૅન્ક ઓવરડ્રાફ્ટ એટલે રોકડમેળ કે બૅન્ક ખાતા પ્રમાણે જમા બાકી = પાસબુક પ્રમાણે ઉધાર બાકી

## 5. બૅન્ક સિલકમેળનો અર્થ (Meaning of Bank Reconciliation Statement)

જ્યારે નિયત સમયના અંતે રોકડમેળ પ્રમાણેની બૅન્કની બાકી અને પાસબુક પ્રમાણેની બાકી સરખાવવામાં આવે તો તેવી બાકીઓ સામાન્ય સંજોગોમાં સરખી હોવી જોઈએ; પરંતુ જો તફાવત આવે તો આ તફાવત શોધી રોકડમેળ અને પાસબુકની બાકી મેળવવા અને સમજાવવા માટે બનાવવામાં આવતા પત્રકને બૅન્ક સિલકમેળ કહેવામાં આવે છે. અહીં એ ધ્યાનમાં રાખો કે રોકડમેળ મુજબ અને પાસબુક મુજબની બાકીઓની રકમ સરખી હોય તો પણ બૅન્ક સિલકમેળ બનાવવો જરૂરી બને છે. કારણ કે બંનેની વિગતવાર નોંધમાં તફાવતની શક્યતા રહે છે.

અહીં અગત્યની બાબત એ છે કે બૅન્ક સિલકમેળ એ બંને વચ્ચેનો વિગતવાર તફાવત સમજાવતું પત્રક છે. બૅન્ક સિલકમેળ તૈયાર કરવાથી વેપારીની કે બૅન્કની હિસાબી ભૂલો થઈ હોય તો તે પણ ધ્યાન પર આવે છે; પરંતુ તે તેવી હિસાબી ભૂલોને સુધારતો નથી; પરંતુ થયેલ ભૂલો અને તેના કારણે જે તફાવત ઊભો થયો છે તે દર્શાવે છે.

''બૅન્ક સિલકમેળ એટલે અમુક ચોક્કસ સમયે કે તારીખે રોકડમેળ પ્રમાણેની બૅન્કની બાકી અને પાસબુક પ્રમાણેની બાકી કે વિગતો વચ્ચેના તફાવતનાં કારણો દર્શાવતું પત્રક.''

બૅન્ક સિલકમેળ અમુક ચોક્કસ સમયે કે તારીખે વેપારી તૈયાર કરે છે. જેથી રોકડમેળ પ્રમાણેની બૅન્કની બાકી અને પાસબુક પ્રમાણેની બાકી વચ્ચે આવતો તફાવત શોધી શકાય અને તેનાં કારણો જાણી શકાય. જે વ્યવહારના કારણે રોકડમેળ મુજબની બૅન્કની બાકી અને પાસબુક મુજબની બાકીમાં તફાવત આવતો ન હોય તે બૅન્ક સિલકમેળમાં નોંધવામાં આવતા નથી. બીજા શબ્દોમાં કહીએ તો બંને ચોપડે સમાન રકમની ઉધાર-જમાના નિયમ પ્રમાણે નોંધ થઈ હોય તો તે તફાવતનું કારણ બને નહિ.

## 6. બૅન્ક સિલકમેળ તૈયાર કરવાના હેતુઓ અને ઉપયોગિતા કે મહત્ત્વ (Objectives Of Preparing Bank Reconcilition Statement)

બૅન્ક સિલકમેળ તૈયાર કરવાના હેતુઓ અને ઉપયોગિતા નીચે પ્રમાણે છે :

(1) બૅન્ક સિલકમેળ દ્વારા રોકડમેળ મુજબની બૅન્કની બાકી અને પાસબુક મુજબની બૅન્કની બાકી વચ્ચેના તફાવતનાં કારણો શોધી શકાય છે.

(2) બંને બાકીઓ વચ્ચે આવતા તફાવતનાં કારણો શોધી શકાતા હોવાથી ભૂલો થઈ હોય તો તે માટે જરૂરી હિસાબી નોંધ દ્વારા ભૂલ-સુધારણા કરી શકાય છે.

(3) જો કોઈ વ્યવહાર રોકડમેળમાં નોંધવાનો રહી ગયો હોય તો તેના વિશેની માહિતી મેળવી શકાય છે અને તેને નોંધી સાચી બૅન્ક સિલકની જાણકારી મેળવી શકાય છે.

(4) જો રોકડમેળમાં કોઈ વ્યવહાર નોંધતા ભૂલ થઈ હોય તો તે પણ તરત જ જાણી શકાય છે અને ભૂલ સુધારી શકાય છે. દા.ત., મળેલ ચેક ₹ 5000નો હોય અને રોકડમેળમાં બૅન્કખાતામાં ભૂલથી ₹ 500 જ નોંધાયા હોય.

(5) બૅન્ક સિલકમેળ બનાવવાથી સાચી બૅન્કબાકી જાણી શકાય છે. જે પાકા સરવૈયામાં દર્શાવવામાં આવે છે. જેથી ધંધાની સાચી આર્થિક પરિસ્થિતિનો ચિતાર મળી શકે છે.

(6) જો બૅન્કના કોઈ વ્યવહારમાં નાણાંની ઉચાપત કરવામાં આવી હોય તો તેની જાણકારી બૅન્ક સિલકમેળ બનાવવાથી મળી જાય છે.

(7) બૅન્ક સિલકમેળ બનાવવાથી એકબીજાને સરભર કરતી ભૂલો શોધી શકાય છે. જો બંને બાકીઓ સરખી આવતી હોય તો તેનો અર્થ એ નથી કે ત્યાં કોઈ ભૂલ કે તફાવતનું કારણ નથી. ત્યાં પણ ભૂલ કે તફાવતનું કારણ હોઈ શકે છે જે એકબીજાને સામસામે સરભર કરી દેતી હોય.

(8) બૅન્ક સિલકમેળ બનાવવાથી બૅન્કમાં ભરેલ પરંતુ નકરાયેલ ચેક અંગની માહિતી મળે છે તથા બૅન્કે આપણે ખાતે નોંધેલ વ્યાજ, કમિશન કે ચાર્જિસ વગેરેની માહિતી મેળવી શકાય છે.

## 7. રોકડમેળ અને પાસબુક પ્રમાણેની બૅન્કની બાકીમાં તફાવત આવવાનાં કારણો (Causes of Difference Between Bank Balance as per Cashbook and Passbook)

જ્યારે વેપારી બૅન્ક સાથે વ્યવહાર કરે છે ત્યારે વેપારી જરૂરી નોંધો પોતાના રોકડમેળમાં કરે છે અને બૅન્ક આ વ્યવહારની નોંધ વેપારીને પાસબુકમાં કરી આપે છે. તેથી કોઈ પણ સમયે જો બૅન્કની બાકી તપાસવામાં આવે તો રોકડમેળ અને પાસબુક પ્રમાણે તે સરખી જ હોવી જોઈએ. દા.ત., જો તા. 31-3-2015ના રોજ રોકડમેળ પ્રમાણે બૅન્કની ઉધાર બાકી ₹ 5000 હોય એટલે કે બૅન્ક સિલક ₹ 5000 હોય, તો તે તારીખે પાસબુક પ્રમાણે જમાબાકી ₹ 5000 એટલે કે બૅન્ક સિલક ₹ 5000 જ હોવી જોઈએ.

પરંતુ સામાન્ય સંજોગોમાં આવી શક્યતા ઓછી રહે છે. તે માટેનાં વિવિધ કારણો નીચે પ્રમાણે છે :

**(1) બૅન્કમાં ભરેલ પરંતુ બૅન્કે જમા નહિ કરેલ ચેકો :** જ્યારે વેપારીને કોઈ લેણાંની વસૂલાત પેટે ચેક મળે ત્યારે તે ચેક વેપારી પોતાના બૅન્ક ખાતામાં ભરે છે. જ્યારે મળેલ ચેક બૅન્કમાં ભરવામાં આવે ત્યારે બૅન્ક સિલક વધી છે તેમ માનીને તેની નોંધ રોકડમેળમાં ઉધારબાજુએ બૅન્ક ખાતામાં કરવામાં આવે છે; પરંતુ સામાન્ય રીતે બૅન્ક ચેકની રકમ તરત જ વેપારી ખાતે જમા કરી આપતી નથી. બૅન્કને જ્યારે તે ચેકનાં નાણાં મળી જાય ત્યાર બાદ જ તે ચેકની રકમ વેપારી ખાતે જમા કરે છે. તેથી બૅન્કમાં ચેક ભરવામાં આવે ત્યારથી બૅન્ક તે ચેકની રકમ ખરેખર વસૂલ કરી જમા આપે ત્યાં સુધીના સમયગાળા માટે રોકડમેળ અને પાસબુક પ્રમાણેની બૅન્કની બાકી વચ્ચે તફાવત ઊભો થાય છે. તેથી બંને પ્રમાણેની બાકીઓ અલગ-અલગ આવે છે.

દા.ત., તા.1-3-2015ના રોજ રોકડમેળ મુજબ બૅન્કસિલક અને પાસબુક મુજબ બૅન્કસિલક ₹ 2000 છે. તા. 4-3-2015ના રોજ ₹ 5000નો ચેક મળ્યો, જે તરત જ બૅન્કમાં ભરી દેવામાં આવ્યો. બૅન્કે ચેકની રકમ તા. 6-3-2015 ના રોજ પાસબુકમાં જમા કરી આપી.

અહીં તા. 4-3-2015ના રોજ જ્યારે વેપારી ચેક બૅન્કમાં ભરશે ત્યારે તેની નોંધ રોકડમેળમાં ઉધાર બાજુએ બૅન્ક ખાતામાં કરવામા ંઆવશે. જેથી બૅન્ક સિલક (રોકડમેળ પ્રમાણેની) ₹ 5000નો વધારો થશે. તેથી તા. 4-3-2015ના રોજ રોકડમેળ પ્રમાણેની બૅન્ક સિલક ₹ 7000 થશે; પરંતુ તા. 4-3-2015ના રોજ બૅન્ક આ રકમ વેપારીને જમા આપતી નથી. તેથી તે તારીખે પાસબુક પ્રમાણેની બૅન્ક સિલક ₹ 2000 જ રહેશે. તેથી રોકડમેળ અને પાસબુક પ્રમાણેની બૅન્ક સિલકમાં ₹ 5000નો તફાવત આવશે. જેનું કારણ વેપારીએ ભરેલ પરંતુ બૅન્કે વેપારીને જમા નહિ આપેલ ચેક છે.

**(2) લખેલ પરંતુ ચુકવણી માટે રજૂ નહિ થયેલ ચેકો :** જ્યારે વેપારી પોતાના દેવાંની ચુકવણી કરવા કોઈ અન્ય વ્યક્તિને ચેક લખી આપે ત્યારે તેની નોંધ તરત જ રોકડમેળમાં જમા બાજુએ બૅન્ક ખાતાંમાં કરવામાં આવશે. જેથી રોકડમેળ પ્રમાણે બૅન્ક સિલકમાં ઘટાડો કરવામાં આવશે; પરંતુ જ્યાં સુધી જે વ્યક્તિને ચેક આપવામાં આવ્યો છે તે વ્યક્તિ તે ચેક બૅન્કમાં ચુકવણી માટે રજૂ ન કરે અને જ્યાં સુધી બૅન્ક તે ચેકની ખરેખર ચુકવણી ન કરે, ત્યાં સુધી પાસબુક પ્રમાણેની બૅન્ક સિલક ઘટતી નથી. તેથી ચેક લખી આપવો અને તેની ચુકવણી માટે તે રજૂ થવો તે વચ્ચેના સમયગાળા માટે રોકડમેળ અને પાસબુક પ્રમાણેની બૅન્ક સિલકમાં તફાવત ઉદ્ભવે છે.

દા.ત., તા. 28-3-2015ના રોજ ₹ 4000ની બૅન્ક સિલક રોકડમેળ અને પાસબુક પ્રમાણે છે. તે જ દિવસે ₹ 1000નો ચેક લખીને લેણદારને આપવામાં આવ્યો જે લેણદારે બૅન્કમાં તા. 1-4-2015ના રોજ રજૂ કર્યો.

અહીં, વેપારીએ તા. 28-3-2015ના રોજ ₹ 1000નો ચેક લખી આપ્યો છે તેની નોંધ તરત જ રોકડમેળમાં જમાબાજુએ બૅન્કખાતામાં કરવામાં આવશે. જેથી તા. 28-3-2015ના રોજ બૅન્ક સિલક ₹ 1000થી ઘટશે અને બૅન્કસિલક ₹ 3000 હશે જ્યારે બૅન્ક તે રકમ 1-4-2015ના રોજ ચૂકવેલ હોવાથી તે તારીખે વેપારીના ખાતામાં ઉધારશે. તે પહેલાં નહિ. તેથી તા. 28-3-2015ના રોજ પાસબુક પ્રમાણે બૅન્ક સિલક ₹ 4000ની જ રહેશે. તેથી રોકડમેળ અને પાસબુક પ્રમાણેની બૅન્ક સિલકમાં ₹ 1000નો તફાવત આવશે. જેનું કારણ વેપારીએ લખી આપેલ; પરંતુ બૅન્કમાં ચુકવણી માટે રજૂ નહિ થયેલ ચેક છે.

**(3) ગ્રાહકે બારોબાર બૅન્કમાં જમા કરાવેલ રકમ :** કેટલીક વખતે કોઈ ગ્રાહક વેપારીના ખાતામાં વેપારીની જાણ વગર બારોબાર બૅન્કમાં રોકડા કે ચેક ભરી દે છે. તેથી બૅન્ક એ રકમ વેપારીના ખાતે જમા કરી દે છે. જેથી પાસબુક પ્રમાણે બૅન્ક સિલકમાં વધારો થાય છે; પરંતુ આ બાબતની જાણ વેપારીને ન હોવાથી રોકડમેળમાં તેની નોંધ થતી નથી એટલે પાસબુક પ્રમાણેની બૅન્ક સિલક કરતાં રોકડમેળ પ્રમાણેની બૅન્ક સિલક ઓછી રહેશે.

**(4) બૅન્કે ગ્રાહકના ખાતે ઉધારેલ વ્યાજ, ચાર્જિસ વગેરે :** જો બૅન્કે કોઈ વ્યાજ, ચાર્જિસ વગેરેની રકમ વેપારી ખાતે ઉધારી હોય તો તેના લીધે પાસબુક પ્રમાણેની બૅન્કસિલકમાં ઘટાડો થશે; પરંતુ જ્યાં સુધી તે તેને પોતાના રોકડમેળમાં નોંધતો નથી ત્યાં સુધી પાસબુક અને રોકડમેળ પ્રમાણેની બૅન્કની બાકીમાં તફાવત આવે છે. બૅન્કે રકમ ઉધારેલ હોય; પરંતુ વેપારીને તેની જાણ ન હોય ત્યારે પાસબુક પ્રમાણેની બૅન્ક સિલક, રોકડમેળ પ્રમાણેની બૅન્ક સિલક કરતાં ઓછી રહેશે. કારણ કે રોકડમેળમાં બૅન્કે ઉધારેલ રકમની નોંધ કરવાની બાકી છે. આવા વ્યવહારોમાં બૅન્કે વસૂલ કરેલ વ્યાજ, બૅન્ક ચાર્જિસની ઉધાર કરેલ રકમોના હોય છે.

**(5) બૅન્કે વસૂલ કરીને ગ્રાહક ખાતે જમા કરેલ રકમ જે રોકડમેળમાં નોંધાયેલ ન હોય :** જો બૅન્કે વેપારી વતી અમુક રકમ વસૂલ કરીને વેપારીના ખાતે જમા કરી હોય, જેની માહિતી વેપારી પાસે ન હોય ત્યારે રોકડમેળ મુજબની બૅન્ક સિલક પાસબુક મુજબની બૅન્ક સિલક કરતાં ઓછી રહે છે. દા.ત. વેપારીની સૂચના પ્રમાણે બૅન્ક વ્યાજ, કમિશન કે ડિવિડન્ડ વેપારી વતી વસૂલી વેપારીને ખાતે જમા કરે ત્યારે પાસબુક પ્રમાણેની બૅન્ક સિલકમાં વધારો થાય છે; પરંતુ જ્યાં સુધી આ માહિતી વેપારીને બૅન્ક પાસેથી ન મળે ત્યાં સુધી તે તેની નોંધ રોકડમેળમાં કરતો નથી. તેથી રોકડમેળ પ્રમાણે બૅન્ક સિલક, પાસબુક મુજબની બૅન્ક સિલક કરતાં ઓછી રહે છે. તેથી બંને સિલક વચ્ચે તફાવત ઊભો થાય છે.

**(6) રોકડમેળમાં નોંધેલ પરંતુ બૅન્કમાં ભરવાના રહી ગયેલ ચેકો :** વેપારીને જ્યારે ચેકો મળે ત્યારે તે ચેક બૅન્કમાં ભરતા પહેલાં તેની નોંધ રોકડમેળમાં ઉધાર બાજુ બૅન્કખાનામાં કરવામાં આવે છે, જેથી રોકડમેળ પ્રમાણેની બૅન્કસિલકમાં વધારો થાય છે; પરંતુ પાછળથી આ ચેકો બૅન્કમાં ભરવાના રહી જાય તો પાસબુક પ્રમાણેની બૅન્કસિલક વધતી નથી. તેથી રોકડમેળ પ્રમાણેની બૅન્ક સિલક વધુ દેખાય છે. આમ બંને બાકીઓ વચ્ચે તફાવત ઊભો થાય છે.

**(7) બૅન્કમાં ભરેલ, પરંતુ રોકડમેળમાં નહિ નોંધેલ ચેકો :** કેટલીક વાર એવું બને છે કે વેપારીએ પોતાને મળેલા ચેકો બૅન્કમાં ભરી દીધા હોય પરંતુ તેની નોંધ રોકડમેળમાં કરવાની રહી ગઈ હોય. આ સંજોગોમાં બૅન્ક ચેકની રકમ વેપારીના ખાતે જમા કરી દે છે. તેથી પાસબુક પ્રમાણેની બૅન્ક સિલક વધી જાય છે; પરંતુ તેની નોંધ રોકડમેળમાં કરવાની રહી ગઈ હોવાથી રોકડમેળ પ્રમાણેની બૅન્ક સિલક પાસબુક પ્રમાણેની બૅન્ક સિલક કરતાં ઓછી રહે છે.

**(8) લખેલ અને રજૂ થયેલ; પરંતુ રોકડમેળમાં નહિ નોંધેલ ચેકો :** કેટલીકવાર એવું બને છે કે વેપારી જ્યારે અન્ય વ્યક્તિને ચેક લખી આપે છે, અને તેની નોંધ રોકડમેળમાં કરવાની રહી ગઈ હોય તેવું બની શકે. આ લખી આપેલ ચેક બૅન્કમાં રજૂ થાય અને બૅન્કે તેની ચુકવણી કરી હોય તો પાસબુક પ્રમાણેની બૅન્કસિલક ઘટે છે; પરંતુ તેની નોંધ રોકડમેળમાં ન થઈ હોવાથી રોકડમેળ પ્રમાણેની બૅન્કસિલક પાસબુક પ્રમાણેની બૅન્કસિલક કરતાં વધારે આવે છે, જેથી બંને સિલક વચ્ચે તફાવત ઊભો થાય છે.

**(9) રોકડમેળમાં નોંધેલ; પરંતુ વેપારીને આપવાના રહી ગયેલા ચેકો :** કેટલીકવાર એવું બને છે કે કોઈ ચેક લખીને રાખ્યો હોય અને તેની નોંધ રોકડમેળમાં જમા બાજુએ બૅન્ક ખાનામાં કરી દીધી હોય; પરંતુ જે વ્યક્તિને ચેક આપવાનો છે, તેને તે ચેક આપ્યો જ ન હોય. આવા સંજોગોમાં રોકડમેળ પ્રમાણેની બૅન્કસિલક ઘટી જાય છે; પરંતુ પાસબુક પ્રમાણેની બૅન્કસિલક પર કોઈ અસર પડતી નથી. તેથી બંને સિલક વચ્ચે તફાવત ઊભો થાય છે.

**(10) બૅન્કે ચૂકવેલ; પરંતુ રોકડમેળમાં નહિ નોંધેલ રકમ :** ઘણી વાર વેપારી બૅન્કને અમુક નિશ્ચિત રકમ અમુક નિશ્ચિત હેતુ માટે બારોબાર ચૂકવવાની બૅન્કને સૂચના આપે છે. દા.ત., નિયત તારીખોએ વીજળીનું બિલ ચૂકવવું કે દુકાનનું વીમા પ્રીમિયમ ચૂકવવું વગેરે. આ સંજોગોમાં બૅન્ક રકમ ચૂકવવાની સાથે તેની નોંધ કરે છે. તેથી પાસબુક પ્રમાણેની બૅન્કસિલક ઘટી જાય છે; પરંતુ આ ખર્ચની ચુકવણી અંગે વેપારીને જાણ ન થવાને લીધે, તેની નોંધ રોકડમેળમાં થયેલી હોતી નથી. તેથી રોકડમેળ પ્રમાણેની બૅન્ક સિલક વધુ આવે છે અને બંને સિલક વચ્ચે તફાવત ઊભો થાય છે.

**(11) વટાવેલી હૂંડીની નકરામણી જે રોકડમેળમાં નોંધાઈ નથી :** જો વેપારીએ કોઈ હૂંડી બૅન્કમાં વટાવેલી હોય અને પાકતી તારીખે જો તે હૂંડી નકરાય તો બૅન્ક નકરામણી ખર્ચ સહિતની રકમ વેપારી ખાતે ઉધારે છે. તેથી પાસબુક પ્રમાણેની બૅન્કસિલક ઓછી થાય છે. વેપારીને આ બાબત વિશેની માહિતી પ્રાપ્ત ન થાય ત્યાં સુધી તેની નોંધ રોકડમેળમાં કરવામાં આવતી નથી. તેથી રોકડમેળ પ્રમાણે બૅન્કસિલક પાસબુક પ્રમાણેની બૅન્કસિલક કરતાં વધારે આવે છે અને બંને સિલક વચ્ચે તફાવત ઊભો થાય છે.

**(12) અન્ય ભૂલો :** ઉપર દર્શાવેલ 11 પ્રકારના તફાવત ઉપરાંત અમુક અન્ય ભૂલોનાં કારણે પણ બે ચોપડા પ્રમાણેની બૅન્કસિલકમાં તફાવત આવે છે. આ પ્રકારની ભૂલો રોકડમેળ, પાસબુક કે બંનેમાં હોઈ શકે છે. દા.ત., (i) સરવાળો કરવામાં કે બાકી આગળ લઈ જતી વખતે ભૂલ થાય. (ii) રોકડ ખાનામાં નોંધવાની રકમ બૅન્ક ખાનામાં નોંધાય કે બૅન્ક ખાનામાં નોંધવાની રકમ રોકડ ખાનામાં નોંધાઈ જાય (iii) રોકડમેળમાં કે પાસબુકમાં કોઈ વ્યવહાર ખોટી રકમથી નોંધાય અથવા ખોટી બાજુએ નોંધાય વગેરે.

## 8. બૅન્ક સિલકમેળ તૈયાર કરવાની પદ્ધતિઓ અને ઉદાહરણો (Methods of Preparing Bank Reconciliation Statement and Illustrations)

બૅન્ક સિલકમેળ તૈયાર કરવાની મુખ્ય બે પદ્ધતિઓ છે :

(1) ગાણિતિક પદ્ધતિ કે ઉમેરો-બાદ કરોની પદ્ધતિ (2) ઉધાર-જમા ખાનાની પદ્ધતિ કે હિસાબી પદ્ધતિ

> **ખાસ નોંધ :** બૅન્ક સિલકમેળ તૈયાર કરવાની પદ્ધતિઓ પૈકી અમુક જ પદ્ધતિએ દાખલો ગણવાનો પ્રશ્ન પૂછી શકાશે નહિ. વિદ્યાર્થીને અનુકૂળ પડે તેવી કોઈ પણ પદ્ધતિથી વિદ્યાર્થી દાખલો ગણી શકશે.

**(1) ગાણિતિક પદ્ધતિ કે ઉમેરો-બાદ કરોની પદ્ધતિ :** બૅન્ક સિલકમેળ તૈયાર કરવા માટે જ્યારે ઉમેરો-બાદ કરોની પદ્ધતિ કે ગાણિતિક પદ્ધતિનો ઉપયોગ કરવામાં આવે ત્યારે રોકડમેળ મુજબની બૅન્કની બાકી અથવા પાસબુક પ્રમાણેની બૅન્કની બાકીથી બૅન્ક સિલકમેળ બનાવવાની શરૂઆત કરવામાં આવે છે. બૅન્ક સિલકમેળ ધંધા દ્વારા તૈયાર કરવામાં આવે છે. અહીં બે પક્ષકારો હોય છે : (i) ધંધો અને (ii) બૅન્ક. ધંધાનો ચોપડો એટલે રોકડમેળ અને બૅન્કનો ચોપડો એટલે પાસબુક. બૅન્ક સિલકમેળ તૈયાર કરતી વખતે હિસાબનીશ તરીકે કોઈ પણ એક પક્ષ પસંદ કરવાનો હોય છે.

અહીં જે ચોપડાની સિલકથી બૅન્ક સિલકમેળ બનાવવાની શરૂઆત કરવામાં આવે તેને પોતાનો પક્ષ અને બીજા ચોપડાને સામો પક્ષ ગણવામાં આવે છે. દા.ત., જો બૅન્ક સિલકમેળની શરૂઆત પાસબુક પ્રમાણેની બૅન્કસિલકથી કરવામાં આવે તો પાસબુકને આપણો પક્ષ અને રોકડમેળને સામાવાળાનો પક્ષ ગણવામાં આવે છે. જો રોકડમેળની બૅન્કસિલકથી બૅન્ક સિલકમેળની શરૂઆત કરવામાં આવે તો રોકડમેળને આપણો અને પાસબુકને સામાવાળાનો પક્ષ ગણવામાં આવે છે.

| આપણો પક્ષ | સામો પક્ષ |
|---|---|
| બૅન્ક (પાસબુક) | ધંધો (રોકડમેળ) |
| ધંધો (રોકડમેળ) | બૅન્ક (પાસબુક) |

જો બૅન્ક સિલકમેળની શરૂઆત બૅન્કસિલકથી કરવામાં આવે તો બૅન્કસિલકની રકમ '+' સરવાળાનાં ચિહ્ન સાથે દર્શાવાય છે અને જો શરૂઆત બૅન્ક ઓવરડ્રાફ્ટથી કરવામાં આવે તો તેની સામે ઓછાનું '–' ચિહ્ન મૂકવામાં આવે છે.

દા.ત., જો બૅન્કસિલકમેળ બનાવવા માટે રોકડમેળ પ્રમાણેની બૅન્કની બાકી લઈએ અને જો તે બૅન્ક ઓવરડ્રાફ્ટ (ધારો કે ₹ 6000ના) હોય તો બૅન્ક સિલકમેળમાં પ્રથમ બાબત નીચે પ્રમાણે નોંધાશે :

**શ્રી ..................નો તા. ............ના રોજનો બૅન્ક સિલકમેળ**

| તારીખ ક્રમ નં. | વિગત | રકમ (₹) |
|---|---|---|
| | રોકડમેળ મુજબનો બૅન્ક ઓવરડ્રાફ્ટ | (–) 6000 |

આપણે આગળ જોઈ ગયા કે રોકડમેળ મુજબ બૅન્ક ખાતાની ઉધાર બાકી એટલે બૅન્કસિલક, રોકડમેળ મુજબ બૅન્ક ખાતાની જમા બાકી એટલે કે બૅન્ક ઓવરડ્રાફ્ટ. પાસબુક મુજબ બૅન્ક ખાતાની ઉધાર બાકી એટલે બૅન્ક ઓવરડ્રાફ્ટ અને પાસબુક મુજબ બૅન્ક ખાતાની જમા બાકી એટલે બૅન્કસિલક.

એક વાર બૅન્ક સિલકમેળમાં બૅન્કની બાકી નોંધાઈ જાય ત્યાર બાદ રોકડમેળમાં થયેલી નોંધને તે જ સમય દરમિયાનની પાસબુક સાથે સરખાવવામાં આવે છે અને જો તફાવત આવતો હોય તો તેનાં કારણ શોધવામાં આવે છે.

તફાવતનાં કારણો શોધાઈ જાય ત્યાર બાદ તેના આધારે બૅન્ક સિલકમેળ તૈયાર કરવામાં આવે છે.

અહીં, આ ગાણિતિક પદ્ધતિમાં કઈ રકમ બૅન્કની બાકીમાં ઉમેરવી અને કઈ બાદ કરવી તેના માટે એક નિયમનો ઉપયોગ કરવો શક્ય બને છે. આ નિયમ આ પ્રમાણે છે : **"સામા પક્ષવાળાએ જે પ્રમાણે કર્યું હોય તેમ કરો."**

હવે આ નિયમને સમજીએ. જે ચોપડાની બૅન્કની બાકીથી બૅન્ક સિલકમેળ શરૂ કરવામાં આવે તે આપણો પક્ષ ગણાય છે અને અન્યને સામેનો પક્ષ. અહીં નિયમ પ્રમાણે જે સામાવાળા પક્ષે કર્યું હોય તેમ કરવાનું છે. હવે તેવું શા માટે કરવું તે સમજીએ.

દા.ત., તા. 31-3-2015ના રોજ પાસબુક પ્રમાણે બૅન્ક ખાતાની જમા બાકી ₹ 6000ની છે. જ્યારે રોકડમેળ પ્રમાણે બૅન્કની ઉધાર બાકી ₹ 5000 છે. તા. 28-3-2015ના રોજ એક ₹ 1000નો ચેક લખી આપવામાં આવ્યો હતો. આ ચેક ચુકવણી માટે તા. 1-4-2015ના રોજ બૅન્કમાં રજૂ કરવામાં આવ્યો હતો.

ઉપરના વ્યવહારોમાં દર્શાવ્યા મુજબ પાસબુક અને રોકડમેળ પ્રમાણેની બૅન્કની બાકીમાં ₹ 1000નો તફાવત છે. આ તફાવત લખેલ પરંતુ રજૂ નહિ થયેલ ચેકને કારણે છે. બૅન્ક સિલકમેળ તા. 31-3-2015ના રોજનો બનાવવામાં આવે ત્યારે રોકડમેળ મુજબ બૅન્કસિલક ₹ 5000 (₹ 6000 – ₹ 1000). જ્યારે પાસબુક મુજબ બૅન્કસિલક ₹ 6000 હશે.

હવે (i), જો બૅન્ક સિલકમેળની શરૂઆત બૅન્કની બાકીથી કરીએ તો પાસબુક આપણો પક્ષ અને રોકડમેળ સામેનો પક્ષ ગણાય. અહીં, પાસબુક પ્રમાણે બૅન્કની જમા બાકી છે એટલે કે બૅન્કસિલક.

**તા. 31-3-2015ના રોજનો બૅન્ક સિલકમેળ**

| તારીખ ક્રમ નં. | વિગત | રકમ (₹) |
|---|---|---|
| | પાસબુક મુજબની બૅન્કસિલક | 6000 |
| | **બાદ :** લખેલ ચેક પરંતુ જે ચુકવણી માટે હજુ સુધી રજૂ થયેલ નથી. | (–) 1000 |
| | રોકડમેળ મુજબની બૅન્કસિલક | 5000 |

**સમજૂતી :** આપણે અહીં સામો પક્ષ જેમ કરે તેમ કરવાનું છે. તેથી સામો પક્ષ રોકડમેળ છે. જો તેણે બૅન્કસિલક ઘટાડી હોય, તો આપણે પણ ઘટાડવી પડે. તેથી અહીં લખેલ ચેકના કારણે રોકડમેળમાં બૅન્કસિલક ઘટી છે. માટે બૅન્કસિલક મેળમાં પણ પાસબુક મુજબની બૅન્કસિલકમાંથી તે રકમ ઘટાડવામાં આવશે. આમ કરવાથી પાસબુક અને રોકડમેળ પ્રમાણેની બૅન્કસિલક વચ્ચેનો તફાવત સમજી શકાય છે.

હવે (ii), જો બૅન્ક સિલકમેળની શરૂઆત રોકડમેળ પ્રમાણેની બૅન્કની બાકીથી કરીએ તો રોકડમેળ આપણો પક્ષ અને પાસબુક સામેનો પક્ષ ગણાય. અહીં રોકડમેળ પ્રમાણે બૅન્કની ઉધાર બાકી છે એટલે કે બૅન્કસિલક.

**તા. 31-3-2015ના રોજનો બૅન્ક સિલકમેળ**

| તારીખ ક્રમ નં. | વિગત | રકમ (₹) |
|---|---|---|
| | રોકડમેળ મુજબની બૅન્કસિલક | 5000 |
| | **ઉમેરો :** ચેક લખેલ; પરંતુ બૅન્કમાં રજૂ નહિ થયેલ | (+) 1000 |
| | પાસબુક મુજબની બૅન્કસિલક | 6000 |

**સમજૂતી :** અહીં, સામેનો પક્ષ પાસબુક છે. જેથી પાસબુકમાં જે પ્રમાણે કરવામાં આવ્યું હોય તે પ્રમાણે કરવામાં આવશે. પાસબુકમાં ચેકની ચુકવણી દર્શાવાઈ નથી; પરંતુ અહીં રોકડમેળમાં તેની ચુકવણીની નોંધ થઈ છે. તેથી પાસબુકમાં બાકી ₹ 1000 વધારે હશે માટે ₹ 1000 ઉમેરવાથી પાસબુક મુજબની બૅન્કસિલક મળશે. જેથી રોકડમેળ પ્રમાણેની બૅન્કસિલક અને પાસબુક પ્રમાણેની બૅન્કસિલકનો તફાવત મળી જશે.

ગાણિતિક પદ્ધતિ કે ઉમેરો-બાદ કરોની પદ્ધતિનો ઉપયોગ કરતી વખતે નીચે પ્રમાણે પત્રક તૈયાર કરો :

**તા. ...............ના રોજનો ............નો બૅન્ક સિલકમેળ**

| વ્યવહાર નં. | વિગત | રકમ (₹) | રકમ (₹) |
|---|---|---|---|
| | જે પક્ષની બાકી પસંદ કરી હોય (તમારો પક્ષ) (રોકડમેળ અથવા પાસબુક) | | ✓ |
| | **ઉમેરો :** | ✓ | |
| | | ✓ | |
| | | ✓ | |
| | | ✓ | ✓ |
| | | | ✓ |
| | **બાદ કરો :** | ✓ | |
| | | ✓ | |
| | | ✓ | |
| | | ✓ | ✓ |
| | અન્ય પક્ષની બાકી મળશે. | | ✓ |

**ઉદાહરણ 1 :** નીચેના વ્યવહારો પરથી શ્રી જૈમિનીનો તા. 31-3-2015ના રોજનો બૅન્ક સિલકમેળ તૈયાર કરો.

તા. 31-3-2015ના રોજ રોકડમેળ મુજબ બૅન્ક ખાનાની ઉધાર બાકી ₹ 12,000 હતી; પરંતુ પાસબુક મુજબની બૅન્કની જમા બાકી ₹ 8300ની હતી.

(1) ₹ 6000નો ચેક તા. 28-3-2015ના રોજ બૅન્કમાં ભર્યો; પરંતુ બૅન્કે તા. 31-3-2015 સુધી તે રકમ શ્રી જૈમિનીના ખાતે જમા કરી નથી.

(2) બૅન્કે શ્રી જૈમિનીના ખાતે વ્યાજના ₹ 400 જમા કર્યા છે, જેની રોકડમેળમાં નોંધ કરવામાં આવી નથી.

(3) ₹ 2000નો એક ચેક તા. 31-3-2015ના રોજ દેવને લખી આપ્યો હતો, જે હજુ સુધી બૅન્કમાં ચુકવણી માટે રજૂ થયો નથી.

(4) બૅન્કે બૅન્કચાર્જિસ પેટે શ્રી જૈમિની ખાતે ₹ 100 ઉધાર્યા છે, જેની રોકડમેળમાં નોંધ કરવામાં આવી નથી.

**જવાબ : (અ) જો રોકડમેળ પ્રમાણેની બૅન્કની બાકીથી બૅન્ક સિલકમેળ બનાવીએ તો :**

**શ્રી જૈમિનીનો તા. 31-3-2015ના રોજનો બૅન્ક સિલકમેળ**

| વ્યવહાર નં. | વિગત | રકમ (₹) | રકમ (₹) |
|---|---|---|---|
| | રોકડમેળ પ્રમાણેની ઉધાર બાકી (બૅન્કસિલક) | | 12,000 |
| | **ઉમેરો :** | | |
| (2) | બૅન્ક વ્યાજ, બૅન્કે જમા કરેલ પરંતુ રોકડમેળમાં નોંધાયેલ નથી. | 400 | |
| (3) | લખેલ પરંતુ રજૂ નહિ થયેલ ચેક | 2000 | 2400 |
| | | | 14,400 |
| | **બાદ કરો :** | | |
| (1) | ભરેલ પરંતુ બૅન્કે જમા નહિ કરેલ ચેક | 6000 | |
| (4) | બૅન્કચાર્જિસ, બૅન્કે ઉધારેલ જેની રોકડમેળમાં નોંધ થઈ નથી. | 100 | 6100 |
| | પાસબુક મુજબની જમા બાકી (બૅન્કસિલક) | | 8300 |

**સમજૂતી :** બૅન્ક સિલકમેળની શરૂઆત રોકડમેળ પ્રમાણે કરેલ હોવાથી સામેનો પક્ષ પાસબુક ગણાય તેથી જો તફાવતને કારણે પાસબુક મુજબ બૅન્કસિલકમાં વધારો થતો હોય તો તફાવત ઉમેરાશે અને જો પાસબુક મુજબ બૅન્કસિલકમાં ઘટાડો થતો હોય તો તફાવત બાદ થશે.

(1) ₹ 6000નો ચેક બૅન્કમાં ભરેલ હોવાથી તા. 28-3-2015ના રોજ રોકડમેળ મુજબ બૅન્કસિલકમાં વધારો થયો હશે જ્યારે સામા પક્ષ પાસબુકમાં ચેક જમા થયેલ ન હોવાથી પાસબુક મુજબ બૅન્કસિલક ઓછી હશે તેથી ₹ 6000 બાદ થશે.

(2) બૅન્કે જમા કરેલ વ્યાજની નોંધ રોકડમેળમાં થયેલ ન હોવાથી પાસબુક મુજબ બૅન્કસિલક વધારે હશે તેથી ₹ 400 ઉમેરાશે.

(3) લખેલ ચેકથી રોકડમેળ મુજબ બૅન્કસિલકમાં ઘટાડો થશે, જ્યારે આ ચેક બૅન્કમાં રજૂ થયેલ ન હોવાથી પાસબુક મુજબ બૅન્કસિલક વધારે હશે તેથી ₹ 2000 ઉમેરાશે.

(4) બૅન્કે ઉધારેલ બૅન્કચાર્જિસથી પાસબુક મુજબ બૅન્કસિલકમાં ઘટાડો થશે તેથી ₹ 100 બાદ થશે.

ઉપરના વ્યવહારોની રકમ ઉમેરી અને બાદ કર્યા પછી ચોખ્ખી રકમ પાસબુક મુજબ બૅન્ક બાકી મળશે અને આ રકમ ₹ 8300 ધન (+) હોવાથી પાસબુક મુજબ બૅન્કસિલક (જમા બાકી) મળશે.

**(બ) જો પાસબુક પ્રમાણેની બૅન્કની બાકીથી બૅન્ક સિલકમેળ બનાવીએ તો :**

**શ્રી જૈમિનીનો તા. 31-3-2015ના રોજનો બૅન્ક સિલકમેળ**

| વ્યવહાર નં. | વિગત | રકમ (₹) | રકમ (₹) |
|---|---|---|---|
| | પાસબુક પ્રમાણેની બૅન્કની જમા બાકી (બૅન્કસિલક) | | 8300 |
| | **ઉમેરો :** | | |
| (1) | ભરેલ પરંતુ બૅન્કે જમા નહિ કરેલ ચેક | 6000 | |
| (4) | બૅન્કચાર્જિસ, બૅન્કે ઉધારેલ જેની રોકડમેળમાં નોંધ થઈ નથી. | 100 | 6100 |
| | | | 14,400 |
| | **બાદ કરો :** | | |
| (2) | બૅન્ક વ્યાજ, બૅન્કે જમા કરેલ પરંતુ રોકડમેળમાં નોંધાયેલ નથી. | 400 | |
| (3) | લખેલ પરંતુ રજૂ નહિ થયેલ ચેક | 2000 | 2400 |
| | રોકડમેળ પ્રમાણેની ઉધાર બાકી (બૅન્કસિલક) | | 12,000 |

**સમજૂતી :** બૅન્ક સિલકમેળની શરૂઆત પાસબુક મુજબની બૅન્કસિલકથી પણ કરી શકાય. જો પાસબુક મુજબ બૅન્કસિલકથી બૅન્ક સિલકમેળની શરૂઆત કરીએ તો સામો પક્ષ રોકડમેળ ગણાય અને તેથી ઉમેરો અને બાદ કરવાના નિયમ મુજબ વ્યવહાર નંબર (1) અને (4)ના કારણે રોકડમેળમાં સિલક વધતી હોવાથી તફાવતની રકમ ઉમેરી છે, જ્યારે વ્યવહાર નંબર (2) અને (3)ના કારણે રોકડમેળમાં સિલક ઘટતી હોવાથી તફાવતની રકમ બાદ કરેલ છે. છેલ્લે મળતી ચોખ્ખી રકમ ધન હોવાથી રોકડમેળ મુજબ બૅન્કસિલક (ઉધાર બાકી) મળશે. આમ, બૅન્ક સિલકમેળની શરૂઆત રોકડમેળ મુજબની સિલકથી કરીએ તો જવાબ પાસબુક મુજબ બૅન્કસિલક મળશે અને જો બૅન્ક સિલકમેળની શરૂઆત પાસબુક મુજબની બૅન્કસિલકથી કરીએ તો જવાબ રોકડમેળ મુજબ બૅન્કસિલક મળશે.

**ઉદાહરણ 2 :** નગીન રાણાનો રોકડમેળ તા. 31-3-2015ના રોજ બૅન્ક ખાતાની જમા બાકી ₹ 7500 દર્શાવે છે, જે પાસબુક સાથે મળતી ન હતી. પાસબુક અને રોકડમેળની સરખાણી કરતાં નીચે મુજબની માહિતી મળી. તેના પરથી નગીન રાણાનો બૅન્ક સિલકમેળ તૈયાર કરો.

(1) ₹ 15,000નો ચેક તા. 28-3-2015ના રોજ બૅન્કમાં ભરવામાં આવ્યો હતો; પરંતુ આ ચેક બૅન્કે હજુ સુધી પાસબુકમાં નોંધ્યો નથી.

(2) તા. 30-3-2015ના રોજ બૅન્કે જમા કરેલ વ્યાજના ₹ 60 રોકડમેળમાં નોંધાયા નથી.

(3) એક ગ્રાહકે ₹ 18,000 બારોબાર બૅન્ક ખાતામાં ભરાવી દીધા છે, જેની માહિતી તા. 31-3-2015 સુધી મળી ન હતી.

(4) બૅન્કમાં ભરેલ; પરંતુ રોકડમળમાં નહિ નોંધેલ ચેક ₹ 15,000.

(5) લખેલ અને બૅન્કે ચૂકવેલ; પરંતુ રોકડમેળમાં નહિ નોંધેલ ચેક ₹ 9000.

(6) બૅન્કમાં વટાવેલી લેણીહૂંડી નકરાઈ અને નકરામણી ખર્ચ સાથેની રકમ ₹ 18,030 બૅન્કે પાસબુકમાં નોંધી છે. જે અંગે નગીન રાણાને કોઈ માહિતી મળી નથી.

(7) રોકડમેળની આય બાજુનો સરવાળો ભૂલથી ₹ 3000 ઓછો કરવામાં આવ્યો હતો.

(8) લખેલ; પરંતુ ચુકવણી માટે રજૂ નહિ થયેલ ચેક ₹ 3000.

(9) ભરેલ; પરંતુ બૅન્કમાં જમા નહિ થયેલ ચેક ₹ 6000.

(10) બૅન્કે ₹ 60 બૅન્ક કમિશનના ઉધાર્યા છે, જેની રોકડમેળમાં નોંધ નથી.

**તા. 31-3-2015ના રોજનો નગીન રાણાનો બૅન્ક સિલકમેળ**

| વ્યવહાર નંબર | વિગત | રકમ (₹) | રકમ (₹) |
|---|---|---|---|
| | રોકડમેળ પ્રમાણેની બૅન્ક ખાતાની જમા બાકી (બૅન્ક ઓવરડ્રાફ્ટ) | | (–) 7500 |
| | **ઉમેરો : (+)** | | |
| (2) | બૅન્કે જમા કરેલ પરંતુ રોકડમેળમાં નહિ નોંધાયેલ વ્યાજ | 60 | |
| (3) | ગ્રાહકે બારોબાર બૅન્કમાં ભરાવેલ રકમ | 18,000 | |
| (4) | ભરેલ પરંતુ રોકડમેળમાં નહિ નોંધેલ ચેક | 15,000 | |
| (7) | રોકડમેળની આય બાજુનો સરવાળો ઓછો કર્યો તેના | 3000 | |
| (8) | લખેલ પરંતુ નહિ ચૂકવાયેલ ચેક | 3000 | (+) 39,060 |
| | | | (+) 31,560 |
| | **બાદ કરો : (–)** | | |
| (1) | ભરેલ પરંતુ જમા નહિ થયેલ ચેક | 15,000 | |
| (5) | લખેલ પરંતુ રોકડમેળમાં નહિ નોંધેલ ચેક | 9000 | |
| (6) | વટાવેલી હૂંડી નકરાઈ તેના | 18,030 | |
| (9) | ભરેલ પરંતુ જમા નહિ થયેલ ચેક | 6000 | |
| (10) | બૅન્કે ઉધારેલ પરંતુ રોકડમેળમાં નહિ નોંધાયેલ બૅન્ક કમિશન | 60 | (–) 48,090 |
| | **પાસબુક પ્રમાણેની બૅન્ક ખાતાની ઉધાર બાકી (બૅન્ક ઓવરડ્રાફ્ટ)** | | **(–) 16,530** |

**નોંધ :** (1) અહીં, શરૂઆતમાં રોકડમેળ પ્રમાણે બૅન્ક ઓવરડ્રાફ્ટ હોવાથી (–) ઓછાની નિશાની મૂકવામાં આવી છે. (2) છેલ્લે પાસબુક પ્રમાણે બૅન્ક ખાતાની બાકી (–) ઓછાનું ચિહ્ન આવે છે કે જે બૅન્ક ઓવરડ્રાફ્ટ દર્શાવે છે.

**ઉદાહરણ 3 :** કૈલાસની પાસબુક પ્રમાણે તા. 31-3-2015ના રોજ તેમની જમા બાકી ₹ 30,000ની હતી, જે રોકડમેળ પ્રમાણેની બૅન્કની બાકી સાથે મળતી ન હતી. પાસબુક અને રોકડમેળ સરખાવતાં નીચે પ્રમાણેની માહિતી પ્રાપ્ત થઈ. તેના પરથી કૈલાસનો બૅન્ક સિલકમેળ તૈયાર કરો.

(1) ₹ 10,000નો ચેક લખેલો અને રોકડમેળમાં નોંધેલો પરંતુ લેણદારોને આપવાનો રહી ગયો હતો. આ ચેક ટેબલના ખાનામાંથી મળ્યો.

(2) ₹ 30,000નો ચેક તા. 28-3-2015ના રોજ ભરવામાં આવ્યો હતો, જે બૅન્કે તા. 1-4-2015ના રોજ જમા આપ્યો છે.

(3) ₹ 20,000 બૅન્કે વીમા-પ્રીમિયમના ચૂકવ્યા છે, જેની જાણ કૈલાસને તા. 2-4-2015ના રોજ થઈ.

(4) એક ગ્રાહકે ₹ 30,000 બૅન્કમાં બારોબાર ભરાવી દીધા છે, જેના અંગે રોકડમેળમાં નોંધ કરવામાં આવી નથી.

(5) બૅન્કે વ્યાજના ₹ 1000 પાસબુકમાં જમા કરેલ છે, જેની નોંધ રોકડમેળમાં કરેલ નથી.

(6) ₹ 60,000નો ચેક જે બૅન્કમાં ભર્યો હતો તે નકરાયો હતો, તેની માહિતી 2-4-2015ના રોજ મળી.

(7) ₹ 10,000ના ચેકો લખેલા પરંતુ તેમાંથી ફક્ત ₹ 8000ના ચેકો જ તા. 31-3-2015 સુધી ચુકવણી માટે રજૂ થયા છે.

(8) ₹ 50,000ના ચેકો બૅન્કમાં ભરેલા જેમાંથી ફક્ત ₹ 30,000ના ચેકો જ બૅન્કે તા. 31-3-2015 સુધીમાં જમા આપ્યા છે.

(9) ₹ 8000નો એક ચેક જે બૅન્કમાં ભરેલો, તેની નોંધ રોકડમેળમાં કરવાની રહી ગઈ છે.

(10) બૅન્કે કૈલાસની પાસબુકમાં બૅન્કચાર્જિસ અને કમિશન પેટે ₹ 2000 ઉધાર્યા છે, જેની નોંધ રોકડમેળમાં દર્શાવાઈ નથી.

**તા. 31-3-2015ના રોજનો કૈલાસનો બૅન્ક સિલકમેળ**

| વ્યવહાર નંબર | વિગત | રકમ (₹) | રકમ (₹) |
|---|---|---|---|
| | પાસબુક મુજબની બૅન્કસિલક | | (+) 30,000 |
| | **ઉમેરો : (+)** | | |
| (2) | ભરેલ પરંતુ જમા નહિ થયેલ ચેક | 30,000 | |
| (3) | ચૂકવેલ વીમા-પ્રીમિયમ | 20,000 | |
| (6) | નકરાયેલ, પરંતુ રોકડમેળમાં નહિ નોંધેલ ચેક | 60,000 | |
| (8) | ભરેલ પરંતુ બૅન્કે જમા નહિ આપેલ ચેકો | 20,000 | |
| (10) | બૅન્કચાર્જિસ અને કમિશન | 2000 | (+) 1,32,000 |
| | | | (+) 1,62,000 |
| | **બાદ કરો : (–)** | | |
| (1) | લખેલ અને રોકડમેળમાં નોંધેલ ચેક; પરંતુ લેણદારને નહિ આપેલ ચેક | 10,000 | |
| (4) | ગ્રાહકે બારોબાર ખાતામાં ભરેલાં નાણાં | 30,000 | |
| (5) | બૅન્ક વ્યાજ, રોકડમેળમાં નહિ નોંધેલ | 1000 | |
| (7) | લખેલ પરંતુ રજૂ નહિ થયેલ ચેકો | 2000 | |
| (9) | ભરેલ પરંતુ રોકડમેળમાં નહિ નોંધેલ ચેક | 8000 | (–) 51,000 |
| | **રોકડમેળ પ્રમાણે બૅન્કસિલક** | | **1,11,000** |

**(8) ઉધાર-જમા ખાનાની પદ્ધતિ કે હિસાબી પદ્ધતિ :**

બૅન્ક સિલકમેળ બનાવવાની આ પદ્ધતિમાં રકમના ખાનાના બે ભાગ પાડવામાં આવે છે. ઉધાર અને જમા. અહીં જો રોકડમેળ પ્રમાણેની બૅન્કની ઉધાર બાકી (બૅન્કસિલક) હોય તો ઉધાર ખાનામાં નોંધાય છે અને જમા બાકી (બૅન્ક ઓવરડ્રાફ્ટ) હોય તો જમા ખાનામાં નોંધાય છે. તેવી જ રીતે પાસબુક પ્રમાણેની બૅન્કની જમા બાકી (બૅન્કસિલક) જમા ખાનામાં અને પાસબુક પ્રમાણેની બૅન્કની ઉધાર બાકી (બૅન્ક ઓવરડ્રાફ્ટ) ઉધાર ખાનામાં નોંધાય છે.

હવે, બંને ચોપડા એટલે કે રોકડમેળ અને પાસબુક તપાસવામાં આવશે અને તફાવત શોધવામાં આવશે. જો તફાવતની રકમ ખરેખર કરેલ નોંધમાં ઉધાર કરી હોય તો બૅન્કસિલકમેળમાં તે જમા ખાનામાં નોંધવામાં આવશે અને જો તફાવતની રકમ ખરેખર કરેલ નોંધમાં જમા કરી હોય તો બૅન્ક સિલકમેળમાં તે ઉધાર ખાનામાં નોંધવામાં આવશે. આમ કરવાથી ખરેખર કરેલ નોંધની વિરુદ્ધ અસર બૅન્ક સિલકમેળમાં નોંધાશે અને રોકડમેળ અને પાસબુક પ્રમાણેની બૅન્કની બાકી વચ્ચેનો તફાવત કયા કારણોને લીધે આવ્યો તે જાણી શકાશે.

રોકડમેળમાં અને પાસબુકમાં નોંધાયેલ વ્યવહારોમાં તફાવતની અસર બૅન્ક સિલકમેળમાં જમા કે ઉધાર કયા ખાનામાં લખાય છે તે નક્કી કરવા માટે નીચેની બાબતો યાદ રાખો :

| ક્રમ | તફાવતનો વ્યવહાર | બૅન્ક સિલકમેળમાં અસર | |
|---|---|---|---|
| | | ઉધાર | જમા |
| (1) | ગ્રાહકો પાસેથી મળેલ અને બૅન્કમાં ભરેલ પરંતુ બૅન્કે વસૂલ નહિ કરેલ ચેક.<br>**સમજૂતી :** આ વ્યવહાર રોકડમેળની ઉધાર બાજુ નોંધેલ છે; પરંતુ, બૅન્કે ચેક વસૂલ નહિ કરેલ હોવાથી પાસબુકમાં જમા થયેલ નથી, માટે બૅન્ક સિલકમેળમાં જમા ખાનામાં લખો. | | ✓ |
| (2) | બૅન્કે વેપારી વતી કરેલ ચુકવણી, જે રોકડમેળમાં નોંધાયેલ નથી.<br>**સમજૂતી :** આ વ્યવહાર પાસબુકમાં ઉધારેલ છે; પરંતુ રોકડમેળની વ્યય એટલે કે જમા બાજુ નોંધેલ નથી, માટે બૅન્ક સિલકમેળના જમા ખાનામાં લખો. | | ✓ |
| (3) | ગ્રાહકો પાસેથી મળેલ પરંતુ બૅન્કમાં નહિ ભરેલ ચેક | | ✓ |
| (4) | બૅન્કે પાસબુકમાં ઉધારેલ કે વસૂલ કરેલ બૅન્જચાર્જિસ, રોકડમેળમાં નોંધેલ નથી. | | ✓ |
| (5) | બૅન્કમાં ભરેલ ચેક નકરાયેલ, રોકડમેળમાં નકરામણીની નોંધ કરેલ નથી. | | ✓ |
| (6) | બૅન્કે વેપારી વતી ચૂકવેલ દેવીહૂંડી, જેની નોંધ રોકડમેળમાં થયેલ નથી. | | ✓ |
| (7) | બૅન્કે આપેલ વ્યાજ, રોકડમેળમાં બે વખત નોંધાયેલ છે. | | ✓ |
| (8) | બૅન્કે વસૂલ કરેલ બૅન્કચાર્જિસ ભૂલથી રોકડમેળમાં આય બાજુ નોંધેલ છે. | | ✓<br>(બેવડી રકમ) |
| (9) | રોકડમેળની આય બાજુ વધારે લેવાયેલ સરવાળો | | ✓ |
| (10) | પાસબુકમાં ઉધાર બાજુ વધારે લેવાયેલ સરવાળો | | ✓ |
| (11) | રોકડમેળની વ્યય બાજુનો સરવાળો ઓછો હોય | | ✓ |
| (12) | પાસબુકની જમા બાજુનો સરવાળો ઓછો હોય | | ✓ |

| ક્રમ | તફાવતનો વ્યવહાર | બૅન્ક સિલકમેળમાં અસર | |
|---|---|---|---|
| | | ઉધાર | જમા |
| (13) | બૅન્કમાં વટાવેલ અને પાક્યા તારીખે નકરાયેલ હૂંડી જે રોકડમેળમાં નોંધાયેલ નથી. | | ✓ |
| (14) | બૅન્કમાં રજૂ થયેલ પરંતુ રોકડમેળમાં નહીં નોંધેલ ચેક | | ✓ |
| (15) | લેણદારોને કે ખર્ચ ચૂકવવા માટે લખેલ પરંતુ બૅન્કમાં રજૂ નહિ થયેલ ચેક;<br>**સમજૂતી :** આ વ્યવહાર રોકડમેળની જમા બાજુ નોંધેલ છે; પરંતુ, બૅન્કે આ ચેક ચૂકવેલ નહિ હોવાથી પાસબુકમાં ઉધારેલ નથી, માટે બૅન્ક સિલકમેળમાં ઉધાર ખાનામાં લખો. | ✓ | |
| (16) | બૅન્કે વેપારીવતી વસૂલ કરેલ અને પાસબુકમાં જમા કરેલ રકમ, રોકડમેળમાં નોંધાયેલ નથી.<br>**સમજૂતી :** આ વ્યવહારની રકમ પાસબુકમાં જમા કરેલ છે; પરંતુ રોકડમેળની આય એટલે કે ઉધાર બાજુ નોંધેલ નથી માટે બૅન્ક સિલકમેળના ઉધાર ખાનામાં લખો. | ✓ | |
| (17) | ગ્રાહકે વેપારીના બૅન્ક ખાતામાં બારોબાર ભરેલ રકમ જે રોકડમેળમાં નોંધાયેલ નથી.<br>**સમજૂતી :** આ વ્યવહાર પાસબુકમાં જમા થયેલ છે; પરંતુ રોકડમેળની આય એટલે કે ઉધાર બાજુ નોંધેલ નથી માટે બૅન્ક સિલકમેળના ઉધાર ખાનામાં લખો. | ✓ | |
| (18) | લખેલ પરંતુ આપવાના રહી ગયેલ ચેક | ✓ | |
| (19) | બૅન્કે પાસબુકમાં જમા કરેલ કે આપેલ બૅન્ક વ્યાજ, રોકડમેળમાં નોંધેલ નથી. | ✓ | |
| (20) | લખેલ પરંતુ બૅન્કે નહિ ચૂકવેલ કે નકરાયેલ ચેક, નકરામણીની નોંધ રોકડમેળમાં થયેલ નથી. | ✓ | |
| (21) | બૅન્કે વેપારી વતી વસૂલ કરેલ લેણીહૂંડી, જે રોકડમેળમાં નોંધાયેલ નથી. | ✓ | |
| (22) | બૅન્કે વસૂલ કરેલ બૅન્કચાર્જિસ રોકડમેળમાં બે વખત નોંધાયેલ છે. | ✓ | |
| (23) | બૅન્કે જતા કરેલ બૅન્કચાર્જિસની નોંધ પાસબુકમાં થયેલ છે; પરંતુ રોકડમેળમાં નોંધેલ નથી. | ✓ | |
| (24) | બૅન્કે જમા કરેલ વ્યાજ ભૂલથી રોકડમેળમાં વ્યય બાજુ નોંધેલ છે. | ✓<br>(બેવડી રકમ) | |
| (25) | રોકડમેળની વ્યય બાજુ વધારે લેવાયેલ સરવાળો | ✓ | |
| (26) | પાસબુકમાં જમા બાજુ વધારે લેવાયેલ સરવાળો | ✓ | |
| (27) | રોકડમેળની આય બાજુનો સરવાળો ઓછો હોય | ✓ | |
| (28) | પાસબુકની ઉધાર બાજુનો સરવાળો ઓછો હોય | ✓ | |
| (29) | બૅન્કમાં જમા થયેલ પરંતુ રોકડમેળમાં નહીં નોંધેલ ચેક | ✓ | |

**ઉદાહરણ 4 :** ઉદાહરણ 2ને ઉધાર-જમા ખાનાની પદ્ધતિથી ગણો.

**તા. 31-3-2015ના રોજનો નગીન રાણાનો બૅન્ક સિલકમેળ**

| વ્યવહાર નંબર | વિગત | ઉધાર (₹) | જમા (₹) |
|---|---|---|---|
| | રોકડમેળ પ્રમાણેની જમા બાકી (બૅન્ક ઓવરડ્રાફ્ટ) | | 7500 |
| (1) | ભરેલ પરંતુ પાસબુકમાં જમા નહિ થયેલ ચેક | | 15,000 |
| (2) | બૅન્કમાં જમા કરેલ પરંતુ રોકડમેળમાં નહિ નોંધાયેલ વ્યાજ | 60 | |
| (3) | ગ્રાહકે બારોબાર બૅન્કમાં ભરાવેલ રકમ | 18,000 | |
| (4) | ભરેલ પરંતુ રોકડમેળમાં નહિ નોંધેલ ચેક | 15,000 | |
| (5) | લખેલ પરંતુ રોકડમેળમાં નહિ નોંધેલ ચેક | | 9000 |
| (6) | વટાવેલી હૂંડી નકરાઈ તેના | | 18,030 |
| (7) | રોકડમેળની આય બાજુનો સરવાળો ઓછો કર્યો તેના | 3000 | |
| (8) | લખેલ પરંતુ નહિ ચૂકવાયેલ ચેક | 3000 | |
| (9) | ભરેલ પરંતુ જમા નહિ થયેલ ચેક | | 6000 |
| (10) | બૅન્કે ઉધારેલ પરંતુ રોકડમેળમાં નહિ નોંધાયેલ બૅન્ક કમિશન | | 60 |
| | પાસબુક પ્રમાણેની ઉધાર બાકી (બૅન્ક ઓવરડ્રાફ્ટ) | 16,530 | |
| | | **55,590** | **55,590** |

**સમજૂતી :**

**વ્યવહાર 1 :** ચેક પાસબુકમાં જમા થયેલ નથી માટે બૅન્ક સિલકમેળના જમા ખાનામાં લખો.

**વ્યવહાર 2 :** બૅન્કે આપેલ વ્યાજ પાસબુકમાં જમા થયેલ છે. જે વેપારી માટે આવક હોવાથી રોકડમેળના બૅન્ક ખાનામાં ઉધારેલ નથી. માટે બૅન્ક સિલકમેળના ઉધાર ખાનામાં વ્યવહાર નોંધો.

**વ્યવહાર 3 :** ગ્રાહકે બારોબાર વેપારીના બૅન્ક ખાતામાં રોકડ જમા કરાવેલ છે. જે પાસબુકમાં બૅન્કે જમા કરેલ છે; પરંતુ રોકડમેળના બૅન્ક ખાનામાં ઉધારેલ નથી, તેથી બૅન્ક સિલકમેળના ઉધાર ખાનામાં વ્યવહાર નોંધો.

**વ્યવહાર 4 :** બૅન્કમાં ભરેલ ચેકની નોંધ પાસબુકમાં જમા બાજુ થયેલ હશે જ; પરંતુ રોકડમેળના બૅન્ક ખાનામાં મળેલ ચેક ઉધારવાનો રહી ગયેલ હોવાથી બૅન્ક સિલકમેળના ઉધાર ખાનામાં વ્યવહાર નોંધો.

**વ્યવહાર 5 :** લખેલ ચેક એટલે કે ચેક દ્વારા કરેલ ચુકવણી પાસબુકમાં ઉધરાઈ ગયેલ હશે; પરંતુ રોકડમેળના બૅન્ક ખાનાંમાં જમા કરવાના ભુલાઈ ગયેલ હોવાથી બૅન્ક સિલકમેળના જમા ખાનામાં વ્યવહાર નોંધો.

**વ્યવહાર 6 :** વટાવેલ હૂંડી નકરાય કે તરત જ બૅન્ક પાસબુકમાં વેપારીનું ખાતું ઉધારે છે (સિલક ઓછી કરે છે) જ્યારે આ વ્યવહાર રોકડમેળની જમા બાજુ બૅન્ક ખાનામાં નોંધેલ ન હોવાથી બૅન્ક સિલકમેળના જમા ખાનામાં વ્યવહાર નોંધો.

**વ્યવહાર 7 :** રોકડમેળની આય એટલે કે ઉધાર બાજુનો સરવાળો ઓછો છે તે ભૂલ સુધારવા ઉધાર બાજુનો જ સરવાળો વધારવો પડે તેથી બૅન્ક સિલકમેળના ઉધાર ખાનામાં વ્યવહાર નોંધો.

**વ્યવહાર 8 :** લખેલ ચેક એટલે કે લેણદારોને ચેકથી કરેલ ચુકવણી રોકડમેળમાં જમા થયેલ હશે; પરંતુ પાસબુકની ઉધાર બાજુ બૅન્ક ખાનામાં નોંધેલ ન હોવાથી બૅન્ક સિલકમેળના ઉધાર ખાનામાં વ્યવહાર નોંધો :

**વ્યવહાર 9 :** બૅન્કમાં ભરેલ ચેક રોકડમેળની આય બાજુ (ઉધાર બાજુ) નોંધેલ હશે જ; પરંતુ બૅન્કમાં એટલે કે પાસબુકમાં જમા થયેલ ન હોવાથી બૅન્ક સિલકમેળમાં જમા ખાનામાં વ્યવહાર નોંધો.

**વ્યવહાર 10 :** બૅન્કે ઉધારેલ કમિશન ખર્ચ છે જે રોકડમેળની જમા બાજુ બૅન્ક ખાનામાં નોંધાયેલ ન હોવાથી બૅન્ક સિલકમેળના જમા ખાનામાં વ્યવહાર નોંધો.

**ઉદાહરણ 5 :** ઉદાહરણ નં. 3 માટે ઉધાર-જમા ખાનાની પદ્ધતિથી ગણો.

**તા. 31-3-2015ના રોજનો કૈલાસનો બૅન્ક સિલકમેળ**

| વ્યવહાર નંબર | વિગત | ઉધાર (₹) | જમા (₹) |
|---|---|---|---|
| | પાસબુક પ્રમાણેની જમા બાકી (બૅન્કસિલક) | | 30,000 |
| (1) | ચેક લખેલ પરંતુ લેણદારને આપેલ નહિ. | 10,000 | |
| (2) | ચેક ભરેલ પરંતુ બૅન્કમાં તા. 28-3-2015 સુધી જમા ન થયેલ ચેક | | 30,000 |
| (3) | બૅન્કે ચૂકવેલ વીમા-પ્રીમિયમ, જે રોકડમેળમાં નોંધાયેલ નથી. | | 20,000 |
| (4) | ગ્રાહકે બૅન્કમાં બારોબાર ભરાવેલ; પરંતુ રોકડમેળમાં નહિ નોંધાયેલ રકમ | 30,000 | |
| (5) | પાસબુકમાં જમા કરેલ બૅન્ક વ્યાજ, જે રોકડમેળમાં નોંધાયેલ નથી. | 1000 | |
| (6) | ભરેલ ચેક નકરાયાની નોંધ રોકડમેળમાં કરેલ નથી. | | 60,000 |
| (7) | લખેલ પરંતુ ચુકવણી માટે રજૂ નહિ થયેલ ચેક | 2000 | |
| (8) | ભરેલ પરંતુ જમા નહિ થયેલ ચેક | | 20,000 |
| (9) | ભરેલ પરંતુ રોકડમેળમાં નહિ નોંધેલ ચેક | 8000 | |
| (10) | બૅન્કે ઉધારેલ બૅન્કચાર્જિસ, જે રોકડમેળમાં નોંધાયા નથી. | | 2000 |
| | રોકડમેળ પ્રમાણેની ઉધાર બાકી (બૅન્કસિલક) | 1,11,000 | |
| | | **1,62,000** | **1,62,000** |

**ઉદાહરણ 6 :** ઋચાની રોકડમેળ પ્રમાણે તા. 28-2-2015ના રોજ બૅન્કસિલક ₹ 10,000 હતી, જે પાસબુક પ્રમાણેની બૅન્કની બાકી સાથે મળતી ન હતી. નીચેની માહિતી પરથી ઋચાનો બૅન્ક સિલકમેળ તૈયાર કરો.

(1) ₹ 10,000ના ચેક બૅન્કમાં ભરેલા, જેમાંથી ₹ 4000ના ચેક તા. 28-2-2015 સુધી બૅન્કમાં જમા થયેલ છે.

(2) ₹ 4000નો એક ચેક લખેલો અને રોકડમેળમાં નોંધેલ; પરંતુ લેણદારને આપવાનો જ રહી ગયો છે.

(3) ₹ 12,000 બૅન્કે વીમા-પ્રીમિયમના ચૂકવ્યા છે, જેની નોંધ રોકડમેળમાં કરવામાં આવી નથી.

(4) એક ગ્રાહકે ઋચાના બૅન્ક ખાતામાં ₹ 20,000 બારોબાર જમા કરાવી દીધેલ, જેની જાણકારી ઋચાને તા. 1-3-2015ના રોજ મળી.

(5) બૅન્કે નોંધેલ બૅન્કચાર્જિસના ₹ 100 રોકડમેળમાં ભૂલથી બે વાર નોંધાઈ ગયા છે.

(6) ₹ 6000નો ચેક તા. 27-2-2015ના રોજ બૅન્કમાં ભરેલ, તે નકરાયો, જેની માહિતી ઋચાને તા. 3-3-2015ના રોજ મળી.

(7) ₹ 8000ના ચેક લખેલા, જેમાંથી ₹ 2000ના ચેક તા. 1-3-2015ના રોજ બૅન્કમાં રજૂ થયા હતા.

(8) ₹ 4000નો ચેક બૅન્કમાં ભરેલ; પરંતુ તેની નોંધ રોકડમેળમાં કરવામાં આવી નથી. આ ચેક તા. 28-2-2015 સુધી બૅન્ક દ્વારા વસૂલ થયેલ નથી.

(9) બૅન્કે પાસબુકમાં ₹ 200 બૅન્કવ્યાજના જમા કર્યા છે અને બૅન્કચાર્જિસના ₹ 100 ઉધાર્યા છે.

(10) રોકડમેળની આયબાજુનો સરવાળો ભૂલથી ₹ 4000 વધારે લેવાઈ ગયો છે.

(11) ₹ 5000ની લેણીહૂંડી બૅન્કમાં વટાવેલ જે તા. 26-2-2015ના રોજ નકરાયેલ અને બૅન્કે નકરામણી ખર્ચ ₹ 50 સહિત પાસબુકમાં ઉધાર્યા છે; પરંતુ હૂંડી નકારાયાની નોંધ તા. 28-2-2015 સુધી રોકડમેળમાં થયેલ નથી.

(12) એક માસ બાદ પાકતી ₹ 3000ની દેવીહૂંડી બૅન્ક મારફત ₹ 100ના રિબેટથી 28-2-2015ના રોજ ચૂકવેલ જેની નોંધ રોકડમેળમાં થયેલ નથી.

જવાબ : **તા. 28-2-2015ના રોજનો ઋચાનો બૅન્ક સિલકમેળ**

| વ્યવહાર નંબર | વિગત | ઉધાર (₹) | જમા (₹) |
|---|---|---|---|
| | રોકડમેળ પ્રમાણે બૅન્કસિલક | 10,000 | |
| (1) | બૅન્કમાં ભરેલ પરંતુ જમા નહિ થયેલ ચેક | | 6000 |
| (2) | લખેલ અને રોકડમેળમાં નોંધેલ પરંતુ લેણદારને આપવાનો રહી ગયેલ ચેક | 4000 | |
| (3) | બૅન્કે ચૂકવેલ વીમા-પ્રીમિયમ, રોકડમેળમાં નોંધેલ નથી. | | 12,000 |
| (4) | ગ્રાહકે બૅન્કમાં બારોબાર ભરેલ રકમ | 20,000 | |
| (5) | રોકડમેળમાં બે વખત નોંધાયેલ બૅન્કચાર્જિસ | 100 | |
| (6) | બૅન્કમાં ભરેલ પરંતુ નકરાયેલ ચેક નકરામણીની નોંધ રોકડમેળમાં થયેલ નથી. | | 6000 |
| (7) | લખેલ પરંતુ રજૂ નહિ થયેલ ચેક | 2000 | |
| (8) | **સમજૂતી :** આ વ્યવહારની નોંધ થશે નહિ, કારણ કે આ વ્યવહારની નોંધ તા. 28-2-2015 સુધી રોકડમેળ અને પાસબુક બંનેમાં થયેલ નથી તેથી બૅન્ક સિલકમેળમાં નોંધાશે નહિ. | | |
| (9) | બૅન્કે જમા કરેલ બૅન્ક વ્યાજ, રોકડમેળમાં નોંધેલ નથી. | 200 | |
| | બૅન્કે ઉધારેલ બૅન્કચાર્જિસ, રોકડમેળમાં નોંધેલ નથી. | | 100 |
| (10) | રોકડમેળની આયબાજુ ભૂલથી વધારે લેવાયેલ સરવાળો | | 4000 |
| (11) | બૅન્કમાં વટાવેલ લેણીહૂંડી નકરાયેલ, જેની નોંધ રોકડમેળમાં થયેલ નથી. | | 5050 |
| (12) | બૅન્ક મારફત ચૂકવેલ દેવીહૂંડી, રોકડમેળમાં નોંધાયેલ નથી. | | 2900 |
| | પાસબુક પ્રમાણે બૅન્કસિલક | | 250 |
| | | **36,300** | **36,300** |

**ઉદાહરણ 7 :** નીચેની માહિતી પરથી ફૈઝલનો જુલાઈ 2015નો બૅન્ક સિલકમેળ તૈયાર કરો :

(1) રોકડમેળ મુજબ બૅન્ક ઓવરડ્રાફ્ટ (તા. 31-7-2015) ₹ 2500

પાસબુક મુજબ બૅન્ક ઓવરડ્રાફ્ટ (તા. 1-7-2015) ₹ 2000

(2) બૅન્કમાં ભરેલ ચેક અને તેમને પાસબુકમાં જમા કર્યાની માહિતી નીચે મુજબ છે :

| રકમ (₹) | બૅન્કમાં ચેક ભર્યા તારીખ | પાસબુકમાં જમા કર્યા તારીખ |
|---|---|---|
| 6000 | 2-7-2015 | 3-7-2015 |
| 500 | 24-7-2015 | 26-7-2015 |
| 1000 | 26-7-2015 | 1-8-2015 |
| 3000 | 30-7-2015 | 3-8-2015 |

(3) લખેલ અને બૅન્કમાં રજૂ થયેલ ચેકની માહિતી નીચે મુજબ છે :

| રકમ (₹) | ચેક લખ્યા તારીખ | બૅન્કમાં રજૂ થયા તારીખ |
|---|---|---|
| 400 | 25-7-2015 | 31-7-2015 |
| 1800 | 27-7-2015 | 2-8-2015 |
| 12,000 | 28-7-2015 | 28-7-2015 |
| 7500 | 31-7-2015 | 1-8-2015 |

(4) બૅન્કે જમા કરેલ વ્યાજ ₹ 300 રોકડમેળમાં ભૂલથી વ્યય બાજુ નોંધાયેલ છે.

(5) ફૈઝલ વતી બૅન્કે ડિવિડન્ડના ₹ 800 વસૂલ કર્યા છે, જેની નોંધ રોકડમેળમાં કરવાની બાકી છે.

(6) ઓવરડ્રાફ્ટના વ્યાજના ₹ 100 બૅન્કે પાસબુકમાં નોંધેલ પરંતુ આ વ્યવહારની નોંધ રોકડમેળમાં થયેલ નથી.

(7) ચેક દ્વારા કરેલ વેચાણના ₹ 1200 બૅન્કે ફૈઝલના અંગત બૅન્ક ખાતામાં નોંધેલ છે.

(8) ફૈઝલની વિનંતીથી બૅન્કે ઉધારેલ બૅન્કચાર્જિસ ₹ 120 પરત કરેલ છે, જે પાસબુકમાં જમા કરેલ જેની નોંધ રોકડમેળમાં થયેલ નથી.

(9) લખેલ ચેકમાં સહી કરવાનું ભૂલાઈ ગયેલ હોવાથી બૅન્કે ₹ 3000નો ચેક ફૈઝલને પરત કરેલ છે.

(10) બૅન્કમાં વસૂલાત માટે મોકલેલ હૂંડીના ₹ 4000 બૅન્કે વસૂલ કરેલ છે, જેની નોંધ રોકડમેળમાં કરવાની બાકી છે.

**જવાબ :** **તા. 31-7-2015ના રોજનો ફૈઝલનો બૅન્ક સિલકમેળ**

| વ્યવહાર નંબર | વિગત | ઉધાર (₹) | જમા (₹) |
|---|---|---|---|
| (1) | રોકડમેળ મુજબ બૅન્ક ઓવરડ્રાફ્ટ | | 2500 |
| (2) | બૅન્કમાં ભરેલ પરંતુ જમા નહિ થયેલ ચેક (₹ 1000 + ₹ 3000) | | 4000 |
| (3) | લખેલ પરંતુ રજૂ નહિ થયેલ ચેક (₹ 1800 + ₹ 7500) | 9300 | |
| (4) | બૅન્કે જમા કરેલ વ્યાજ ₹ 300 ભૂલથી રોકડમેળમાં વ્યય બાજુ નોંધેલ | 600 | |
| (5) | બૅન્કે વસૂલ કરેલ ડિવિડન્ડ, રોકડમેળમાં નોંધેલ નથી. | 800 | |
| (6) | બૅન્કે ઉધારેલ ઓવરડ્રાફ્ટનું વ્યાજ રોકડમેળમાં નોંધેલ નથી. | | 100 |
| (7) | બૅન્કે ધંધાના ખાતામાં જમા નહિ કરેલ ચેક | | 1200 |
| (8) | બૅન્કે જમા કરેલ બૅન્કચાર્જિસ, રોકડમેળમાં નોંધેલ નથી. | 120 | |
| (9) | બૅન્કે પરત કરેલ લખેલ ચેક | 3000 | |
| (10) | બૅન્કે વસૂલ કરેલ હૂંડી, રોકડમેળમાં નોંધાયેલ નથી. | 4000 | |
| | પાસબુક પ્રમાણે બૅન્કસિલક | | 10,020 |
| | | **17,820** | **17,820** |

**ઉદાહરણ 8 :** નીચેની માહિતી પરથી પાર્થનો તા. 31-12-2015ના રોજનો બૅન્ક સિલકમેળ તૈયાર કરો.

(1) બૅન્કમાં ભરેલ પરંતુ વસૂલ નહિ થયેલ ચેક ₹ 30,000.

(2) લખેલ પરંતુ બૅન્કમાં રજૂ નહિ થયેલ ચેક ₹ 15,000.

(3) મળેલ ચેક રોકડમેળમાં નોંધેલ છે; પરંતુ બૅન્કમાં ભરવા માટે મોકલેલ નથી, ₹ 20,000.

(4) બૅન્કમાં ભરેલ ચેક નકરાયેલ, જેની નોંધ રોકડમેળમાં થયેલ નથી, ₹ 2400.

(5) બૅન્કે વસૂલ કરેલ રોકાણો પરનું વ્યાજ ₹ 700, રોકડમેળમાં નોંધેલ નથી.

(6) પાર્થની સૂચના મુજબ બૅન્કે ચૂકવેલ ડીમેટ ચાર્જિસ ₹ 400, રોકડમેળમાં નોંધાયેલ નથી.

(7) રોકડ ખરીદીની નોંધ રોકડમેળની જાવક બાજુ બૅન્ક ખાનામાં નોંધેલ ₹ 5000.

(8) લખેલ પરંતુ લેણદારને આપવાનો રહી ગયેલ ચેક ₹ 7000.

(9) પાર્થે તેના અંગત બૅન્ક ખાતામાંથી લખેલ ચેક બૅન્કે ધંધાના બૅન્ક ખાતામાં ઉધારેલ છે, ₹ 8100.

(10) રોકડમેળની વ્યય બાજુ બૅન્ક ખાનાનો વધારે લેવાયેલ સરવાળો ₹ 900.

(11) ₹ 2700નો લખેલ ચેક ટેક્નિકલ કારણોસર નકરાયેલ. ચેક નકરાયાની નોંધ રોકડમેળમાં થયેલ નથી.

(12) બૅન્કે જમા કરેલ વ્યાજ ₹ 500 અને ઉધારેલ કમિશન ₹ 100, રોકડમેળમાં નોંધેલ નથી.

તા. 31-12-2015ના રોજ પાર્થની પાસબુક ₹ 2000 ઓવરડ્રાફ્ટ દર્શાવતી હતી.

જવાબ : **તા. 31-12-2015ના રોજનો પાર્થનો બૅન્ક સિલકમેળ**

| વ્યવહાર નંબર | વિગત | ઉધાર (₹) | જમા (₹) |
|---|---|---|---|
| | પાસબુક મુજબ બૅન્ક ઓવરડ્રાફ્ટ | 2000 | |
| (1) | ભરેલ પરંતુ વસૂલ નહિ થયેલ ચેક | | 30,000 |
| (2) | લખેલ પરંતુ રજૂ નહિ થયેલ ચેક | 15,000 | |
| (3) | મળેલ ચેક, બૅન્કમાં ભરેલ નથી | | 20,000 |
| (4) | બૅન્કમાં ભરેલ ચેક નકરાયેલ, જે રોકડમેળમાં નોંધેલ નથી. | | 2400 |
| (5) | બૅન્કે વસૂલ કરેલ રોકાણોનું વ્યાજ, રોકડમેળમાં નોંધેલ નથી. | 700 | |
| (6) | બૅન્કે ચૂકવેલ ડીમેટ ચાર્જિસ, રોકડમેળમાં નોંધાયેલ નથી. | | 400 |
| (7) | રોકડ ખરીદી ભૂલથી રોકડમેળની જાવક બાજુ બૅન્ક ખાનામાં નોંધેલ | 5000 | |
| (8) | લખેલ પરંતુ લેણદારને આપવાનો રહી ગયેલ ચેક | 7000 | |
| (9) | અંગત ખાતામાંથી લખેલ ચેક બૅન્કે ભૂલથી ધંધાના ખાતામાં ઉધારેલ | | 8100 |
| (10) | રોકડમેળની વ્યય બાજુ વધારે લેવાયેલ સરવાળો | 900 | |
| (11) | લખેલ ચેક ટેક્નિકલ કારણોસર નકરાયેલ જેની નોંધ રોકડમેળમાં થયેલ નથી. | 2700 | |
| (12) | બૅન્કે જમા કરેલ વ્યાજ રોકડમેળમાં નોંધાયેલ નથી. | 500 | |
| | બૅન્કે ઉધારેલ કમિશન, રોકડમેળમાં નોંધાયેલ નથી. | | 100 |
| | રોકડમેળ પ્રમાણે બૅન્કસિલક | 27,200 | |
| | | **61,000** | **61,000** |

## 9. રોકડમેળ અને પાસબુકની તારીજ પરથી બૅન્ક સિલકમેળ તૈયાર કરવો (Preparation of Bank Reconciliation Statement from Abstracts of Cash Book and Pass Book)

જ્યારે કોઈ એક જ સમય માટે રોકડમેળ અને પાસબુકમાં નોંધાયેલ વ્યવહારોની તારીજ આપેલ હોય ત્યારે સૌપ્રથમ બંને ચોપડાઓના વ્યવહારો સરખાવવામાં આવે છે. જે વ્યવહારો રોકડમેળ અને પાસબુક બંનેમાં આપેલ તારીજમાં નોંધાયેલ હોય તો તે વ્યવહારના કારણે કોઈ તફાવત ઉદ્ભવતો નથી. તેથી તે વ્યવહારોની નોંધ બૅન્ક સિલકમેળમાં થશે નહિ. જો કોઈ વ્યવહાર એક ચોપડે નોંધાયો હોય અને અન્ય ચોપડે નોંધાયો ન હોય તો તે તફાવતનું કારણ બને છે અને તેની નોંધ બૅન્ક સિલકમેળમાં કરવામાં આવે છે. **જે વ્યવહાર રોકડમેળમાં ઉધારેલ હોય પરંતુ પાસબુકમાં જમા કરેલ ન હોય તો તે વ્યવહાર બૅન્ક સિલકમેળમાં જમા ખાનામાં તે રકમથી નોંધવામાં આવે છે. તે જ રીતે જે વ્યવહાર રોકડમેળમાં જમા કરેલ હોય પરંતુ પાસબુકમાં ઉધારેલ ન હોય તો બૅન્ક સિલકમેળમાં ઉધાર ખાનામાં તે રકમથી નોંધ કરવામાં આવે છે.**

રોકડમળ અને પાસબુકની માહિતી પરથી તફાવત કેવી રીતે શોધી શકાય અને તેના પરથી બૅન્ક સિલકમેળ કેવી રીતે તૈયાર કરી શકાય તે ઉદાહરણ લઈને સમજીએ.

**ઉદાહરણ 9 :** નીચે આપેલી માહિતી પરથી નિશાંતનો એપ્રિલ 2016નો બૅન્ક સિલકમેળ તૈયાર કરો.

### રોકડમેળ (બૅન્ક ખાનું)

ઉધાર | જમા

| તારીખ | વિગત (આય/આવક) | પહોંચ નંબર | ખા. પા. | રકમ (₹) | તારીખ | વિગત (જાવક/વ્યય) | વાઉચર નંબર | ખા. પા. | રકમ (₹) |
|---|---|---|---|---|---|---|---|---|---|
| 2016 | | | | | 2016 | | | | |
| એપ્રિલ 1 | બાકી આગળ લાવ્યા | | | 4000 | એપ્રિલ 2 | પગાર ખાતે | | | 2000 |
| 10 | તેજ ખાતે | | | 12,000 | | (પ્રિયાને ચેક આપ્યો) | | | |
| 15 | રીયા ખાતે | | | 3000 | 5 | મૂકેશ ખાતે | | | 1000 |
| 26 | હિતેશ ખાતે | | | 200 | 12 | સુનિલ ખાતે | | | 1600 |
| | | | | | 20 | કમિશન ખાતે | | | 200 |
| | | | | | | (કિશનને ચેક આપ્યો) | | | |
| | | | | | 24 | ગુરમિત ખાતે | | | 4000 |
| | | | | | 29 | જાનકી ખાતે | | | 2000 |
| | | | | | 30 | બાકી આગળ લઈ ગયા | | | 8400 |
| | | | | **19,200** | | | | | **19,200** |
| 2016 મે 1 | બાકી આગળ લાવ્યા | | | 8400 | | | | | |

### બૅન્ક પાસબુક

| તારીખ | વિગત | ઉધાર (₹) | જમા (₹) | બાકી (₹) |
|---|---|---|---|---|
| 2016 | | | | |
| એપ્રિલ 1 | બાકી આગળ લાવ્યા | – | 4000 | 4000 |
| 3 | પ્રિયા ખાતે | 2000 | – | 2000 |
| 12 | તેજ ખાતે | – | 12,000 | 14,000 |
| 14 | સુનિલ ખાતે | 1600 | – | 12,400 |
| 20 | બૅન્ક ચાર્જિસ | 20 | – | 12,380 |
| 23 | આદિત્ય ખાતે | – | 6000 | 18,380 |
| 29 | જાનકી ખાતે | 2000 | – | 16,380 |
| 30 | ન્યૂ ઇન્ડિયા ઇન્સ્યોરન્સ | 10,000 | – | 6380 |
| 30 | બાકી આગળ લઈ ગયા | 6380 | – | – |
| | | **22,000** | **22,000** | – |
| મે 1 | બાકી આગળ લાવ્યા | | 6380 | 6380 |

જવાબ :

### તા. 30-4-2016ના રોજનો નિશાંતનો બૅન્ક સિલકમેળ

| અનુક્રમ નંબર | વિગત | | ઉધાર (₹) | જમા (₹) |
|---|---|---|---|---|
| | રોકડમેળ મુજબ બૅન્કસિલક | | 8400 | |
| (1) | બૅન્કમાં ભરેલ પરંતુ જમા નહિ થયેલ ચેક | | | |
| | રીયા | 3000 | | |
| | હિતેશ | 200 | | 3200 |
| (2) | લખેલ પરંતુ રજૂ નહિ થયેલ ચેક | | | |
| | મૂકેશ | 1000 | | |
| | કમિશન (કિશન) | 200 | | |
| | ગુરમિત | 4000 | 5200 | |
| (3) | બૅન્કચાર્જિસ, રોકડમેળમાં નહિ નોંધેલ | | | 20 |
| (4) | બૅન્કે ચૂકવેલ વીમા-પ્રીમિયમ, રોકડમેળમાં નહિ નોંધેલ | | | 10,000 |
| (5) | આદિત્યએ બારોબાર બૅન્કમાં ભરેલ રકમ રોકડમેળમાં નોંધેલ નથી | | 6000 | |
| | પાસબુક પ્રમાણે બૅન્કસિલક | | | 6380 |
| | | | **19,600** | **19,600** |

**સમજૂતી :**

(1) એપ્રિલ માસનો બૅન્ક સિલકમેળ તૈયાર કરવાનો હોવાથી માર્ચ મહિનાના અંતે એટલે કે તા. 31-3-2015ના એટલે કે તા. 1-4-2015ના રોજની રોકડમેળ કે પાસબુક મુજબની બાકીથી બૅન્ક સિલકમેળની શરૂઆત કરી શકાય. અહીં રોકડમેળ મુજબ બૅન્કસિલકથી બૅન્ક સિલકમેળની શરૂઆત કરેલ છે.

(2) રોકડમેળની આય બાજુ વર્તુળ કરેલ રકમ પાસબુકમાં જમા થયેલ નથી, જે બૅન્કમાં ભરેલ પરંતુ જમા નહિ થયેલ ચેક તરીકે બૅન્ક સિલકમેળમાં જમા ખાનામાં નોંધાશે. ₹ 3000 + ₹ 200 = ₹ 3200.

(3) રોકડમેળની વ્યય બાજુ વર્તુળ કરેલ રકમ પાસબુકમાં ઉધારેલ નથી જે લખેલ પરંતુ બૅન્કમાં રજૂ નહિ થયેલ ચેક દર્શાવે છે. જે પાસબુકમાં ઉધારેલ નથી તેથી બૅન્ક સિલકમેળમાં ઉધારનાં ખાનામાં ₹ 1000 + ₹ 200 + ₹ 4000 = ₹ 5200

(4) પાસબુકમાં ઉધાર ખાનામાં વર્તુળ કરેલ રકમ બૅન્કચાર્જિસ ₹ 20 અને બૅન્કે ન્યૂ ઇન્ડિયા ઇન્સ્યોરન્સને ચૂકવેલ ₹ 10,000 દર્શાવે છે જે રોકડમેળની વ્યય બાજુ એટલે કે જમા કરેલ નથી તેથી આ વ્યવહારો બૅન્ક સિલકમેળમાં જમા ખાનામાં નોંધાશે.

(5) પાસબુકમાં જમા ખાનામાં વર્તુળ કરેલ રકમ ₹ 6000 ગ્રાહકે બારોબાર બૅન્કમાં ભરેલ રકમની છે જે રોકડમેળની આય બાજુ એટલે કે ઉધાર બાજુ નોંધાયેલ નથી તેથી બૅન્ક સિલકમેળમાં વ્યવહાર ઉધાર ખાનામાં નોંધાશે.

(6) બૅન્ક સિલકમેળની ઉધાર અને જમા બાજુનો તફાવત જમા ખાનામાં પાસબુક મુજબ બૅન્કસિલક ₹ 6380 દર્શાવે છે, જે પાસબુકની તારીજ મુજબની બૅન્કસિલક છે.

**ઉદાહરણ 10 :** નીચેની માહિતી પરથી દિનેશનો બૅન્ક સિલકમેળ તૈયાર કરો.

**બૅન્ક પાસબુક**

| તારીખ | વિગત | ઉધાર (₹) | જમા (₹) | બાકી (₹) |
|---|---|---|---|---|
| 2016 | | | | |
| જાન્યુ. 1 | બાકી આગળ લાવ્યા | – | 6000 | 6000 |
| 3 | કવિશા ખાતે | 1500 | – | 4500 |
| 4 | અમિત ખાતે | – | 9000 | 13,500 |
| 7 | જયા ખાતે | 3000 | – | 10,500 |
| 8 | વિરાટ ખાતે | 1740 | – | 8760 |
| 13 | વિપુલ ખાતે | – | 6000 | 14,760 |
| 15 | યશ ખાતે | 30,000 | – | (–15,240) |
| 18 | ગુજરાત વીજ કંપની ખાતે | 4200 | – | (–19,440) |
| 24 | ઈવા ખાતે | 18,000 | – | (–37,440) |
| 30 | બૅન્ક ઓવરડ્રાફ્ટ વ્યાજ ખાતે | 120 | – | (–37,560) |
| 31 | ડિવિડન્ડ ખાતે | – | 150 | (–37,410) |
| 31 | બાકી આગળ લઈ ગયા | – | 37,410 | (–37,410) |
| | | **58,560** | **58,560** | – |

## રોકડમેળ (બૅન્ક ખાતું)

ઉધાર | જમા

| તારીખ | વિગત (આય/આવક) | પહોંચ નંબર | ખા. પા. | રકમ (₹) | તારીખ | વિગત (જાવક/વ્યય) | વાઉચર નંબર | ખા. પા. | રકમ (₹) |
|---|---|---|---|---|---|---|---|---|---|
| 2016 | | | | | 2016 | | | | |
| જાન્યુ. 1 | બાકી આગળ લાવ્યા | | | 5940 | જાન્યુ. 1 | બૅન્ક ચાર્જિસ ખાતે | | | 120 |
| 1 | કમિશન ખાતે | | | 180 | 2 | કવિશા ખાતે | | | 1500 |
| | (શ્રેયા પાસેથી મળેલ ચેક) | | | | 5 | પગાર ખાતે | | | 3000 |
| 4 | અમિત ખાતે | | | 9000 | | (મનનને આપેલ ચેક) | | | |
| 5 | નિશા ખાતે | | | 15,000 | 7 | જયા ખાતે | | | 3000 |
| 10 | વિપુલ ખાતે | | | 6000 | 7 | વિરાટ ખાતે | | | 1740 |
| 27 | વલ્લભભાઈ ખાતે | | | 12,150 | 10 | પ્રીતિ ખાતે | | | 1380 |
| 31 | બાકી આગળ લઈ ગયા | | | 14,670 | 14 | યશ ખાતે | | | 30,000 |
| | | | | | 17 | ગુજરાત વીજ કંપની ખાતે | | | 4200 |
| | | | | | 22 | ઈવા ખાતે | | | 18,000 |
| | | | | **62,940** | | | | | **62,940** |
| | | | | | 2016 | | | | |
| | | | | | ફેબ્રુ. 1 | બાકી આગળ લાવ્યા | | | 14,670 |

જવાબ :

### દિનેશનો તા. 31-1-2016ના રોજનો બૅન્ક સિલકમેળ

| અનુક્રમ નંબર | વિગત | ઉધાર (₹) | જમા (₹) |
|---|---|---|---|
| | પાસબુક મુજબ બૅન્ક ઓવરડ્રાફ્ટ | 37,410 | |
| (1) | ભરેલ પરંતુ બૅન્કમાં જમા નહિ થયેલ ચેક | | |
| | નિશા 15,000 | | |
| | વલ્લભભાઈ 12,150 | | 27,150 |
| (2) | લખેલ પરંતુ બૅન્કમાં રજૂ નહિ થયેલ ચેક | | |
| | પગાર (મનન) 3000 | | |
| | પ્રીતિ 1380 | 4380 | |
| (3) | બૅન્ક ઓવરડ્રાફ્ટ વ્યાજ, રોકડમેળમાં જમા નહિ કરેલ | | 120 |
| (4) | મળેલ ડિવિડન્ડ, રોકડમેળમાં ઉધાર નહિ કરેલ | 150 | |
| | રોકડમેળ મુજબ જમા બાકી (બૅન્ક ઓવરડ્રાફ્ટ) | | 14,670 |
| | | **41,940** | **41,940** |

**સમજૂતી :**

આપેલ તારીજમાં તા. 1-1-2016ના રોજ પાસબુક મુજબ શરૂઆતની બૅન્કસિલક ₹ 6000 છે, જ્યારે રોકડમેળ મુજબ શરૂઆતની બૅન્કસિલક ₹ 5940 છે. તા. 1-1-2016ના રોજ રોકડમેળમાં ઉધાર બાજુ મળેલ કમિશન ₹ 180 અને તે જ તારીખે જમા બાજુ બૅન્કચાર્જિસ ₹ 120 નોંધેલ છે. વાસ્તવમાં આ વ્યવહારો ડિસેમ્બર 2015ના વ્યવહારો છે, જે રોકડમેળમાં 1-1-2016ના રોજ નોંધેલ છે. આ વ્યવહારોને ધ્યાનમાં લેતાં શરૂઆતની બાકી ₹ 5940 + મળેલ કમિશન ₹ 180 – બૅન્કચાર્જિસ ₹ 120 = ₹ 6000ની બૅન્કસિલક મળે છે, જે પાસબુકની તા. 1-1-2016ની બૅન્કસિલક પ્રમાણે મળી રહે છે. આ વ્યવહારો ડિસેમ્બર 2015ના છે, જે બૅન્કે પાસબુકમાં નોંધેલ હશે; પરંતુ ડિસેમ્બર 2015ના રોજ રોકડમેળમાં નોંધાયેલ હશે નહિ, જેની નોંધ જાન્યુઆરી 2016ના રોકડમેળમાં કરતાં પાસબુક મુજબની બૅન્કસિલક સાથે મળી રહે છે. અન્ય વ્યવહારોની સરખામણી કરીને જે વ્યવહારો પાસબુકમાં અને રોકડમેળમાં બંનેમાં નોંધાયેલ નથી તેની અસર બૅન્ક સિલકમેળમાં આપેલ છે.

## 10. રોકડમેળની સુધારેલી બાકી પરથી બૅન્ક સિલકમેળ તૈયાર કરવો (Preparation of Bank Reconciliation Statement from Rectified Balance of Cash Book)

આ રીતમાં બૅન્ક સિલકમેળ તૈયાર કરતાં પહેલાં સુધારેલો રોકડમળ તૈયાર કરવામાં આવે છે. જે વ્યવહારો પાસબુકમાં નોંધેલ હોય; પરંતુ તે જ સમય દરમિયાન રોકડમેળમાં નોંધેલ ન હોય તે વ્યવહારો સુધારેલ રોકડમેળમાં નોંધવામાં આવે છે.

દા.ત., પાસબુકમાં ઉધારેલ વ્યવહારો રોકડમેળમાં જમા કરેલ ન હોય તો સુધારેલ રોકડમેળમાં જમા કરવામાં આવે છે અને જે વ્યવહારો પાસબુકમાં જમા કરેલ હોય; પરંતુ રોકડમેળમાં ઉધારેલ ન હોય તો સુધારેલ રોકડમેળમાં ઉધારવામાં આવે છે.

આ ઉપરાંત રોકડમેળ તૈયાર કરવામાં કોઈ ભૂલ થયેલ હોય તો તેની યોગ્ય અસર આપીને તે ભૂલ સુધારી લેવામાં આવે છે. ત્યાર બાદ રોકડમેળ મુજબ સુધારેલ બૅન્કસિલક કે ઓવરડ્રાફ્ટ શોધવામાં આવે છે. બૅન્ક સિલકમેળ તૈયાર કરતી વખતે બૅન્ક સિલકમેળની શરૂઆત રોકડમેળ મુજબની સુધારેલી બાકીથી કરવામાં આવે છે. બૅન્ક સિલકમેળમાં ફક્ત તે જ વ્યવહારો નોંધવામાં આવે છે, જે પાસબુકમાં નોંધેલ ન હોય કારણ કે રોકડમેળમાં નહિ નોંધેલ વ્યવહારો સુધારેલ રોકડમેળમાં નોંધેલ હોવાથી તેવા વ્યવહારોની અસર બૅન્ક સિલકમેળમાં આપવાની રહેતી નથી.

**ઉદાહરણ 11 :** સંસ્કૃતિનો રોકડમેળ તા. 31-3-2016ના રોજ ₹ 10,000 ઉધાર બાકી દર્શાવે છે. જે પાસબુક પ્રમાણેની બાકી કરતાં જુદી આવે છે. નીચેની માહિતી પરથી સુધારેલ રોકડમેળ તૈયાર કરો અને તા. 31-3-2016ના રોજનો બૅન્ક સિલકમેળ તૈયાર કરો.

2016

માર્ચ 1 ભરેલ પરંતુ બૅન્કે જમા નહિ કરેલ ચેક ₹ 7000

3 લખેલ પરંતુ રજૂ નહિ થયેલ ચેક ₹ 8000

5 મયૂરે બૅન્ક ખાતામાં બારોબાર જમા કરાવેલ ચેક ₹ 4000

7 બૅન્કે વસૂલ કરેલ ડિવિડન્ડ, રોકડમેળમાં નોંધાયેલ નથી ₹ 2000

9 બૅન્ક પાસબુકમાં બૅન્ક વ્યાજના ₹ 200 જમા કર્યા છે, જેની નોંધ રોકડમેળમાં નથી.

14 બૅન્કમાં વટાવેલી શ્યામની હૂંડી નકરાઈ તેના બૅન્કે નકરામણી ખર્ચ સાથે ₹ 5100 પાસબુકમાં ઉધાર્યા છે જેની માહિતી સંસ્કૃતિને નથી.

18 ₹ 4000નો ચેક મીરાને લખી આપ્યો હતો, તે બૅન્કે તા. 4-4-2016ના રોજ ચૂકવેલ છે.

21 ₹ 2000નો ચેક વિનયે આપેલ જે બૅન્કમાં ભરેલો પરંતુ રોકડમેળમાં નોંધવાનો રહી ગયેલ છે.

23 રોકડમેળની બાકી બીજા પાને લઈ જતાં વ્યય બાજુનો સરવાળો ₹ 1000 વધારે ગણવામાં આવ્યો હતો.

28 શ્લોકને ₹ 4000નો ચેક લખી આપ્યો હતો, જે બૅન્કે તા. 29-3-2016ના રોજ ચૂકવી આપ્યો હતો; પરંતુ રોકડમેળમાં તે ₹ 400થી નોંધાયો હતો.

જવાબ :

**સુધારેલ રોકડમેળ (બૅન્ક ખાતું)**

ઉધાર જમા

| તારીખ | વિગત (આય/આવક) | પહોંચ નંબર | ખા. પા. | રકમ (₹) | તારીખ | વિગત (જાવક/વ્યય) | વાઉચર નંબર | ખા. પા. | રકમ (₹) |
|---|---|---|---|---|---|---|---|---|---|
| 2016 | | | | | 2016 | | | | |
| માર્ચ 31 | બાકી આગળ લાવ્યા | | | 10,000 | માર્ચ 14 | શ્યામ ખાતે | | | 5100 |
| 5 | મયૂર ખાતે | | | 4000 | " 28 | શ્લોક ખાતે | | | 3600 |
| 7 | ડિવિડન્ડ ખાતે | | | 2000 | | | | | |
| 9 | બૅન્ક વ્યાજ ખાતે | | | 200 | | | | | |
| 21 | વિનય ખાતે | | | 2000 | | | | | |
| 23 | સરવાળાની ભૂલ ખાતે | | | 1000 | " 31 | બાકી આગળ લઈ ગયા | | | 10,500 |
| | | | | **19,200** | | | | | **19,200** |

**તા. 31-3-2016ના રોજનો સંસ્કૃતિનો બૅન્ક સિલકમેળ**

| અનુક્રમ નંબર | વિગત | ઉધાર (₹) | જમા (₹) |
|---|---|---|---|
| 2016 | રોકડમેળ પ્રમાણે બૅન્કસિલક (સુધારેલ) | 10,500 | |
| માર્ચ 1 | ભરેલ પરંતુ બૅન્કે જમા નહિ કરેલ ચેક | | 7000 |
| 3 | લખેલ પરંતુ બૅન્કે નહિ ઉધારેલ ચેક | 8000 | |
| 18 | લખેલ પરંતુ તા. 31-3-2016 સુધી બૅન્કે નહિ ચૂકવેલ ચેક | 4000 | |
| 31 | પાસબુક પ્રમાણેની બૅન્કસિલક | | 15,500 |
| | **નોંધ :** બૅન્ક સિલકમેળની શરૂઆત સુધારેલ રોકડમેળ મુજબની બાકીથી કરેલ છે. | | |
| | | **22,500** | **22,500** |

**ઉદાહરણ 12 :** કંસારા સ્ટોર્સ સ્ટેટ બૅન્ક ઑફ ઈન્ડિયામાં બે બૅન્ક ખાતા ધરાવે છે. ખાતા નંબર 900 અને ખાતા નંબર 999. તા. 30-4-2016ના રોજ રોકડમેળ મુજબ ખાતા નં. 900માં ₹ 6000ની સિલક છે, જ્યારે ખાતા નં. 999માં ₹ 4000નો ઓવરડ્રાફ્ટ છે. નીચેની માહિતી પરથી કંસારા સ્ટોર્સનો સ્ટેટ બૅન્ક ઑફ ઈન્ડિયાનો ખાતા નંબર 900નો એપ્રિલ માસનો બૅન્ક સિલકમેળ તૈયાર કરો.

(1) ₹ 12,000ના ચેક ખાતા નંબર 900 અને ₹ 6000ના ચેક ખાતા નંબર 999માં ભર્યા હતા. બૅન્કે પાસબુકમાં ભૂલથી ખાતા નંબર 900ની રકમ ખાતા નંબર 999માં અને ખાતા નંબર 999ની રકમ ખાતા નંબર 900માં જમા કરી દીધી છે.

(2) ₹ 4000નો ચેક ખાતા નંબર 999માંથી લખી આપ્યો હતો, જે હજુ સુધી બૅન્કમાં ચુકવણી માટે રજૂ થયો નથી.

(3) કુલ ₹ 4000ના ચેક ખાતા નંબર 900માં ભર્યા હતા, જેમાંથી ₹ 1200નો એક ચેક બૅન્કે ભૂલથી ખાતા નંબર 999માં જમા આપી દીધો છે.

(4) ₹ 1400નો એક ચેક ખાતા નંબર 999માંથી લખી આપ્યો હતો, જેની ચુકવણી કરીને બૅન્ક દ્વારા રકમ ખાતા નંબર 900માં ઉધારવામાં આવી છે.

(5) એક ગ્રાહકે ₹ 3000 અને ₹ 4000 બારોબાર અનુક્રમે ખાતા નંબર 999 અને ખાતા નંબર 900માં ભરાવી દીધા છે, જેની નોંધ રોકડમેળમાં કરવામાં આવી નથી.

(6) બૅન્કે ₹ 200 બૅન્કચાર્જિસ તરીકે ખાતા નંબર 900માં ઉધાર્યા છે અને ₹ 160 બૅન્ક વ્યાજ તરીકે ખાતા નંબર 999માં જમા કર્યા છે, જે રોકડમેળમાં નોંધાયેલ નથી.

(7) ₹ 4000ના ચેક ખાતા નંબર 900માંથી લખી આપ્યા હતા, જેમાંથી ₹ 1600ના ચેક હજી સુધી ચુકવણી માટે રજૂ થયા નથી.

જવાબ : **કંસારા સ્ટોર્સનો તા. 30-4-2016ના રોજનો ખાતા નંબર 900નો બૅન્ક સિલકમેળ**

| અનુક્રમ નંબર | વિગત | ઉધાર (₹) | જમા (₹) |
|---|---|---|---|
| | રોકડમેળ મુજબની બૅન્કસિલક | 6000 | |
| 1 | (1) ખાતા નંબર 900નો ₹ 12,000નો ચેક બૅન્કે ભૂલથી ખાતા નંબર 999માં જમા આપેલ | | 12,000 |
| | (2) ખાતા નંબર 999નો ₹ 6000નો ચેક બૅન્કે ભૂલથી ખાતા નંબર 900માં જમા આપેલ | 6000 | |
| 3 | ₹ 1200નો ચેક બૅન્કે ખાતા નંબર 900માં જમા આપેલ નથી (ભૂલથી બૅન્કે ખાતા નંબર 999માં જમા આપેલ) | | 1200 |
| 4 | બૅન્કે ભૂલથી ખાતા નંબર 900માં ઉધારેલ ચેક જે ખાતા નંબર 999માંથી લખેલ હતો. | | 1400 |
| 5 | ગ્રાહકે બારોબાર બૅન્કમાં ભરાવેલ રકમ | 4000 | |
| 6 | બૅન્કચાર્જિસ, રોકડમેળમાં નોંધાયેલ નથી | | 200 |
| 7 | લખેલ પરંતુ રજૂ નહિ થયેલ ચેક | 1600 | |
| | પાસબુક પ્રમાણેની બૅન્કસિલક | | 2800 |
| | | **17,600** | **17,600** |

**નોંધ :** (1) વ્યવહાર નંબર 2ની નોંધ થશે નહિ, કારણ કે આ વ્યવહાર ખાતા નંબર 999ને લગતો છે.

(2) વ્યવહાર નંબર 6માં બૅન્ક વ્યાજ ₹ 160નો વ્યવહાર ખાતા નંબર 999ને લગતો છે, જે નોંધાશે નહિ.

## સ્વાધ્યાય

**1. દરેક પ્રશ્ન માટે યોગ્ય વિકલ્પ પસંદ કરો :**

(1) બૅન્ક સિલકમેળ .......... દ્વારા તૈયાર કરવામાં આવે છે.

(અ) બૅન્ક (બ) વેપારી

(ક) બૅન્ક અને વેપારી બંને (ડ) ઑડિટર

(2) બૅન્ક સિલકમેળ .......... છે, .......... નથી.

(અ) ખાતું, પત્રક (બ) પેટાનોંધ, ખાસ આમનોંધ

(ક) પત્રક, ખાતું (ડ) રોકડમેળનો ભાગ, પાસબુકનો ભાગ

(3) પાસબુક એ .......... છે.

(અ) બૅન્કના ચોપડે વેપારીના ખાતાનો ઉતારો

(બ) વેપારીના ચોપડે બૅન્ક સાથેના વ્યવહારોનો ઉતારો

(ક) બૅન્ક સિલકમેળનો ભાગ

(ડ) વેપારીએ તૈયાર કરેલ પેટાનોંધ

(4) બૅન્ક સિલકમેળનો મુખ્ય ઉદ્દેશ .......... વચ્ચે તફાવતની મેળવણી કરવાનો છે.

(અ) રોકડમેળની શરૂઆતની બાકી અને આખર બાકી

(બ) પાસબુકની શરૂઆતની બાકી અને આખર બાકી

(ક) પાસબુક મુજબ રોકડમેળ મુજબ જે-તે સમયની આખર બાકી

(ડ) પાસબુક મુજબ અને રોકડમેળ મુજબ જે-તે સમયની શરૂઆતની બાકી

(5) બૅન્ક સિલકમેળ તૈયાર કરવાથી .......... જાણી શકાય છે.

(અ) પાસબુકમાં થયેલ ભૂલો

(બ) રોકડમેળમાં થયેલ ભૂલો

(ક) પાસબુક અને રોકડમેળમાં નહિ નોંધાયેલ વ્યવહારો

(ડ) ઉપરની બધી જ બાબતો

(6) બૅન્ક સાથેના વ્યવહારોનું પત્રક .........., ..........ને મોકલે છે.

(અ) વેપારી, ગ્રાહકો (બ) વેપારી, બૅન્ક

(ક) બૅન્ક, વેપારી (ડ) ગ્રાહકો, વેપારી

(7) રોકડમેળ મુજબ બૅન્કસિલક એટલે .......... બાકી.

(અ) ઉધાર (બ) જમા

(ક) ઉધાર અથવા જમા (ડ) ઉધાર અને જમા

(8) રોકડમેળ મુજબ બૅન્ક ઓવરડ્રાફ્ટ એટલે .......... બાકી.

(અ) ઉધાર (બ) જમા

(ક) ઉધાર અથવા જમા (ડ) ઉધાર અને જમા

(9) પાસબુક મુજબ જમા બાકી એટલે .......... .

(અ) બૅન્ક ઓવરડ્રાફ્ટ

(બ) બૅન્કસિલક

(ક) એવી બાકી જેના પર બૅન્ક વેપારી પાસેથી વ્યાજ વસૂલ કરે છે.

(ડ) (બ) અને (ક) બંને

(10) પાસબુક મુજબ ઉધાર બાકી એટલે .......... .

(અ) બૅન્ક ઓવરડ્રાફ્ટ

(બ) બૅન્કસિલક

(ક) એવી બાકી જેના પર બૅન્ક વેપારીને વ્યાજ આપે છે.

(ડ) (અ) અને (ક) બંને

**2. નીચેના પ્રશ્નોના એક વાક્યમાં જવાબ લખો :**

(1) બૅન્ક સિલકમેળ ક્યારે અને કોના દ્વારા તૈયાર કરવામાં આવે છે ?

(2) બૅન્ક સિલકમેળ તૈયાર કરવાનો મુખ્ય ઉદ્દેશ જણાવો.

(3) બૅન્ક સિલકમેળમાં કયા વ્યવહારો નોંધવામાં આવે છે ?

(4) બૅન્ક સિલકમળમાં કયા વ્યવહારો નોંધવામાં આવતા નથી ?

(5) પાસબુકમાં ઉધાર ખાનાનો સરવાળો અને રોકડમેળમાં ઉધાર બાજુનો સરવાળો વધારે હોય તો શું ગણાય ?

(6) બૅન્ક સિલકમેળનું બીજું નામ શું છે ?

(7) પાસબુક મુજબ જમા બાકી જ્યારે રોકડમેળ મુજબ ઉધાર બાકી એટલે બૅન્કસિલકનું કારણ જણાવો.

**3. નીચેના પ્રશ્નોના બે કે ત્રણ વાક્યમાં જવાબ આપો અથવા માગ્યા મુજબ ટૂંકમાં જવાબ આપો :**

(1) બૅન્ક સિલકમેળ એટલે શું ?

(2) રોકડમેળ મુજબ બૅન્કસિલક અને પાસબુક મુજબ બૅન્કસિલક વચ્ચે તફાવતનાં કોઈ પણ ત્રણ કારણો જણાવો.

(3) બૅન્ક સિલકમેળમાં ઉધાર અને જમા ખાનામાં તફાવત નોંધવાનો નિયમ સમજાવો.

(4) તા. 31-3-2016ના રોજ રમેશનો રોકડમેળ ₹ 10,000 બૅન્કસિલક દર્શાવે છે. તા. 31-3-2016ના રોજ ગ્રાહકો પાસેથી મળેલ પરંતુ બૅન્કમાં ભરવાના બાકી ચેકો ₹ 5000ના હાથ પર છે જ્યારે ₹ 7000ના લખેલ ચેકો બૅન્કમાં તા. 31-3-2016 સુધી રજૂ થયા નથી. ₹ 8000નો ચેક બૅન્કમાં તા. 29-3-2016ના રોજ ભરેલ જે નકરાયેલ છે તેની નોંધ રોકડમેળમાં કરવાની બાકી છે. તા. 31-3-2016ના રોજ પાસબુક મુજબ બૅન્કસિલક શું હશે ?

(5) તા. 30-4-2016ના રોજ પાસબુક ઉધાર બાકી ₹ 6000 દર્શાવે છે. એપ્રિલ, 2016 દરમિયાન બૅન્કે આપેલ વ્યાજ ₹ 200 અને વસૂલ કરેલ બૅન્કચાર્જિસ ₹ 50 રોકડમેળમાં નોંધાયેલ નથી, જ્યારે ₹ 4000ના ચેકો લખેલ પરંતુ બૅન્કમાં રજૂ થયેલ નથી. તા. 29-4-2016ના રોજ તા. 2-5-2016ના રોજ પાકતી ₹ 7000ની લેણીહૂંડી બૅન્કમાં વસૂલાત માટે મોકલેલ હતી. તા. 30-4-2016ના રોજ રોકડમેળ કઈ બાકી કેટલી રકમથી દર્શાવતો હશે ?

(6) તા. 1-1-2016ના રોજ રોકડમેળ ₹ 3000ની બૅન્કસિલક દર્શાવે છે, જ્યારે તા. 31-1-2016ના રોજ રોકડમેળ ₹ 1000નો બૅન્ક ઓવરડ્રાફ્ટ દર્શાવે છે. તા. 1-1-2016ના રોજ પાસબુક ₹ 4000ની બૅન્કસિલક દર્શાવે છે. જાન્યુઆરી, 2016 માટે તૈયાર કરવામાં આવતા બૅન્ક સિલકમેળની શરૂઆત કઈ બાકીથી કરશો ? શા માટે ?

**4. તા. 31-12-2015ના રોજ શ્રી સુધીરનો રોકડમેળ ₹ 5000ની બૅન્કસિલક દર્શાવે છે. નીચેની માહિતી પરથી તેમનો બૅન્ક સિલકમેળ તૈયાર કરો :**

(1) તા. 29-12-2015ના રોજ ₹ 8000ના ચેક બૅન્કમાં ભરેલ પરંતુ તા. 31-12-2015 સુધી આ ચેક બૅન્કે પાસબુકમાં જમા કરેલ નથી.

(2) ₹ 6000નો ચેક તા. 30-12-2015ના રોજ બૅન્કમાં વસૂલાત માટે મોકલેલ જે તા. 31-12-2015 સુધી બૅન્કે વસૂલ કરેલ નથી.

(3) ₹ 3000નું વીજળીબિલ ચૂકવવા માટે તા. 28-12-2015ના રોજ ચેક આપેલ જે તા. 31-12-2015 સુધી બૅન્કે પાસબુકમાં ઉધારેલ નથી.

(4) ₹ 2000નો ચેક તા. 27-12-2015ના રોજ લખીને લેણદારને આપેલ પરંતુ તા. 31-12-2015 સુધી આ ચેક બૅન્કમાં રજૂ થયેલ નથી.

(5) બૅન્કે પાસબુકમાં વ્યાજના ₹ 80 જમા કરલે છે, જે રોકડમેળમાં ઉધારેલ નથી.

(6) બૅન્કે ₹ 100 બૅન્કચાર્જિસના પાસબુકમાં ઉધારેલ છે, જે રોકડમળમાં જમા કરેલ નથી.

**5. નરેશનો રોકડમેળ તા. 31-3-2016ના રોજ બૅન્ક ખાતાની જમા બાકી ₹ 12,000 દર્શાવે છે, જે પાસબુક સાથે મળતી નથી. પાસબુક અને રોકડમેળની સરખામણી કરતાં નીચે મુજબની માહિતી મળી તેના પરથી નરેશનો બૅન્ક સિલકમેળ તૈયાર કરો :**

(1) ₹ 10,000નો ચેક તા. 28-3-2016ના રોજ બૅન્કમાં ભરવામાં આવ્યો હતો; પરંતુ આ ચેક બૅન્કે હજુ સુધી પાસબુકમાં નોંધેલ નથી.

(2) તા. 30-3-2016ના રોજ બૅન્કે જમા કરેલ વ્યાજના ₹ 160 રોકડમેળમાં નોંધાયા નથી.

(3) એક ગ્રાહકે ₹ 10,000 બારોબાર બૅન્ક ખાતામાં ભરેલ છે, જેની માહિતી તા. 31-3-2016 સુધી મળી ન હતી.

(4) બૅન્કમાં ભરેલ; પરંતુ રોકડમેળમાં નહિ નોંધેલ ચેક ₹ 8000.

(5) લખેલ અને બૅન્કે ચૂકવેલ; પરંતુ રોકડમેળમાં નહિ નોંધેલ ચેક ₹ 6000.

(6) બૅન્કમાં વટાવેલી ₹ 3000ની લેણીહૂંડી નકરાઈ અને બૅન્કે નકરામણી ખર્ચ ₹ 40 સહિતની રકમ પાસબુકમાં નોંધેલ છે, જેની જાણ નરેશને નથી.

(7) રોકડમેળની આય બાજુનો સરવાળો ભૂલથી ₹ 2000 ઓછો કરવામાં આવ્યો હતો.

(8) લખેલ પરંતુ ચુકવણી માટે રજૂ નહિ થયેલ ચેક ₹ 1000

(9) ભરેલ પરંતુ બૅન્કમાં જમા નહિ થયેલ ચેક ₹ 1500.

(10) બૅન્કે ₹ 80 બૅન્ક કમિશનના ઉધાર્યા છે, જેની રોકડમેળમાં નોંધ નથી.

**6. ગૌરાંગની પાસબુક પ્રમાણે તા. 31-3-2016ના રોજ જમા બાકી ₹ 10,000 હતી, જે રોકડમેળ પ્રમાણેની બૅન્કસિલક સાથે મળતી ન હતી. પાસબુક અને રોકડમેળ સરખાવતાં નીચે મુજબની માહિતી પ્રાપ્ત થઈ તેના પરથી ગૌરાંગનો બૅન્ક સિલકમેળ તૈયાર કરો :**

(1) ₹ 7000નો ચેક લખેલો અને રોકડમેળમાં નોંધેલો પરંતુ લેણદારોને આપવાનો રહી ગયો હતો.

(2) ₹ 12,000નો ચેક તા. 29-3-2016ના રોજ બૅન્કમાં ભરવામાં આવ્યો હતો, જે બૅન્કે તા. 1-4-2016ના રોજ જમા આપ્યો છે.

(3) ₹ 6000 બૅન્કે વીમા-પ્રીમિયમના ચૂકવ્યા છે, જેની જાણ ગૌરાંગને તા. 1-4-2016ના રોજ થઈ.

(4) એક ગ્રાહકે ₹ 5000 બૅન્કમાં બારોબાર ભરાવી દીધા છે, જેના અંગે રોકડમેળમાં નોંધ કરવામાં આવી નથી.

(5) બૅન્કે વ્યાજના ₹ 200 પાસબુકમાં જમા કરેલા છે, જેની નોંધ રોકડમેળમાં કરેલ નથી.

(6) ₹ 6700નો ચેક બૅન્કમાં ભર્યો હતો, તે નકરાયો હતો, તેની માહિતી તા. 1-4-2016ના રોજ મળી.

(7) ₹ 18,000ના ચેકો લખેલા પરંતુ તેમાંથી ફક્ત ₹ 6000ના ચેકો તા. 31-3-2016 સુધી ચુકવણી માટે રજૂ થયા છે.

(8) ₹ 32,000ના ચેકો બૅન્કમાં ભરેલા જેમાંથી ₹ 7000ના ચેકો બૅન્કમાં તા. 31-3-2016 સુધી જમા થયા છે.

(9) ₹ 1800નો એક ચેક બૅન્કમાં ભરેલો, તેની નોંધ રોકડમેળમાં કરવાની રહી ગઈ છે.

(10) બૅન્કે પાસબુકમાં બૅન્કચાર્જિસના ₹ 20 ઉધાર્યા છે, જેની નોંધ રોકડમેળમાં થઈ નથી.

**7. આદિત્યનો રોકડમેળ તા. 31-10-2015ના રોજ ₹ 9000 બૅન્કસિલક દર્શાવતો હતો, જે પાસબુક પ્રમાણેની બૅન્કની બાકી સાથે મળતી ન હતી. નીચેની માહિતી પરથી આદિત્યનો બૅન્ક સિલકમેળ તૈયાર કરો :**

(1) ₹ 51,000ના ચેક બૅન્કમાં ભરેલા, જેમાંથી ₹ 41,000ના ચેક તા. 31-10-2015 સુધી બૅન્કમાં જમા થયેલ છે.

(2) ₹ 2300નો એક ચેક લખેલો અને રોકડમેળમાં નોંધેલ; પરંતુ લેણદારને આપવાનો રહી ગયેલ છે.

(3) બૅન્કે ઇલેક્ટ્રોનિક ક્લીયરિંગ સર્વિસથી વીમા-પ્રીમિયમના ₹ 1700 ચૂકવ્યા છે, જેની નોંધ રોકડમેળમાં કરવામાં આવી નથી.

(4) એક ગ્રાહકે આદિત્યના બૅન્ક ખાતામાં ₹ 3200 બારોબાર જમા કરાવી દીધેલ, જેની જાણકારી આદિત્યને તા. 2-11-2015ના રોજ મળી.

(5) બૅન્કે નોંધેલ બૅન્કચાર્જિસ ₹ 70 રોકડમેળમાં ભૂલથી બે વાર નોંધાઈ ગયા છે.

(6) ₹ 6750નો ચેક તા. 27-10-2015ના રોજ બૅન્કમાં ભરેલ તે નકરાયો, જેની માહિતી આદિત્યને તા. 1-11-2015ના રોજ મળી.

(7) ₹ 4780ના ચેક લખેલા, જેમાંથી ₹ 1770ના ચેક તા. 2-11-2015ના રોજ બૅન્કમાં રજૂ થયા હતા.

(8) ₹ 1320નો ચેક બૅન્કમાં ભરેલ પરંતુ તેની નોંધ રોકડમેળમાં કરવામાં આવી નથી. આ ચેક તા. 31-10-2015 સુધી બૅન્ક દ્વારા વસૂલ થયેલ નથી.

(9) બૅન્કે પાસબુકમાં ₹ 130 બૅન્ક વ્યાજના જમા કર્યા છે અને બૅન્કચાર્જિસના ₹ 60 ઉધાર્યા છે, જેની નોંધ રોકડમેળમાં થયેલ નથી.

(10) રોકડમેળની આયબાજુનો સરવાળો ભૂલથી ₹ 900 વધારે લેવાઈ ગયો છે.

(11) ₹ 1200ની લેણીહૂંડી બૅન્કમાં વટાવેલ જે તા. 28-10-2015ના રોજ નકરાયેલ અને બૅન્કે નકરામણી ખર્ચ ₹ 20 સહિત પાસબુકમાં ઉધારેલ; પરંતુ હૂંડી નકરાયાની નોંધ તા. 31-10-2015 સુધી રોકડમેળમાં થયેલ નથી.

(12) એક માસ બાદ પાકતી ₹ 700ની દેવીહૂંડી બૅન્ક મારફત ₹ 30ના રીબેટથી તા. 30-10-2015ના રોજ ચૂકવેલ જેની નોંધ રોકડમેળમાં થયેલ નથી.

**8. નીચેની માહિતી પરથી પ્રિયલનો ડિસેમ્બર 2015નો બૅન્ક સિલકમેળ તૈયાર કરો :**

(1) રોકડમેળ મુજબ બૅન્ક ઓવરડ્રાફ્ટ (તા. 31-12-2015) ₹ 710.
પાસબુક મુજબ બૅન્ક ઓવરડ્રાફ્ટ (તા. 1-12-2015) ₹ 261

(2) બૅન્કમાં ભરેલ ચેક અને તેમને પાસબુકમાં જમા કર્યાની માહિતી નીચે મુજબ છે :

| રકમ (₹) | બૅન્કમાં ચેક ભર્યા તારીખ | પાસબુકમાં જમા કર્યા તારીખ |
|---|---|---|
| 2300 | 15-12-2015 | 18-12-2015 |
| 7200 | 17-12-2015 | 17-12-2015 |
| 4600 | 27-12-2015 | 1-1-2016 |
| 1500 | 30-12-2015 | 2-1-2016 |

(3) લખેલ અને બૅન્કમાં રજૂ થયેલ ચેકની માહિતી નીચે મુજબ છે :

| રકમ (₹) | ચેક લખ્યા તારીખ | બૅન્કમાં રજૂ થયા તારીખ |
|---|---|---|
| 8200 | 26-12-2015 | 28-12-2015 |
| 9300 | 28-12-2015 | 1-1-2016 |
| 7100 | 29-12-2015 | 31-12-2015 |
| 1300 | 31-12-2015 | 2-1-2016 |

(4) બૅન્કે પાસબુકમાં જમા કરેલ વ્યાજ ₹ 400 રોકડમેળમાં ભૂલથી વ્યય બાજુ નોંધેલ છે.

(5) પ્રિયલ વતી બૅન્કે ડિવિડન્ડના ₹ 360 વસૂલ કર્યા છે, જેની નોંધ રોકડમેળમાં કરવાની બાકી છે.

(6) ઓવરડ્રાફ્ટના વ્યાજના ₹ 120 બૅન્કે પાસબુકમાં નોંધેલ પરંતુ આ વ્યવહારની નોંધ રોકડમેળમાં થયેલ નથી.

(7) ચેક દ્વારા કરેલ વેચાણના ₹ 2300 બૅન્કે પ્રિયલના અંગત ખાતામાં નોંધેલ છે.

(8) પ્રિયલની વિનંતીથી બૅન્કે ઉધારેલ બૅન્કચાર્જિસ ₹ 380 જતા કરેલ છે, જેની નોંધ રોકડમેળમાં થયેલ નથી.

(9) લખેલ ચેકમાં સહી કરવાનું ભૂલાઈ ગયેલ હોવાથી બૅન્કે ₹ 2000નો ચેક પરત આપેલ છે.

(10) બૅન્કોમાં વસૂલાત માટે મોકલેલ હૂંડીના ₹ 3000 બૅન્કે ₹ 100 ચાર્જિસ લઈ વસૂલ કરેલ છે, જેની નોંધ રોકડમેળમાં કરવાની બાકી છે.

**9. નીચેની માહિતી પરથી ધરમસિંહનો તા. 29-2-2016ના રોજનો બૅન્ક સિલકમેળ તૈયાર કરો :**

(1) બૅન્કમાં ભરેલ પરંતુ વસૂલ નહિ થયેલ ચેક ₹ 5200.

(2) લખેલ પરંતુ બૅન્કમાં રજૂ નહિ થયેલ ચેક ₹ 37,000.

(3) મળેલ ચેક રોકડમેળમાં નોંધેલ છે; પરંતુ બૅન્કમાં ભરવા માટે મોકલેલ નથી ₹ 9900.

(4) બૅન્કમાં ભરેલ ચેક નકરાયેલ, જેની નોંધ રોકડમેળમાં થયેલ નથી ₹ 1650.

(5) બૅન્કે વસૂલ કરેલ રોકાણો પરનું વ્યાજ ₹ 1900.

(6) ધરમસિંહની સૂચના મુજબ બૅન્કે ચૂકવેલ ડીમેટ ચાર્જિસ ₹ 1320 રોકડમેળમાં નોંધાયેલ નથી.

(7) રોકડ ખરીદીની નોંધ રોકડમેળની જાવક બાજુ બૅન્ક ખાનામાં નોંધેલ ₹ 8300.

(8) લખેલ પરંતુ લેણદારોને આપવાનો રહી ગયેલ ચેક ₹ 4160.

(9) ધરમસિંહે તેના અંગત બૅન્ક ખાતામાંથી લખેલ ચેક બૅન્કે ધંધાના બૅન્ક ખાતામાં ઉધારેલ ₹ 3340.

(10) રોકડમેળની વ્યય બાજુ બૅન્ક ખાનાનો વધારે લેવાયેલ સરવાળો ₹ 1180.

(11) ₹ 6400નો લખેલ ચેક ટેક્નિકલ કારણોસર નકરાયેલ, ચેક નકરાયાની નોંધ રોકડમેળમાં થયેલ નથી.

(12) બૅન્કે જમા કરેલ વ્યાજ ₹ 1240 અને ઉધારેલ કમિશન ₹ 1160, રોકડમેળમાં નોંધેલ નથી.

તા. 29-2-2016ના રોજ ધરમસિંહની પાસબુક ₹ 4000 ઓવરડ્રાફ્ટ દર્શાવતી હતી.

**10. નીચે આપેલી માહિતી પરથી મેકવાનનો મે, 2016નો બૅન્ક સિલકમેળ તૈયાર કરો :**

**રોકડમેળ (બૅન્ક ખાતું)**

**ઉધાર** **જમા**

| તારીખ | વિગત (આય/આવક) | પહોંચ નંબર | ખા. પા. | રકમ (₹) | તારીખ | વિગત (જાવક/વ્યય) | વાઉચર નંબર | ખા. પા. | રકમ (₹) |
|---|---|---|---|---|---|---|---|---|---|
| 2016 | | | | | 2016 | | | | |
| મે 1 | બાકી આગળ લાવ્યા | | | 6000 | મે 3 | ભાડા ખાતે | | | 3000 |
| 9 | તપન ખાતે | | | 18,000 | | (રમાને ચેક આપ્યો) | | | |
| 16 | વિશ્વા ખાતે | | | 4500 | 6 | ઘનશ્યામ ખાતે | | | 1500 |
| 27 | શાન ખાતે | | | 300 | 13 | પ્રકાશ ખાતે | | | 2400 |
| | | | | | 21 | કમિશન ખાતે | | | 300 |
| | | | | | | (ચિંતનને ચેક આપ્યો) | | | |
| | | | | | 25 | રજની ખાતે | | | 6000 |
| | | | | | 30 | હરેશ ખાતે | | | 3000 |
| | | | | | 31 | બાકી આગળ લઈ ગયા | | | 12,600 |
| | | | | **28,800** | | | | | **28,800** |
| 2016 | | | | | | | | | |
| જૂન 1 | બાકી આગળ લાવ્યા | | | 12,600 | | | | | |

બૅન્ક પાસબુક

| તારીખ | વિગત | ઉધાર (₹) | જમા (₹) | બાકી (₹) |
|---|---|---|---|---|
| 2016 | | | | |
| મે 1 | બાકી આગળ લાવ્યા | – | 6000 | 6000 |
| 4 | રમા ખાતે | 3000 | – | 3000 |
| 10 | તપન ખાતે | – | 18,000 | 21,000 |
| 15 | પ્રકાશ ખાતે | 2400 | – | 18,600 |
| 21 | બૅન્કચાર્જિસ | 30 | – | 18,570 |
| 22 | કુંજલ ખાતે | – | 9000 | 27,570 |
| 30 | હરેશ ખાતે | 3000 | – | 24,570 |
| 30 | જય ખાતે | 15,000 | – | 9570 |
| 31 | બાકી આગળ લઈ ગયા | 9570 | – | – |
| | | **33,000** | **33,000** | – |
| જૂન 1 | બાકી આગળ લઈ ગયા | – | 9570 | 9570 |

**11. નીચેની માહિતી પરથી સંજયનો બૅન્ક સિલકમેળ તૈયાર કરો :**

બૅન્ક પાસબુક

| તારીખ | વિગત | ઉધાર (₹) | જમા (₹) | બાકી (₹) |
|---|---|---|---|---|
| 2016 | | | | |
| માર્ચ 1 | બાકી આગળ લાવ્યા | – | 3000 | 3000 |
| 2 | પુનમ ખાતે | 750 | – | 2250 |
| 5 | અમીના ખાતે | – | 4500 | 6750 |
| 8 | ધર્મેશ ખાતે | 1500 | – | 5250 |
| 9 | અશ્વિન ખાતે | 870 | – | 4380 |
| 12 | દેસાઈ ખાતે | – | 3000 | 7380 |
| 14 | ભરત ખાતે | 15,000 | – | (7620) |
| 17 | બકુલ ખાતે | 2100 | – | (9720) |
| 23 | દલાલ ખાતે | 9000 | – | (18,720) |
| 26 | બૅન્ક વ્યાજ ખાતે | 60 | – | (18,780) |
| 28 | ડિવિડન્ડ ખાતે | – | 75 | (18,705) |
| 31 | બાકી આગળ લઈ ગયા | – | 18,705 | (18,705) |
| | | **29,280** | **29,280** | – |

**રોકડમેળ (બૅન્ક ખાનું)**

ઉધાર જમા

| તારીખ | વિગત (આય/આવક) | પહોંચ નંબર | ખા. પા. | રકમ (₹) | તારીખ | વિગત (જાવક/વ્યય) | વાઉચર નંબર | ખા. પા. | રકમ (₹) |
|---|---|---|---|---|---|---|---|---|---|
| 2016 | | | | | 2016 | | | | |
| માર્ચ 1 | બાકી આગળ લાવ્યા | | | 2970 | માર્ચ 1 | બૅન્ક ચાર્જિસ ખાતે | | | 60 |
| 1 | કમિશન ખાતે | | | 90 | 2 | પુનમ ખાતે | | | 750 |
| | (અલ્પા પાસેથી મળેલ ચેક) | | | | 6 | પગાર ખાતે | | | 1500 |
| 4 | અમીના ખાતે | | | 4500 | | (અતુલને આપેલ ચેક) | | | |
| 6 | અરવિંદ ખાતે | | | 7500 | 8 | ધર્મેશ ખાતે | | | 1500 |
| 12 | દેસાઈ ખાતે | | | 3000 | 8 | અશ્વિન ખાતે | | | 870 |
| 28 | આશિષ ખાતે | | | 6075 | 12 | પ્રદીપ ખાતે | | | 690 |
| 31 | બાકી આગળ લઈ ગયા | | | 7335 | 13 | ભરત ખાતે | | | 15,000 |
| | | | | | 16 | બકુલ ખાતે | | | 2100 |
| | | | | | 23 | દલાલ ખાતે | | | 9000 |
| | | | | **31,470** | | | | | **31,470** |
| | | | | | 2016 | | | | |
| | | | | | એપ્રિલ 1 | બાકી આગળ લાવ્યા | | | 7335 |

**12. બલરામનો રોકડમેળ તા. 30-4-2016ના રોજ ₹ 40,000 ઉધાર બાકી દર્શાવે છે. જે પાસબુક પ્રમાણેની બાકી કરતાં જુદી આવે છે. નીચેની માહિતી પરથી સુધારેલ રોકડમેળ તૈયાર કરો અને તા. 30-4-2016ના રોજનો બૅન્ક સિલકમેળ તૈયાર કરો :**

2016

એપ્રિલ 1 ભરેલ પરંતુ બૅન્કે જમા નહિ કરેલ ચેક ₹ 28,000

4 લખેલ પરંતુ રજૂ નહિ થયેલ ચેક ₹ 32,000

6 બન્ટીએ બૅન્ક ખાતામાં બારોબાર જમા કરાવેલ ચેક ₹ 12,000

6 કંપનીએ નેશનલ ઈલેક્ટ્રોનિક ફંડ ટ્રાન્સફરથી બલરામના બૅન્ક ખાતામાં ડિવિડન્ડના જમા કરાવેલ, જે રોકડમેળમાં નોંધેલ નથી, ₹ 8000

10 બૅન્કે પાસબુકમાં બૅન્ક વ્યાજના ₹ 800 જમા કર્યા છે, જેની નોંધ રોકડમેળમાં નથી.

13 બૅન્કમાં વટાવેલી પ્રભાશંકરની હૂંડી નકરાઈ તેના બૅન્કે નકરામણી ખર્ચ સાથે ₹ 15,300 પાસબુકમાં ઉધાર્યા છે, જેની માહિતી બલરામને નથી.

20 તા. 18-4-2016ના રોજ ₹ 12,000નો ચેક સીમાને લખી આપ્યો હતો, તે ચેક બૅન્કે તા. 2-5-2016ના રોજ ચુકવેલ છે.

22 ₹ 6000નો ચેક ભાર્ગવે આપેલ જે બૅન્કમાં ભરેલો પરંતુ રોકડમેળમાં નોંધવાનો રહી ગયેલ છે.

25 રોકડમેળની બાકી બીજા પાને લઈ જતાં વ્યય બાજુનો સરવાળો ₹ 4000 વધારે ગણવામાં આવ્યો હતો.

29 બી.એસ.એન.એલ.ને ટેલિફોન બિલનાં ₹ 12,000નો ચેક લખી આપ્યો હતો, જે બૅન્કે તા. 30-4-2016ના રોજ ચૂકવી આપ્યો હતો; પરંતુ રોકડમેળમાં તે ₹ 1200થી નોંધાયો હતો.

**13. અંબિકા ઈલેક્ટ્રિકલ્સ, બૅન્ક ઑફ બરોડામાં બે બૅન્ક ખાતા ધરાવે છે. ખાતા નંબર 100 અને ખાતા નંબર 101. તા. 31-3-2016ના રોજ રોકડમેળ મુજબ ખાતા નંબર 100માં ₹ 9000ની સિલક છે. જ્યારે ખાતા નંબર 101માં ₹ 6000નો ઓવરડ્રાફ્ટ છે. નીચેની માહિતી પરથી અંબિકા ઈલેક્ટ્રિકલ્સનો ખાતા નંબર 100નો માર્ચ માસનો બૅન્ક સિલકમેળ તૈયાર કરો :**

(1) ₹ 10,000ના ચેક ખાતા નંબર 100 અને ₹ 8000ના ચેક ખાતા નંબર 101માં ભર્યા હતા. બૅન્કે પાસબુકમાં ભૂલથી ખાતા નંબર 100ની રકમ ખાતા નંબર 101માં અને ખાતા નંબર 101ની રકમ ખાતા નંબર 100માં જમા કરી દીધી છે.

(2) ₹ 3000નો ચેક ખાતા નંબર 101માંથી લખી આપ્યો હતો, જે હજુ સુધી બૅન્કમાં ચુકવણી માટે રજૂ થયો નથી.

(3) કુલ ₹ 9000ના ચેક ખાતા નંબર 100માં ભર્યા હતા, જેમાંથી ₹ 2500નો એક ચેક બૅન્કે ભૂલથી ખાતા નંબર 101માં જમા આપી દીધો છે.

(4) ₹ 2600નો એક ચેક ખાતા નંબર 101માંથી લખી આપ્યો હતો, જેની ચુકવણી કરીને તે રકમ ખાતા નંબર 100માં ઉધારવામાં આવી છે.

(5) એક ગ્રાહકે ₹ 2000 અને ₹ 800 બારોબાર અનુક્રમે ખાતા નંબર 101 અને ખાતા નબંર 100માં ભરાવી દીધા છે, જેની નોંધ રોકડમેળમાં કરવામાં આવી નથી.

(6) બૅન્કે ₹ 300 બૅન્કચાર્જિસ તરીકે ખાતા નંબર 100માં ઉધાર્યા છે અને ₹ 170 બૅન્ક વ્યાજ તરીકે ખાતા નંબર 101માં જમા કર્યા છે, જે રોકડમેળમાં નોંધાયેલ નથી.

(7) ₹ 7000ના ચેક ખાતા નંબર 100માંથી લખી આપ્યા હતા, જેમાંથી ₹ 1200ના ચેક હજી સુધી ચુકવણી માટે રજૂ થયા નથી.

**14. પરેશનાં રોકડમેળ તા. 31-3-2015ના રોજ ₹ 10,000 બૅન્કસિલક દર્શાવે છે. આ સિલક પાસબુક પ્રમાણેની બૅન્કસિલક સાથે મળતી નથી. નીચેની માહિતી પરથી માર્ચ, 2015નો બૅન્ક સિલકમેળ તૈયાર કરો :**

(1) ₹ 30,000ના ચેક માર્ચ માસ દરમિયાન બૅન્કમાં ભરેલ જેમાંથી ₹ 16,000ના ચેક 2-એપ્રિલના રોજ બૅન્કમાં જમા થયેલ.

(2) ₹ 16,000ના ચેક માર્ચ માસ દરમિયાન લખેલ જેમાથી ₹ 10,000ના ચેક 31મી માર્ચ સુધી બૅન્કમાં રજૂ થયેલ.

(3) માર્ચ માસ દરમિયાન અંગત આવકવેરાના ₹ 5000 ધંધાના બૅન્ક ખાતામાંથી ચૂકવેલ જેની નોંધ રોકડમેળમાં કરેલ નથી.

(4) 31મી માર્ચના રોજ બૅન્કે વ્યાજના ₹ 120 જમા કરેલ અને બૅન્કચાર્જિસના ₹ 50 ઉધારેલ જેની નોંધ રોકડમેળમાં થયેલ નથી.

(5) 30 માર્ચના રોજ ₹ 1650નો ચેક મળેલ જે બૅન્કમાં ભરેલ નથી.

(6) એક દેવાદારે બારોબાર બૅન્કમાં ₹ 680 જમા કરાવેલ જે રોકડમેળમાં નોંધેલ નથી.

(7) રોકડ વેચાણ ₹ 2000ની નોંધ રોકડમેળમાં બૅન્ક ખાનામાં કરેલ છે.

(8) ફેબ્રુઆરી, 2015 દરમિયાન ₹ 3600ની વટાવેલ હૂંડી માર્ચ માસ દરમિયાન પાક્યા તારીખે નકરાતાં બૅન્કે નકરામણી ખર્ચ ₹ 100 સહિત પાસબુકમાં નોંધેલ છે, જેની નોંધ રોકડમેળમાં થયેલ નથી.

(9) ₹ 600 શૅર પર મળેલ ડિવિડન્ડ પાસબુકમાં નોંધાયેલ છે જે રોકડમેળમાં નોંધેલ નથી.

(10) બૅન્કે પરેશની સૂચના મુજબ વીમા-પ્રીમિયમ ₹ 4500 ચૂકવેલ છે, જે રોકડમેળમાં નોંધવાના બાકી છે.

**15. નીચેની માહિતી પરથી માર્ગીનો બૅન્ક સિલકમેળ તૈયાર કરો :**

**બૅન્ક પાસબુક**

| તારીખ | વિગત | ઉધાર (₹) | જમા (₹) | બાકી (₹) |
|---|---|---|---|---|
| 2015 | | | | |
| ડિસે. 1 | બાકી આગળ લાવ્યા | – | 4000 | 4000 |
| 6 | અમદાવાદ ઈલેક્ટ્રિસિટી કંપની ખાતે | 3200 | – | 800 |
| 10 | મયંક ખાતે | – | 2000 | 2800 |
| 15 | દિવ્યાંગ ખાતે | 1600 | – | 1200 |
| 19 | ડિવિડન્ડ ખાતે | – | 300 | 1500 |
| 22 | અમીના ખાતે | 900 | – | 600 |
| 27 | બૅન્ક કમિશન ખાતે | 20 | – | 580 |
| 30 | આહના ખાતે | 500 | – | 80 |
| 31 | બાકી આગળ લઈ ગયા | 80 | – | 80 |
| | | **6300** | **6300** | – |

**રોકડમેળ (બૅન્ક ખાનું)**

ઉધાર જમા

| તારીખ | વિગત (આય/આવક) | પહોંચ નંબર | ખા. પા. | રકમ (₹) | તારીખ | વિગત (જાવક/વ્યય) | વાઉચર નંબર | ખા. પા. | રકમ (₹) |
|---|---|---|---|---|---|---|---|---|---|
| 2015 | | | | | 2015 | | | | |
| ડિસે. 1 | બાકી આગળ લાવ્યા | | | 4000 | ડિસે. 4 | અમદાવાદ ઈલેક્ટ્રિસિટી કંપની ખાતે | | | 3200 |
| 10 | મયંક ખાતે | | | 2000 | | | | | |
| 12 | ગૌરાંગ ખાતે | | | 1900 | 8 | પ્રેમલ ખાતે | | | 700 |
| 15 | ભૂપેન્દ્ર ખાતે | | | 2400 | 11 | સેલ્સ ઈન્ડિયા ખાતે | | | 2000 |
| 22 | ચાંદની ખાતે | | | 3200 | 16 | કમલ ખાતે | | | 400 |
| 28 | કમિશન ખાતે (મીરા પાસેથી મળેલ ચેક) | | | 600 | 20 | અમીના ખાતે | | | 900 |
| | | | | | 26 | વ્યાજ ખાતે (બૅન્ક ઑફ ઈન્ડિયાને આપેલ ચેક) | | | 5000 |
| | | | | | 31 | બાકી આગળ લઈ ગયા | | | 1900 |
| | | | | **14,100** | | | | | **14,100** |

◆

# જવાબો (Answers)

**સ્વાધ્યાય 1**

**1. દરેક પ્રશ્ન માટે યોગ્ય વિકલ્પ પસંદ કરો :**

(1) (અ) (2) (ડ) (3) (અ)

**સ્વાધ્યાય 2**

**1. દરેક પ્રશ્ન માટે યોગ્ય વિકલ્પ પસંદ કરો :**

(1) (અ) (2) (ક) (3) (ડ) (4) (બ)

**સ્વાધ્યાય 3**

**1. દરેક પ્રશ્ન માટે યોગ્ય વિકલ્પ પસંદ કરો :**

(1) (અ) (2) (ક) (3) (ડ) (4) (બ) (5) (અ) (5) (બ)

**સ્વાધ્યાય 4**

**1. દરેક પ્રશ્ન માટે યોગ્ય વિકલ્પ પસંદ કરો :**

(1) (અ) (2) (ક) (3) (બ) (4) (બ) (5) (અ)

**3. નીચેનાં વિધાનો ખરાં કે ખોટાં તે જણાવો :**

(1) ખોટું છે. (2) ખરું છે. (3) ખોટું છે.

**5. વ્યવહારો પરથી આમનોંધ :**

(1) રોકડ ખાતે ઉ ₹ 10,000, તે મૂડી ખાતે ₹ 10,000

(2) ખરીદખાતે ઉ ₹ 5000, તે રોકડખાતે ₹ 5000

(3) ખરીદખાતે ઉ ₹ 8000, તે રાજન ખાતે ₹ 8000

(4) ધર્માદા ખર્ચ ખાતે ઉ ₹ 2000, તે ખરીદ ખાતે ₹ 2000

(5) બિનઆર્થિક વ્યવહાર નોંધ થશે નહિ.

(6) ખરીદ ખાતે ઉ ₹ 3000, તે શિવાની ખાતે ₹ 3000

(7) ઉપાડ ખાતે ઉ ₹ 2500, તે રોકડ ખાતે ₹ 2500

**6. મૂડી અને ઉપાડના વ્યવહારો :**

2014

જાન્યુ. 1 માલ સ્ટૉક ખાતે ઉ ₹ 10,000, રોકડ ખાતે ઉ ₹ 15,000, ફર્નિચર ખાતે ઉ ₹ 5000, દેવાદારો ખાતે ઉ 10,000, તે મૂડી ખાતે 40,000

12 રોકડ ખાતે ઉ ₹ 50,000, તે મૂડી ખાતે ₹ 50,000

13 ઉપાડ ખાતે ઉ ₹ 1000, તે બૅન્ક ખાતે ₹ 1000

15 બૅન્ક ખાતે ઉ ₹ 500, તે મૂડી ખાતે ₹ 500

20 ઉપાડ ખાતે ઉ ₹ 1400, તે રોકડ ખાતે ₹ 400, તે ખરીદ ખાતે ₹ 1000

21 ઉપાડ ખાતે ઉ ₹ 1500, તે રોકડ ખાતે ₹ 1500

28 ઉપાડ ખાતે ઉ ₹ 2000, તે ગંગા ફર્નિચર માર્ટ ખાતે ₹ 2000

31 ઉપાડ ખાતે ઉ ₹ 500, તે બૅન્ક ખાતે ₹ 500

**7. લોન અને વ્યાજના વ્યવહારો :**

2014

ફેબ્રુ 1 રોકડ ખાતે ઉ. ₹ 20,000, તે 12 ટકાની રામની લોન ખાતે ₹ 20,000

3 ધીરેલી લોન ખાતે ઉ. ₹ 5000, તે રોકડ ખાતે ₹ 5000

8 રોકડ ખાતે ઉ ₹ 1000, તે ભરતની લોન ખાતે 800, તે લોનના વ્યાજ ખાતે ₹ 200

10 સીતાની લોન ખાતે ઉ. ₹ 5000, લોનના વ્યાજ ખાતે ઉ. ₹ 400, તે રોકડ ખાતે ₹ 5400

12 રોકડ ખાતે ઉ. ₹ 200, તે લોનના વ્યાજ ખાતે ₹ 200

15 લોનના વ્યાજ ખાતે ઉ. ₹ 200, તે રોકડ ખાતે ₹ 200

18 લક્ષ્મણ ખાતે ઉ ₹ 75, તે લોનના વ્યાજ ખાતે ₹ 75

**8. બૅન્કના વ્યવહારો :**

2014

માર્ચ 1 બૅન્ક ખાતે ઉ. ₹ 20,000, તે રોકડ ખાતે ₹ 20,000

5 બૅન્ક ખાતે ઉ. ₹ 5000, તે શ્રી હરિ ખાતે ₹ 5000

6 બૅન્ક ખાતે ઉ. ₹ 2000, તે રમણલાલ ખાતે ₹ 2000

10 બૅન્ક ખાતે ઉ. ₹ 7000, રૂપાલી ખાતે ઉ. ₹ 7000, તે વેચાણ ખાતે ₹ 14,000

12 ખરીદ ખાતે ઉ. ₹ 10,000, તે બૅન્ક ખાતે ₹ 5000, તે દીપકલા ખાતે ₹ 5000

15 ઉપાડ ખાતે ઉ. ₹ 400, રોકડ ખાતે ઉ ₹ 800, તે બૅન્ક ખાતે ₹ 1200

18 ઉપાડ ખાતે ઉ. ₹ 300, વીમા-પ્રીમિયમ ખાતે ઉ. ₹ 450, તે બૅન્ક ખાતે ₹ 750

20 બિનઆર્થિક વ્યવહાર છે. નોંધ થશે નહિ.

25 (1) બૅન્ક ખાતે ઉ. ₹ 250, તે બૅન્ક વ્યાજ ખાતે ₹ 250

(2) બૅન્ક ચાર્જિસ ખાતે ઉ. ₹ 100, તે બૅન્ક ખાતે ₹ 100

31 ઉપાડ ખાતે ઉ ₹ 5000, તે બૅન્ક ખાતે ₹ 5000

**9. માલના વ્યવહારો :**

2014

એપ્રિલ 1 (1) ખરીદ ખાતે ઉ. ₹ 15,000, તે રોકડ ખાતે ₹ 15,000

(2) રોકડ ખાતે ઉ. ₹ 14,000, તે વેચાણ ખાતે ₹ 14,000

5 માલસ્ટૉક ખાતે ઉ ₹ 10,000, તે મૂડી ખાતે ₹ 10,000

7 ખરીદખાતે ઉ ₹ 12,000, તે હર્ષ ખાતે ₹ 12,000

10 હર્ષ ખાતે ઉ. ₹ 6000, તે ખરીદપરત ખાતે ₹ 6000

12 ખરીદખાતે ઉ. ₹ 10,000, તે બૅન્ક ખાતે ₹ 5000, તે રમીલા ખાતે ₹ 5000

15 મિતા ખાતે ઉ ₹ 11700, તે વેચાણ ખાતે ₹ 11,700

18 વેચાણ માલપરત ખાતે ઉ ₹ 1000, તે મિતા ખાતે ₹ 1000

20 કલ્પના ખાતે ઉ ₹ 18,000, તે વેચાણ ખાતે ₹ 18,000

22 વીમા કંપની ખાતે ઉ. ₹ 1000, આગથી થયેલ નુકસાન ખાતે ઉ. ₹ 1000, તે ખરીદ ખાતે ₹ 2000

25 રોકડ ખાતે ઉ. ₹ 200, વરસાદથી થયેલ નુકસાન ખાતે ઉ. ₹ 300, તે ખરીદ ખાતે ₹ 500

27 બિનઆર્થિક વ્યવહાર છે. નોંધ થશે નહિ.

29 રોકડ ખાતે ઉ. ₹ 400 તે વેચાણ ખાતે ₹ 400

30 મોબાઇલ (મિલકત) ખાતે ઉ. ₹ 1000, તે ખરીદ ખાતે ₹ 1000

**10. મિલકતને લગતા વ્યવહારો :**

1 યંત્ર ખાતે ઉ. ₹ 20,500, તે બૅન્ક ખાતે ₹ 20,000, તે રોકડ ખાતે ₹ 500

2 ફર્નિચર ખાતે ઉ. ₹ 3050, તે કાવેરી ફર્નિચર માર્ટ ખાતે ₹ 3000, તે રોકડ ખાતે ₹ 50

3 શૅર રોકાણ ખાતે ઉ. ₹ 5010, તે બૅન્ક ખાતે ₹ 5010

4 ફર્નિચર ખાતે ઉ. ₹ 4000, તે ખરીદ ખાતે ₹ 4000

5 રોકડ ખાતે ઉ. ₹ 5000, યંત્ર વેચાણના નુકસાન ખાતે ઉ. ₹ 1000, તે યંત્ર ખાતે ₹ 6000

6 જમીન ખાતે ઉ. ₹ 52,000, તે રોકડ ખાતે ₹ 52,000

**11. ઊપજ-ખર્ચના વ્યવહારો :**

2014

મે 1 પરચૂરણ ખર્ચ ખાતે ઉ ₹ 500, તે રોકડ ખાતે ₹ 500

2 સ્ટેશનરી ખર્ચ ખાતે ઉ. ₹ 400, તે રોકડ ખાતે ₹ 400

3 મજૂરી ખર્ચ ખાતે ઉ. ₹ 200, લારી ભાડા ખાતે ઉધાર ₹ 100, તે રોકડ ખાતે ₹ 300

5 દુકાનભાડા ખાતે ઉ. ₹ 500, ઉપાડ ખાતે ઉ. ₹ 300, તે રોકડ ખાતે ₹ 800

10 રોકડ ખાતે ઉ. ₹ 400, તે કમિશન ખાતે ₹ 400

12 બૅન્ક ખાતે ઉ. ₹ 800, તે દલાલી ખાતે ₹ 800

15 જાહેરાત ખર્ચ ખાતે ઉ. ₹ 300, તે રોકડ ખાતે ₹ 300

20 બૅન્ક ખાતે ઉ. ₹ 500, તે ડિવિડન્ડ ખાતે ₹ 500

24 બૅન્ક ખાતે ઉ. ₹ 1000, તે ડિબેન્ચરના વ્યાજ ખાતે ₹ 1000

25 ફર્નિચર ખાતે ઉ ₹ 3000, તે રોકડ ખાતે ₹ 3000

**12. વેપારીવટાવ, રોકડવટાવ અને ઘાલખાધના વ્યવહારો :**

2014

જૂન 1 રોકડ ખાતે ઉધાર ₹ 50,000, માલસ્ટૉક ખાતે ઉધાર ₹ 10,000, દેવાદારો ખાતે ઉધાર ₹ 15,000, તે મૂડી ખાતે ₹ 75,000

2 રોકડ ખાતે ઉધાર ₹ 20,000 તે 10 ટકાની શ્રીમતી શારદાની લોન ખાતે ₹ 20,000

3 ખરીદ ખાતે ઉધાર ₹ 7200, તે રામેશ્વર સ્ટોર્સ ખાતે ₹ 7200

5 ગાયત્રી સ્ટોર્સ ખાતે ઉધાર ₹ 4500, તે વેચાણ ખાતે ₹ 4500

7 ખરીદ ખાતે ઉધાર ₹ 13,500, તે રાધા-કિશન સ્ટોર્સ ખાતે ₹ 6750, તે બૅન્ક ખાતે ₹ 6075, તે વટાવ ખાતે ₹ 675

10 બિનઆર્થિક વ્યવહાર છે.

12 વિભૂતિ ખાતે ઉધાર ₹ 4500, તે વેચાણ ખાતે ₹ 4500

12 લારીભાડા ખાતે ઉધાર ₹ 50, તે રોકડ ખાતે ₹ 50

15 બૅન્ક ખાતે ઉધાર ₹ 4200, ઘાલખાધ ખાતે ઉધાર ₹ 300, તે વિભૂતિ ખાતે ₹ 4500

16 અનુપમ ખાતે ₹ 1050, તે બૅન્ક ખાતે ₹ 1000, તે કસર ખાતે ₹ 50

20 રોકડ ખાતે ઉધાર ₹ 1500, તે ઘાલખાધ પરત ખાતે ₹ 1500

**13. બધા જ પ્રકારના વ્યવહારો :**

2014

જુલાઈ 1 રોકડ ખાતે ઉધાર ₹ 50,000, દેવાદારો ખાતે ઉધાર ₹ 20,000, માલસ્ટૉક ખાતે ઉધાર ₹ 10,000, તે લેણદારો ખાતે ₹ 5000, તે મૂડી ખાતે ₹ 75,000

2 વિજ્યા બૅન્ક ખાતે ઉધાર ₹ 20,000, તે રોકડ ખાતે ₹ 20,000

3 ખરીદ ખાતે ઉધાર ₹ 18,000, તે સુમૂલ ખાતે ₹ 9000, તે બૅન્ક ખાતે ₹ 8100, તે વટાવ ખાતે ₹ 900

4 ફર્નિચર ખાતે ઉધાર ₹ 15,100, તે પુનિત ફર્નિચર માર્ટ ખાતે ₹ 15,000, તે રોકડ ખાતે ₹ 100

5 સુમૂલ ખાતે ઉધાર ₹ 3000, તે ખરીદપરત ખાતે ₹ 3000

6 રાજશ્રી ખાતે ઉધાર ₹ 5400, બૅન્ક ખાતે ઉધાર ₹ 4860, વટાવ ખાતે ઉધાર ₹ 540, તે વેચાણ ખાતે ₹ 10,800

8 રોકડ ખાતે ઉધાર ₹ 12,150, વટાવ ખાતે ઉધાર ₹ 1350, તે વેચાણ ખાતે ₹ 13,500

10 ઉપાડ ખાતે ઉધાર ₹ 500, તે ખરીદ ખાતે ₹ 300, તે રોકડ ખાતે ₹ 200

11 પૅકિંગ ખર્ચ ખાતે ઉધાર ₹ 200, તે રોકડ ખાતે ₹ 200

12 પગાર-મજૂરી ખાતે ઉધાર ₹ 2000, તે બૅન્ક ખાતે ₹ 2000

13 રોકડ ખાતે ઉધાર ₹ 5100, ઘાલખાધ ખાતે ઉધાર ₹ 300, તે રાજશ્રી ખાતે ₹ 5400

14 બૅન્ક ખાતે ઉધાર ₹ 25,000, તે 12 ટકા ઍક્સિસ બૅન્કની લોન ખાતે ₹ 25,000

15 વીમાકંપની ખાતે ઉધાર ₹ 1500, આગથી થયેલ નુકસાન ખાતે ઉધાર ₹ 300, રોકડ ખાતે ઉધાર ₹ 200, તે ખરીદ ખાતે ₹ 2000

16 ઉપાડ ખાતે ઉધાર ₹ 450, આગના વીમા પ્રીમિયમ ખાતે ઉધાર ₹ 550, તે બૅન્ક ખાતે ₹ 1000

18 રોકડ ખાતે ઉધાર ₹ 250, તે વેચાણ ખાતે ₹ 250

20 રોકડ ખાતે ઉધાર ₹ 100, તે ઘાલખાધપરત ખાતે ₹ 100

25 લોનનાં વ્યાજ ખાતે ઉધાર ₹ 250, તે એક્સિસ બૅન્ક લોન ખાતે ₹ 250

28 ઉપાડ ખાતે ઉધાર ₹ 2000, દુકાન ખર્ચ ખાતે ઉધાર ₹ 1000, તે રોકડ ખાતે ₹ 3000

29 ઈન્ટરનેટ ડિપૉઝિટ ખાતે ₹ 2000, તે બૅન્ક ખાતે ₹ 2000

**14.** 2014

ઑગસ્ટ 1 ઉપાડ ખાતે ઉધાર ₹ 700, તે રોકડ ખાતે ₹ 700

5 રોકડ ખાતે ઉધાર ₹ 300, તે દલાલી ખાતે ₹ 200, તે કમિશન ખાતે ₹ 100

7 ખરીદ ખાતે ઉધાર ₹ 5000, તે રોકડ ખાતે ₹ 4500, તે વટાવ ખાતે ₹ 500

10 બિનઆર્થિક વ્યવહાર છે, નોંધ થશે નહિ.

11 રોકડ ખાતે ઉધાર ₹ 900, વટાવ ખાતે ઉધાર ₹ 100, તે ખરીદમાલપરત ખાતે ₹ 1000

12 રોકડ ખાતે ઉધાર ₹ 500, તે ઘાલખાધપરત ખાતે ₹ 500

13 મરામત ખર્ચ ખાતે ઉધાર ₹ 500, ઉપાડ ખાતે ઉધાર ₹ 1000, તે રોકડ ખાતે ₹ 1500

15 યંત્ર ખાતે ઉધાર ₹ 800, તે રોકડ ખાતે ₹ 800

**15. આમનોંધ પરથી વ્યવહારોની 'બાબત જે' નીચે પ્રમાણે છે :**

(1) ₹ 2400નો માલ અકસ્માતથી નાશ પામ્યો. જે પેટે વીમા કંપનીએ ₹ 2000નો દાવો મંજૂર કર્યો, બાકીની રકમ નુકસાન ખાતે ઉધાર કરી તેના.

(2) બૅન્કે ₹ 500 વ્યાજ જમા કર્યું તેના.

(3) ₹ 1600માં રોકડેથી સાઇકલ વેચી તેના.

(4) બૅન્કે ડિવિડન્ડનાં ₹ 700 જમા કર્યા તેના.

(5) ₹ 8000નો માલ 10 ટકા રોકડ વટાવે રોકડેથી વેચ્યો તેના.

(6) ધર્માદામાં ₹ 1000 રોકડા તથા ₹ 1500નો માલ ધંધામાંથી આપ્યો તેના.

**16.** 1. ખરીદ ખાતે ઉ. ₹ 45,000, આવકપૂર્તિ કેન્દ્રીય વસેક ખાતે ઉ. ₹ 2700, આવકપૂર્તિ રાજ્ય વસેક ખાતે ઉ. ₹ 2700, તે બૅન્ક ખાતે ₹ 50,400

4. ખરીદ ખાતે ઉ. ₹ 40,000, આવકપૂર્તિ સંકલિત વસેક ખાતે ઉ. ₹ 4800, તે વિષ્ણુભાઈ ખાતે ₹ 44,800

7. હિમાંશુભાઈ ખાતે ઉ. ₹ 60,480, તે વેચાણખાતે ₹ 54,000, તે જાવકપૂર્તિ કેન્દ્રીય વસેક ખાતે ₹ 3240, તે જાવકપૂર્તિ રાજ્ય વસેક ખાતે ₹ 3240

11. બૅન્ક ખાતે ઉ. ₹ 50,400, તે વેચાણખાતે ₹ 45,000, તે જાવકપૂર્તિ સંકલિત વસેક ખાતે ₹ 5400.

15. વિષ્ણુભાઈ ખાતે ઉ. ₹ 11,200, તે ખરીદપરત ખાતે ₹ 10,000, તે આવકપૂર્તિ સંકલિત વસેક ખાતે ₹ 1200.

18. વેચાણપરત ખાતે ઉ. ₹ 18,000, જાવકપૂર્તિ કેન્દ્રીય વસેક ખાતે ઉ. ₹ 1080, જાવકપૂર્તિ રાજ્ય વસેક ખાતે ₹ 1080, તે હિમાંશુભાઈ ખાતે ₹ 20,160.

25. ફર્નિચર ખાતે ઉ. ₹ 20,000, આવકપૂર્તિ કેન્દ્રીય વસેક ખાતે ઉ. ₹ 1200, આવકપૂર્તિ રાજ્ય વસેક ખાતે ઉ. ₹ 1200, તે સહજાનંદ ફર્નિચર માર્ટ ખાતે ₹ 22,400.

28. દુકાનભાડા ખાતે ઉ. ₹ 8000, આવકપૂર્તિ કેન્દ્રીય વસેક ખાતે ઉ. ₹ 200, આવકપૂર્તિ રાજ્ય વસેક ખાતે ઉ. ₹ 200, તે રોકડ ખાતે ₹ 8400.

**17.** 1. ખરીદ ખાતે ઉ. ₹ 36,000, આવકપૂર્તિ કેન્દ્રીય વસેક ખાતે ઉ. ₹ 3240, આવકપૂર્તિ રાજ્ય વસેક ખાતે ₹ 3240, તે સાવન ખાતે ₹ 42,480.

3. ખરીદ ખાતે ઉ. ₹ 27,000, આવકપૂર્તિ સંકલિત વસેક ખાતે ઉ. ₹ 4860, તે બૅન્ક ખાતે ₹ 31,860.

5. અંશ ખાતે ઉ. ₹ 26,550, બૅન્ક ખાતે ઉ. ₹ 26,550, તે વેચાણ ખાતે ₹ 45,000, તે જાવકપૂર્તિ કેન્દ્રીય વસેક ખાતે ₹ 4050, તે જાવકપૂર્તિ રાજ્ય વસેક ખાતે ₹ 4050.

8. નીલ મહેતા ખાતે ઉ. ₹ 21,240, તે વેચાણખાતે ₹ 18,000, તે જાવકપૂર્તિ સંકલિત વસેક ખાતે ₹ 3240.

11. સાવન ખાતે ઉ. ₹ 10,620, તે ખરીદપરત ખાતે ₹ 9000, તે આવકપૂર્તિ કેન્દ્રીય વસેક ખાતે ₹ 810, તે આવકપૂર્તિ રાજ્ય વસેક ખાતે ₹ 810.

16. વેચાણપરત ખાતે ઉ. ₹ 3600, જાવકપૂર્તિ સંકલિત વસેક ખાતે ઉ. ₹ 648, તે નીલ મહેતા ખાતે ₹ 4248.

24. કમ્પ્યૂટર ખાતે ઉ. ₹ 40,000, આવકપૂર્તિ કેન્દ્રીય વસેક ખાતે ઉ. ₹ 3600, આવકપૂર્તિ રાજ્ય વસેક ખાતે ₹ 3600, તે બૅન્ક ખાતે ₹ 47,200.

30. ઑફિસ ભાડા ખાતે ઉ. ₹ 10,000, આવકપૂર્તિ કેન્દ્રીય વસેક ખાતે ઉ. ₹ 250, આવકપૂર્તિ રાજ્ય વસેક ખાતે ઉ. ₹ 250, તે બૅન્ક ખાતે ₹ 10,500.

31. બૅન્ક ખાતે ઉ ₹ 21,000, તે મળેલ ગોડાઉન ભાડા ખાતે ₹ 20,000, તે જાવકપૂર્તિ કેન્દ્રીય વસેક ખાતે ₹ 500, તે જાવકપૂર્તિ રાજ્ય વસેક ખાતે ₹ 500.

31. બૅન્ક ખાતે ઉ ₹ 26,250, તે મળેલ કમિશન ખાતે ₹ 25,000, તે જાવકપૂર્તિ સંકલિત વસેક ખાતે ₹ 1250.

## સ્વાધ્યાય 5

**1. દરેક પ્રશ્ન માટે યોગ્ય વિકલ્પ પસંદ કરો :**

(1) (બ) (2) (અ) (3) (બ) (4) (ક) (5) (ડ)

**2. દરેક વ્યવહારના અંતે A = C + L ની બાકીઓ :**

| વ્યવહારનો ક્રમ | A = | C + | L |
|---|---|---|---|
| (1) | 80,000 | 80,000 | – |
| (2) | 80,000 | 80,000 | – |
| (3) | 1,20,000 | 80,000 | 40,000 |
| (4) | 1,20,000 | 80,000 | 40,000 |
| (5) | 1,40,000 | 1,00,000 | 40,000 |
| (6) | 1,48,000 | 1,08,000 | 40,000 |
| (7) | 1,46,000 | 1,08,000 | 38,000 |
| (8) | 1,46,000 | 1,08,000 | 38,000 |
| (9) | 1,08,000 | 1,08,000 | – |
| (10) | 1,08,000 | 1,08,000 | – |
| (11) | 1,04,000 | 1,04,000 | – |
| (12) | 1,09,500 | 1,09,500 | – |
| (13) | 1,05,500 | 1,04,000 | 1500 |
| (14) | 1,03,500 | 1,02,000 | 1500 |
| (15) | 1,18,500 | 1,02,000 | 16,500 |
| (16) | 1,12,500 | 96,000 | 16,500 |
| (17) | 1,12,800 | 96,300 | 16,500 |
| (18) | 1,15,300 | 96,300 | 19,000 |
| (19) | 1,15,300 | 96,300 | 19,000 |

## સ્વાધ્યાય 6

**1. દરેક પ્રશ્ન માટે યોગ્ય વિકલ્પ પસંદ કરો :**

(1) (બ) (2) (બ) (3) (અ) (4) (અ) (5) (અ)

(6) (અ) (7) (ક) (8) (બ) (9) (બ)

**4.** કુલ ઉધાર ખરીદી ₹ 1,13,000, ₹ 1000 રેલવેનૂરનાં ખાસ આમનોંધમાં નોંધાશે.

**5.** ટીવી ₹ 5,47,500, ફ્રિજ ₹ 2,19,000, વૉશિંગ મશીન ₹ 1,39,500, કુલ ₹ 9,06,000

**6.** માલની ચોખ્ખી રકમ ₹ 1,03,500, કેન્દ્રીય વસેક ₹ 3120; રાજ્ય વસેક ₹ 3120, સંકલિત વસેક ₹ 7500, રેલવેનૂર ₹ 8000, મજૂરી ₹ 3000, કુલ ₹ 1,28,240

**7.** કુલ ઉધાર વેચાણ ₹ 70,000, ₹ 400 મજૂરીનાં વિધી સ્ટોર્સ ખાતે ઉધારી રોકડ ખાતે જમા થશે. (રોકડમેળમાં નોંધાશે.)

**8.** સુતરાઉ ₹ 30,600, ખાદી ₹ 23,680, રેશમ ₹ 42,480, કુલ ₹ 96,760 (જાવકપૂર્તિ કેન્દ્રીય વસેક ₹ 1710, જાવકપૂર્તિ રાજ્ય વસેક ₹ 1710 ખાસ આમનોંધમાં લખાશે.)

**9.** માલની ચોખ્ખી રકમ ₹ 1,19,750, રેલવેનૂર ₹ 5000, મજૂરી ₹ 500, કેન્દ્રીય વસેક ₹ 7740, રાજ્ય વસેક ₹ 7740, સંકલિત વસેક ₹ 7065, કુલ ₹ 1,47,795

**10.** કુલ ઉધાર ખરીદી ₹ 2,80,000, કુલ ઉધાર ખરીદપરત ₹ 31,500 (આવકપૂર્તિ કેન્દ્રીય વસેક ₹ 900, આવકપૂર્તિ રાજ્ય વસેક ₹ 900 અને મજૂરીના ₹ 400 ખાસ આમનોંધમાં લખાશે.)

**11.** કુલ ઉધાર વેચાણ ₹ 63,700, કુલ ઉધાર વેચાણપરત ₹ 5000 (જાવકપૂર્તિ કેન્દ્રીય વસેક ₹ 712.5 અને જાવકપૂર્તિ રાજ્ય વસેક ₹ 712.5 ખાસ આમનોંધમાં અને ₹ 300 મજૂરીના રોકડમેળમાં લખાશે.)

**12.** કુલ ઉધાર ખરીદી ₹ 1,29,000, કુલ ઉધાર વેચાણ ₹ 1,38,450, ₹ 500 મજૂરીના રોકડમેળમાં નોંધાશે. કુલ ઉધાર ખરીદપરત ₹ 59,800, કુલ ઉધાર વેચાણપરત ₹ 65,100; ₹ 250 ખાસ આમનોંધમાં વેચાણ મજૂરી ખાતે ઉધારી કરણ ખાતે જમા થશે.

**13.**

| વિગત | ખરીદનોંધ | વેચાણનોંધ | ખરીદપરત નોંધ | વેચાણપરત નોંધ |
|---|---|---|---|---|
| માલની ચોખ્ખી રકમ | 48,000 | 79,500 | 15,000 | 24,750 |
| રેલવેનૂર | 2200 | 2700 | 600 | 1050 |
| મજૂરી | 400 | 1150 | 200 | 450 |
| કેન્દ્રીય વસેક | 1140 | 2751 | – | 450 |
| રાજ્ય વસેક | 1140 | 2751 | – | 450 |
| સંકલિત વસેક | 3792 | 4500 | 1896 | 2250 |
| **કુલ રકમ** | **56,672** | **93,352** | **17,696** | **29,400** |

**14.** કુલ ઉધાર ખરીદી ₹ 1,40,580; કુલ ઉધાર વેચાણ ₹ 1,15,648; કુલ ઉધાર ખરીદપરત ₹ 19,800; કુલ ઉધાર વેચાણપરત ₹ 42,498

## સ્વાધ્યાય 7

**1.** **દરેક પ્રશ્ન માટે યોગ્ય વિકલ્પ પસંદ કરો :**

(1) (ક) (2) (બ) (3) (અ) (4) (ડ) (5) (બ) (6) (ડ)

**3.** રોકડસિલક ₹ 2900

**4.** રોકડસિલક ₹ 7650, આપેલ વટાવ ₹ 625, મળેલ વટાવ ₹ 250

**5.** રોકડસિલક ₹ 2200, બૅન્કસિલક ₹ 6500

**6.** રોકડસિલક ₹ 4700, બૅન્કસિલક ₹ 3400

**7.** બૅન્ક ઓવરડ્રાફ્ટ ₹ 14,550, આપેલ વટાવ ₹ 110, મળેલ વટાવ ₹ 15

**8.** રોકડસિલક ₹ 5000, બૅન્કસિલક ₹ 5050, આપેલ વટાવ ₹ 840, મળેલ વટાવ ₹ 50

**9.** બૅન્કસિલક SBI ₹ 1200, BOB ₹ 15,600

**10.** પેટા રોકડમેળની આખરની બાકી ₹ 2150

**11.** અનામત પદ્ધતિએ પેટા રોકડમેળ : કુલ ખર્ચ ₹ 2400, આખર બાકી ₹ 2600

**13.** રોકડસિલક ₹ 5500, બૅન્કસિલક ₹ 325, આપેલ વટાવ ₹ 250, મળેલ વટાવ ₹ 180

**14.** રોકડસિલક ₹ 17,800, બૅન્કસિલક ₹ 15,392, આપેલ વટાવ ₹ 1000

**15.** રોકડસિલક ₹ 1000, બૅન્કસિલક ₹ 8287, આપેલ વટાવ ₹ 100, મળેલ વટાવ ₹ 90

**16.** રોકડસિલક ₹ 51,700, બૅન્કસિલક ₹ 6,48,955

## સ્વાધ્યાય 8

**1. દરેક પ્રશ્ન માટે યોગ્ય વિકલ્પ પસંદ કરો :**

(1) (બ) (2) (ક)

(3) (બ) (4) (અ)

**4.** ફર્નિચર ખાતે ઉધાર ₹ 15,000, માલસ્ટૉક ખાતે ઉધાર ₹ 20,000, દેવાદારો ખાતે ઉધાર ₹ 5000 રકમ ઉધાર કરી, 12 ટકાની માયાબહેનની લોન ખાતે ₹ 10,000, મૂડી ખાતે ₹ 30,000 જમા કરો.

**5. વ્યવહારો :**

(1) લેણીહૂંડી ખાતે ઉધાર ₹ 8000, તે રમણિક ખાતે ₹ 8000

(2) વિજય ખાતે ઉધાર ₹ 3000, તે દેવીહૂંડી ખાતે ₹ 3000

(3) રમેશ ખાતે ઉધાર ₹ 8000, તે લેણીહૂંડી ખાતે ₹ 8000

(4) વેચાણપરત ખાતે ઉધાર ₹ 3000, તે પરેશ ખાતે ₹ 3000

(5) મહેન્દ્ર ખાતે ઉધાર ₹ 1500, તે ખરીદમાલપરત ખાતે ₹ 1500

**6. વ્યવહારો :**

(1) ધર્માદા ખર્ચ ખાતે ઉધાર ₹ 5000, તે ખરીદ ખાતે ₹ 5000

(2) જાહેરાત ખર્ચ ખાતે ઉધાર ₹ 4000, તે ખરીદ ખાતે ₹ 4000

(3) ઉપાડ ખાતે ઉધાર ₹ 8000, તે ખરીદ ખાતે ₹ 8000

(4) ફર્નિચર ખાતે ઉધાર ₹ 2800, તે ખરીદ ખાતે ₹ 2800

(5) વીમાકંપની ખાતે ઉધાર ₹ 5500, અકસ્માતથી થયેલ નુકસાન ખાતે ઉધાર ₹ 1500, તે ખરીદ ખાતે ₹ 7000

(6) ઘાલખાધ ખાતે ઉધાર ₹ 2000, તે નિરાલી ખાતે ₹ 2000

(7) ઘસારા ખાતે ઉધાર ₹ 800, તે યંત્ર ખાતે ₹ 800

(8) પગાર ખાતે ઉધાર ₹ 7800, તે ચૂકવવાના બાકી પગાર ખાતે ₹ 7800

**7.** માર્ચ 1 ફર્નિચર ખાતે ઉધાર ₹ 7000, માલસ્ટૉક ખાતે ઉધાર ₹ 15,000, યંત્રો ખાતે ઉધાર ₹ 20,000 તે મૂડી ખાતે ₹ 42,000

2 સ્ટેશનરી ખર્ચ ખાતે ઉધાર ₹ 2000, સેલ્યુલર ફોન ખાતે ઉધાર ₹ 25,000, તે કમલેશટ્રેડર્સ ખાતે ₹ 27,000.

3 ઉપાડ ખાતે ઉધાર ₹ 3000, તે ખરીદ ખાતે ₹ 3000

4 લેણીહૂંડી ખાતે ઉધાર ₹ 8000, તે નમ્રતા ખાતે ₹ 8000

5 યેશા ખાતે ઉધાર ₹ 8050, તે લેણીહૂંડી ખાતે 8000, તે વટાવ ખાતે ₹ 50

6 ભારત ખાતે ઉધાર ₹ 6000, તે દેવીહૂંડી ખાતે ₹ 6000

7 વીમાકંપની ખાતે ઉધાર ₹ 6000, ચોરીથી થયેલ નુકસાન ખાતે ઉધાર ₹ 2000, તે ખરીદ ખાતે ₹ 8000

8 નલિન ખાતે ઉધાર ₹ 8200, તે નિરવ ખાતે ₹ 8000 તે કસર ખાતે ₹ 200

9 રોકડ વ્યવહાર હોવાથી આ વ્યવહાર રોકડમેળમાં નોંધાશે.

10 વ્યાજ ખાતે ઉધાર ₹ 300, તે ચૂકવવાના બાકી વ્યાજ ખાતે ₹ 300

**8. વ્યવહારો :**

(1) ભૂમિકા ખાતે ઉધાર ₹ 700, તે રેણુકા ખાતે ₹ 700

(2) ઉપદેશ ખાતે ઉધાર ₹ 1000, તે ઘાલખાધપરત ખાતે ₹ 1000

(3) શર્મા ખાતે ઉધાર ₹ 800, તે વર્મા ખાતે ₹ 800

(4) વીમા પ્રીમિયમ ખાતે ઉધાર ₹ 1200, તે ઉપાડ ખાતે ₹ 1200

(5) ફર્નિચર વેચાણના નુકસાન ખાતે ઉધાર ₹ 200, તે ફર્નિચર ખાતે ₹ 200

**9. વ્યવહારો :**

(1) નફા-નુકસાન ખાતે ઉધાર ₹ 1000, તે વ્યાજ ખર્ચ ખાતે ₹ 1000

(2) વેપાર ખાતે ઉધાર ₹ 3000, તે વેચાણપરત ખાતે ₹ 3000

(3) ખરીદપરત ખાતે ઉધાર ₹ 2000, તે વેપાર ખાતે ₹ 2000

(4) મળેલ વ્યાજ ખાતે ઉધાર ₹ 800, તે નફા-નુકસાન ખાતે ₹ 800

(5) નફા-નુકસાન ખાતે ઉધાર ₹ 1500, તે જાહેરાત ખર્ચ ખાતે ₹ 1500

(6) નફા-નુકસાન ખાતે ઉધાર ₹ 4000, તે પગાર ખાતે ₹ 4000

(7) ડિવિડન્ડ ખાતે ઉધાર ₹ 700, તે નફા-નુકસાન ખાતે ₹ 700

(8) વેપાર ખાતે ઉધાર ₹ 5000, તે ખરીદ ખાતે ₹ 5000

(9) વેચાણ ખાતે ઉધાર ₹ 10,000, તે વેપાર ખાતે ₹ 10,000

## સ્વાધ્યાય 9

**1. દરેક પ્રશ્ન માટે યોગ્ય વિકલ્પ પસંદ કરો :**

(1) (ક) (2) (અ) (3) (ડ) (4) (બ) (5) (બ) (6) (ડ) (7) (અ)

**4. ઉધાર બાકી :** ખરીદ ખાતું, વેચાણ માલ પરત ખાતું, દેવાદારનું ખાતું, પગારનું ખાતું, મકાનનું ખાતું, ઉપાડનું ખાતું, ઘાલખાધનું ખાતું, ચોરીથી થયેલ નુકસાનનું ખાતું, જાહેરાત ખર્ચનું ખાતું, પ્રોવિડન્ટ ફંડનાં ફાળાનું ખાતું

**જમા બાકી :** વેચાણ ખાતું, મૂડી ખાતું, મળેલ ભાડાનું ખાતું, આગથી બળી ગયેલ માલનું ખાતું (ખરીદ ખાતે જમા)

**11.** ખરીદનોંધ મુજબ કુલ માલની ચોખ્ખી રકમ ₹ 1,61,000, રેલવેનૂરના ₹ 6200, મજૂરીના ₹ 600, આવકપૂર્તિ કેન્દ્રીય વસેક ₹ 5040, આવકપૂર્તિ રાજ્ય વસેક ₹ 5040, આવકપૂર્તિ સંકલિત વસેક ₹ 10,056 અને કુલ રકમ ₹ 1,87,936 થશે.

વેચાણનોંધ મુજબ કુલ માલની ચોખ્ખી રકમ ₹ 1,09,800, રેલવેનૂરના ₹ 1100, મજૂરીના ₹ 600, જાવકપૂર્તિ કેન્દ્રીય વસેક ₹ 3936, જાવકપૂર્તિ રાજ્ય વસેક ₹ 3936, જાવકપૂર્તિ સંકલિત વસેક ₹ 5508 અને કુલ રકમ ₹ 1,24,880 થશે.

ખરીદમાલ પરતનોંધ મુજબ કુલ રકમોમાં માલની ચોખ્ખી રકમ ₹ 20,000, રેલવેનૂરના ₹ 1000, મજૂરીના ₹ 200 આવકપૂર્તિ સંકલિત વસેક ₹ 2544 અને કુલ રકમ ₹ 23,744 થશે.

વેચાણમાલ પરતનોંધ મુજબ કુલ રકમોમાં માલની ચોખ્ખી રકમ ₹ 32,400, રેલવેનૂરના ₹ 200, મજૂરીના ₹ 150, જાવકપૂર્તિ કેન્દ્રીય વસેક ₹ 1965, જાવકપૂર્તિ રાજ્ય વસેક ₹ 1965 અને કુલ રકમ ₹ 36,680 થશે.

**14.** **ઉધાર બાકી :** રોકડ ખાતું ₹ 30,800, બૅન્ક ખાતું ₹ 24,500, ફર્નિચર ખાતું ₹ 25,000, ખરીદ ખાતું ₹ 11,280, જાહેરાત ખર્ચનું ખાતું ₹ 4000, આપેલ વટાવનું ખાતું ₹ 50, ઉપાડનું ખાતું ₹ 8200, પરચૂરણ ખર્ચ ખાતું ₹ 3000

**જમા બાકી :** મૂડી ખાતું ₹ 1,00,000, વેચાણ ખાતું ₹ 6750, મળેલ વટાવ ખાતું ₹ 80

**15.** **ઉધાર બાકી :** રોકડ ખાતું ₹ 12,950, સ્ટૉક ખાતું ₹ 15,000, બૅન્ક ખાતું ₹ 47,900, પગારનું ખાતું ₹ 4500, લારી ભાડા ખાતું ₹ 450, ખરીદ ખાતું ₹ 35,100, વીમા-પ્રીમિયમનું ખાતું ₹ 2000, જાહેરાત ખર્ચનું ખાતું ₹ 3500, ઉપાડનું ખાતું ₹ 4000

**જમા બાકી :** મૂડી ખાતું ₹ 90,000, ચકનનું ખાતું ₹ 12,000, વેચાણનું ખાતું ₹ 23,400

**16.** **ઉધાર બાકી :** રોકડ ખાતું ₹ 30,480, બૅન્ક ખાતું ₹ 42,100, ખરીદ ખાતું ₹ 8700, દુકાન ભાડા ખાતું ₹ 1500, પગાર ખાતું ₹ 2500, વીજળી ખર્ચ ખાતું ₹ 1870, ટેલિફોન ખર્ચ ખાતું ₹ 530, ઉપાડ ખાતું ₹ 1800, આપેલ વટાવ ખાતું ₹ 620

**જમા બાકી :** વેચાણ ખાતું ₹ 39,100, કમિશન ખાતું ₹ 1600, મળેલ વટાવનું ખાતું ₹ 400

## સ્વાધ્યાય 10

**1.** **દરેક પ્રશ્ન માટે યોગ્ય વિકલ્પ પસંદ કરો :**

(1) (ક) (2) (અ) (3) (અ) (4) (ડ) (5) (ક)

**4.** ₹ 69,200 **5.** ₹ 48,010 **6.** ₹ 1,79,600, ઉપલક ખાતે ₹ 7000 (જમા) આ દાખલામાં કાચા સરવૈયામાં આખર સ્ટૉક લખાય નહિ.

**7.** ₹ 1,92,600

## સ્વાધ્યાય 11

**1.** **દરેક પ્રશ્ન માટે યોગ્ય વિકલ્પ પસંદ કરો :**

(1) (બ) (2) (ક) (3) (અ) (4) (ક) (5) (ડ)

(6) (ક) (7) (અ) (8) (બ) (9) (બ) (10) (અ)

**3.** (4) પાસબુક મુજબ જમા બાકી (બૅન્કસિલક) ₹ 4000

(5) રોકડમેળ મુજબ જમા બાકી (બૅન્ક ઓવરડ્રાફ્ટ) ₹ 10,150

(6) રોકડમેળ મુજબ બૅન્ક ઓવરડ્રાફ્ટ ₹ 1000થી બૅન્ક સિલકમેળની શરૂઆત થશે.

**4.** પાસબુક મુજબ ઉધાર બાકી (બૅન્ક ઓવરડ્રાફ્ટ) ₹ 4020

**5.** પાસબુક મુજબ બૅન્ક ઓવરડ્રાફ્ટ ₹ 11,460

**6.** રોકડમેળ મુજબ બૅન્કસિલક ₹ 33,720

**7.** પાસબુક મુજબ બૅન્ક ઓવરડ્રાફ્ટ ₹ 4830

**8.** પાસબુક મુજબ બૅન્કસિલક ₹ 7810

**9.** રોકડમેળ મુજબ બૅન્ક ઓવરડ્રાફ્ટ ₹ 41,610

**12.** પાસબુક મુજબ બૅન્કસિલક ₹ 60,700, સુધારેલ રોકડમેળ મુજબ બૅન્કસિલક ₹ 44,700

**13.** પાસબુક મુજબ બૅન્કસિલક ₹ 3600

**14.** પાસબુક મુજબ બૅન્ક ઓવરડ્રાફ્ટ ₹ 15,500

◆ ◆ ◆